# અમદાવાદ એકસપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

માર્ચમાં લગ્ન ગ્રંથીમાં જોડાઇ શકે છે પુલકિત અને ક્રિતી ખરબંદા



પેજ-09

T-20 વર્લ્ડ કપમાં ભારતની કેપ્ટનશિપ કરશે રોહિત શર્મા




| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 33.00 | 21.00 |
| વડોદરા | 34.00 | 21.00 |
| સુરત | 36.00 | 23.00 |




પેજ 5 — સોનું તૂટી રૂ.64,000ની અંદર ચાંદીમાં રૂપિયા 2,000નો કડાકો


16 FEBRUARY-2024 FRIDAY




પેજ 10 — પુતિન જો યુક્રેન સામેના યુદ્ધમાંથી પીછેહઠ કરે તો તેમની હત્યા...


| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 72050.38 ▲ | 227.55 |
| નિફ્ટી | 21910.80 ▲ | 070.80 |
| સોનું | 61486.00 ▲ | 043.00 |
| ચાંદી | 70873.00 ▲ | 721.00 |


વર્ષ-13 । અંક-092 । વિક્રમ સંવત-2080 । મહા સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



### પંજાબમાં રેલ રોકો આંદોલનને પગલે

# ખેડૂતોનું રેલવે ટ્રેક અને ટોલ પ્લાઝા પર હલ્લાબોલ

નવી દિલ્હી | તા. 15

ખેડૂત આંદોલનના આજે ત્રીજા દિવસે પણ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર હજુ પણ વણસેલી સ્થિતિ જોવા મળી રહી છે, ખેડૂત સંગઠોનેએ પંજાબમાં 'રેલ રોકો' આંદોલનની જાહેરાત કર્યા બાદ ઘણા ટ્રેનોના રૂટો બદલવાની નોબત આવી. આંદોલનેન પગલે ખેડૂતોએ પંજાબના ઘણા રેલવે માર્ગો પર અવરોધ ઉભો કર્યો છે. ખેડૂતોએ આજે ચાર કલાક સુધી રેલવે ટ્રેક બેસી રહ્યા હતા, જેના કારણે રેલવે વ્યવહાર પર અસર થઈ છે, બીજીતરફ ખેડૂતોએ ટોલ પ્લાઝા પર પણ હલ્લાબોલ કરી અધિકારીઓને ટોલ ચાર્જ ન લેવા માટે મજબૂર કર્યા છે. ભારતીય કિસાન યુનિયન અને બીકેયુ ડકુંડા દ્વારા પંજાબમાં ઘણા સ્થળોએ ચાર કલાક સુધી 'રેલ રોકો' વિરોધ પ્રદર્શનનું આહવાન કરાયું હતું.

### ખેડૂતો પર પોલીસ કાર્યવાહીના વિરોધમાં આંદોલન



### આંદોલનના ત્રીજા દિવસે પણ ખેડૂતો-પોલીસ વચ્ચે ઘર્ષણ યથાવત્

ઉલ્લેખનિય છે કે, ખેડૂત સંગઠનોએ લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માટે કાયદો બનાવવાની અને ખેડૂતો અને મજૂરો માટે સંપૂર્ણ લોન માફી યોજના લાગુ કરવાની માંગ પુરી કરવા કેન્દ્ર સરકાર પર દબાણ બનાવવા 13 ફેબ્રુઆરીથી 'દિલ્હી ચલો' આંદોલન શરૂ કરી દીધું છે. આંદોલનના પ્રથમ દિવસથી પોલીસ અને ખેડૂતો વર્ષે ઘર્ષણ જતા મામલો વધુ ઉગ્ર બની ગયો છે. વિરોધની સૌથી વધુ અસર હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર જોવા મળી રહી છે, જ્યાં છેલ્લા ત્રણ દિવસથી પોલીસ અને ખેડૂતો સામસામે આવી ગયા છે. પોલીસે ડ્રોનથી ટીયર ગેસના સેલ છોડવા સહિતની કાર્યવાહી કરતા ખેડૂતો વધુ વિફર્યા છે અને પંજાબમાં રેલ રોકો આંદોલનને અંજામ આપી રહ્યા છે.

### સ્કીમ ગેરબંધારણીય, સૂચનાના અધિકારનું ઉલ્લંઘન : SC

# ઈલેક્ટરોલ બોન્ડ પર સુપ્રીમની રોક

નવી દિલ્હી | તા. 15

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ મામલે મોટો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી બોન્ડ દ્વારા ડોનેશન લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે કહ્યું કે બોન્ડની ગુપ્તતા જાળવી રાખવી એ ગેરબંધારણીય છે. આ સ્કીમ માહિતીના અધિકારનું ઉલ્લંઘન છે. 6 માર્ચ સુધીમાં પાર્ટીઓ હિસાબ આપે.

5 જજોની બેન્ચે સર્વસંમતિથી ચુકાદો સંભળાવ્યો હતો. ચીફ જસ્ટિસે કહ્યું, 'પોલિટિકલ પ્રક્રિયામાં રાજકીય દળો મહત્ત્વપૂર્ણ એકમ છે. રાજકીય ભંડોળની માહિતી, તે એવી પ્રક્રિયા છે જેના દ્વારા મતદારને પોતાનો મત આપવા માટે યોગ્ય પસંદગી મળે છે. મતદારોને ચૂંટણી ભંડોળ વિશે જાણવાનો અધિકાર છે, જેનાથી મતદાન માટે યોગ્ય પસંદગી કરવામાં આવે છે. ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમની માન્યતાને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટ ગુરુવારે (15 ફેબ્રુઆરી) પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. CJI DY ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે ત્રણ દિવસની સુનાવણી બાદ 2 નવેમ્બર, 2023ના રોજ આ કેસમાં પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. સુનાવણીમાં, કોર્ટે પક્ષકારોને મળેલા ફંડિંગના ડેટાને જાળવી ન રાખવા બદલ ચૂંટણીપંચ સામે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે પંચને 30 સપ્ટેમ્બર સુધીમાં રાજકીય પક્ષોને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા કેટલી રકમ મળી છે તેની માહિતી વહેલી તકે આપવા જણાવ્યું હતું. CJI DY ચંદ્રચુડે સરકારને પૂછ્યું હતું કે ચૂંટણી બોન્ડની શું જરૂર છે. સરકારને તો ખબર જ છે કે તેમને કોણ દાન આપી રહ્યું છે. ઈલેક્ટોરલ બોન્ડ મળતાંની સાથે જ પાર્ટીને ખબર પડે છે કે કોણે કેટલું દાન આપ્યું છે. આ અંગે સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે સરકાર એ જાણવા નથી માંગતી કે કોણે કેટલા રૂપિયા દાનમાં આપ્યા. દાતા પોતે પોતાની ઓળખ છુપાવવા માંગે છે. તે ઈચ્છતા નથી કે અન્ય કોઈ પક્ષને તેની જાણ થાય. જો હું કોંગ્રેસને દાન આપી રહ્યો છું, તો હું ઈચ્છતો નથી કે ભાજપને તેની ખબર પડે.



### સુપ્રીમ કોર્ટે SBIને કહ્યું- બોન્ડ ઈશ્યુ કરવાનું બંધ કરી દો

સુપ્રીમ કોર્ટે બેંકોને ઈલેક્ટોરલ બોન્ડ ઈસ્યુ કરવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે પણ કહ્યું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) 12 એપ્રિલ, 2019 થી અત્યાર સુધી ખરીદવામાં આવેલ ચૂંટણી બોન્ડ વિશે માહિતી ચૂંટણીપંચને જણાવે. આ માહિતી વેબસાઈટ પર પણ જાહેર કરો.

### SBIએ ત્રણ અઠવાડિયામાં માહિતી આપવી પડશે

ચુકાદો આપતી વખતે CJIએ કહ્યું કે રાજકીય પક્ષોના ફંડિંગની માહિતી જાહેર ન કરવી એ હેતુની વિરુદ્ધનું છે. SBIએ 12મી એપ્રિલ 2019થી અત્યાર સુધીની માહિતી જાહેર કરવી પડશે. SBIએ માહિતી ચૂંટણીપંચને આપવાની રહેશે. EC આ માહિતી શેર કરશે. SBIએ 3 અઠવાડિયામાં માહિતી આપવી પડશે.

### ચુકાદાના 5 મોટા મુદ્દા...

1. SBI એ રાજકીય પક્ષોની વિગતોની માહિતી જાહેર કરવી જોઈએ જેમણે 2019થી ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવ્યું છે.
2. SBI એ રાજકીય પક્ષ દ્વારા રોકડ મેળવવામાં આવેલ દરેક ઈલેક્ટોરલ બોન્ડની વિગતો આપવી જોઈએ, રોકડ કરાવ્યાની તારીખની વિગતો પણ આપવી જોઈએ.
3. SBIએ 6 માર્ચ 2024 સુધીમાં ચૂંટણીપંચને તમામ માહિતી આપે અને ચૂંટણીપંચે તેને 13 માર્ચ સુધીમાં તેની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરે.
4. કાળાં નાણાંને ડામવા માટે રાજકીય દાનની ગુપ્તતા પાછળનો તર્ક યોગ્ય નથી. આ માહિતી અધિકારનું ઉલ્લંઘન છે.
5. કંપની એક્ટમાં સુધારો એ એક મનસ્વી અને ગેરબંધારણીય પગલું છે. આનાથી રાજકીય પક્ષોને કંપનીઓ દ્વારા અમર્યાદિત ભંડોળ મેળવવાનો માર્ગ ખૂલ્યો.

**અરજદારો વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા**

## Quick Read

### ત્રિપુરાની કોલેજમાં દેવી સરસ્વતીની પ્રતિમા મુદ્દે વિવાદ: સાડી વગરની મૂર્તિ લગાવી

અગરતલા | ત્રિપુરાના અગરતલામાં બુધવારે (14 ફેબ્રુઆરી) વસંત પંચમીના દિવસે સાડી વિનાની દેવી સરસ્વતીની પ્રતિમાને લઈને ભારે વિવાદ થયો હતો. મામલો ત્રિપુરા સરકારી કોલેજ ઓફ આર્ટ એન્ડ ક્રાફ્ટનો છે. હકીકતમાં, વિદ્યાર્થીઓએ દેવી સરસ્વતીની મૂર્તિ બનાવી હતી, જેમાં તેમણે સાડી પહેરાવી ન હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) એ પ્રતિમાને અશ્લીલ ગણાવી વિરોધ કર્યો હતો. ABVPએ દાવો કર્યો હતો કે દેવીની આવી પ્રતિમા ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક લાગણીઓ વિરુદ્ધ છે.

### 22 અને 24-25 ફેબ્રુઆરીએ PM મોદી ગુજરાતના પ્રવાસે, નવસારી-દ્વારકામાં જનસભા સંબોધશે

નવી દિલ્હી | પીએમ નરેન્દ્ર મોદી ફરી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. 22 ફેબ્રુઆરીએ વાળીનાથ-તરભ શિવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ 24 અને 25 ફેબ્રુઆીના રોજ ફરી માતૃભૂમિ ગુજરાતની મુલાકાતે આવશે. 24 અને 25 ફેબ્રુઆરીના રોજ તેઓ દ્વારકા અને રાજકોટમાં વિકાસકાર્યોના લોકાર્પણ કરશે. પીએમ મોદી 22 ફેબ્રુઆરીએ વાળીનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા માટે જશે અને ત્યાંથી દક્ષિણ ગુજરાતના કેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવા નવસારી જશે.

### સંભાજીનગર ISIS મોડ્યુલ કેસમાં NIAના દરોડા, એક આરોપીની ધરપકડ કરાઇ

નવી દિલ્હી | NIAએ છત્રપતિ સંભાજીનગર ISIS મોડ્યુલ કેસના સંબંધમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા, ત્યારબાદ NIAએ આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. નોંધનીય છે કે આરોપી ISIS મોડ્યુલ દ્વારા ઘણી મોટી સંસ્થાઓને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યો હતો. NIAની ટીમોએ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં નવ સ્થળોએ અનેક શકમંદોના ઘરો પર દરોડા પાડ્યા. આ સમયગાળા દરમિયાન NIAની ટીમે ઘણા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

### ભારતીય સબમરીન માટે 500 કિમી ક્ષમતાની ક્રુઝ મિસાઈલનું પરિક્ષણ, દુશ્મનો થરથર ધ્રૂજશે

નવી દિલ્હી| આવતા મહિને ભારત સબમરીનથી 500 કિલોમીટરની રેન્જમાં દુશ્મનોનો ખાતમો કરવામાં સક્ષમ ક્રુઝ મિસાઈલનું પરીક્ષણ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ પરીક્ષણ પૂર્વ કિનારેથી લેવામાં આવશે. ઉપરાંત, સંરક્ષણ મંત્રાલય આ અઠવાડિયે નિર્ધારિત બેઠકમાં 800 કિમી જમીનથી પ્રહાર કરનારી ક્રૂઝ મિસાઈલની ખરીદી પર વિચાર કરી શકે છે. સરક્ષણ અધિકારીઓએ જણાવ્યું કે, સબમરીનથી લોન્ચ કરાયેલી ક્રૂઝ મિસાઈલને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસાવવામાં આવી છે.

### NCP ધારાસભ્યો ગેરલાયક ઠેરવવાના કેસમાં નિર્ણય સંભળાવ્યો

# શરદ પવાર જુથને ફટકો | અજિત પવાર જુથ જ અસલી NCP: મહારાષ્ટ્ર સ્પીકર

નવી દિલ્હી | તા. 15

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના ચૂંટણી ચિન્હ અને પાર્ટીના નામની લડાઈ ચાલી રહી હતી. જેને લઈને આજે મહારાષ્ટ્રના સ્પીકરે શરદ પવાર જૂથને આંચકો આપ્યો છે. સ્પીકર રાહુલ નાર્વેકરે ચુકાદો આપ્યો છે કે, અજિત પવાર જુથ જ અસલી અને વાસ્તવિક NCP છે.

મહારાષ્ટ્રના સ્પીકર રાહુલ નાર્વેકરે ચુકાદો આપતાં કહ્યું છે કે, અજિત પવાર જૂથ વાસ્તવિક NCP છે. NCP ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસમાં સ્પીકર રાહુલ નાર્વેકરે પોતાનો નિર્ણય સંભળાવ્યો છે. શરદ પવાર જૂથને ફટકો આપતા તેમણે કહ્યું કે અજિત પવાર જૂથ જ અસલી એનસીપી છે. તેમણે કહ્યું કે, નિર્વિવાદપણે અજિત પવાર પાસે 41 ધારાસભ્યોની બહુમતી છે. સ્પીકરે પોતાનો નિર્ણય આપતી વખતે આ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. NCP ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના મામલામાં મહારાષ્ટ્રના સ્પીકર રાહુલ નાર્વેકરે ગુરુવારે ચુકાદો આપ્યો હતો. ગુરુવારે સાંજે તેમના નિર્ણયમાં, તેમણે તમામ ધારાસભ્યોને લાયક જાહેર કર્યા અને ગેરલાયકાતના કેસમાં તમામ અરજીઓ રદ કરી. તેમણે અજીતના જૂથને વાસ્તવિક એનસીપી તરીકે પણ જાહેર કર્યું. સ્પીકરે કહ્યું કે અજિત પવારને 41 ધારાસભ્યોનું સમર્થન છે.





### શરદ પવાર જૂથની દલીલ

શરદ પવાર જૂથની દલીલ કે વિધાનસભ્ય બહુમતીના આધારે આ બાબતનો નિર્ણય ન લઈ શકાય. અજિત પવાર પાસે 41 ધારાસભ્યોની બહુમતી છે. આ નિર્વિવાદ છે. હું માનું છું કે વાસ્તવિક રાજકીય પક્ષની વ્યાખ્યા બહુમતી ધારાસભ્ય પક્ષ દ્વારા કરી શકાય છે. અજિત પવાર પાસે ધારાસભ્ય બહુમતી છે હું માનું છું કે અજિત પવાર જ વાસ્તવિક રાજકીય પક્ષ છે.

### ચીનનું વધશે ટેન્શન

# UAEએ ભારતને અબુધાબીના મંદિર સાથે આપી મોટી ભેટ



અબુધાબી | તા. 15

ભારતને મધ્ય પૂર્વથી યૂરોપ સાથે જોડતા ઈકોનૉમિક કૉરિડોર કામ ચાલુ રાખવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત સાથે એક સમજૂતી કરાર કર્યો છે. બુધવારે UAEની રાજધાની અબુધાબીમાં હિન્દુ મંદિરનું ઉદઘાટન કર્યા બાદ યુએઈ દ્વારા ભારતને આ બીજી મોટી ભેટ મળતા ચીન (Cina)ની ચિંતા વધી શકે છે.

ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ જણાવ્યું કે, 'વડાપ્રધાન મોદીએ મંગળવારે અબુધાબીમાં યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરી હતી.

**IMEC કૉરિડોરથી ચીનનું વધશે ટેન્શન :** IMEC કૉરિડોર એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. આ કૉરિડોર ભારત, સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા, જૉર્ડન, ઈઝરાયેલ થઈ યુરોપ સુધી જશે. પ્રોજેક્ટ હેઠળ ભારતને મધ્ય-પૂર્વ થઈ યુરોપ સુધી જોડવા સમુદ્રી લેન અને રેલ નેટવર્ક બિછાવવામાં આવશે. પ્રોજેક્ટનો મુખ્ય હેતુ વેપારમાં વધારો કરવાનો અને નૂર ખર્ચ તેમજ સમયમાં ઘટાડો કરવાનો છે.

### પ. બંગાળમાં તૃણમૂલના સાંસદ મિમી ચક્રવર્તીનું રાજીનામું આપી દીધું



કોલકાતા | તા. 15

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલના સાંસદ મિમી ચક્રવર્તીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધુ છે. તૃણમૂલના વડા મમતા બેનરજીને રાજીનામું સોંપ્યા બાદ મિમીએ જણાવ્યું હતું કે, 'રાજનીતિ મારા માટે નથી, અહીં જો તમે કોઈની મદદ કરી રહ્યા છો તો તમારે તેનો પ્રચાર કરવો પડશે. રાજકારણની સાથે સાથે હું એક અભિનેત્રી તરીકે પણ કામ કરું છું, મારી જવાબદારીઓ બંને બાજુએ સમાન છે. જો કોઈ રાજકારણમાં આવે તો તમે કામ કરો કે ન કરો તમને ખરું ખોટું સંભળવવામા આવે છે.'

### ગરીબ અને વંચિતોના અધિકારોનું રક્ષણ કરવા માટે સરકાર કટિબદ્ધ: સીએમ યોગી

નવી દિલ્હી | તા. 15

ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે વંચિતોના અધિકારોનું રક્ષણ કરવા માટે 'તેમની અતૂટ પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી' અને કહ્યું કે, તેમની સરકારના કાર્યકાળ દરમિયાન ગરીબ વ્યક્તિને ઘર ખાલી કરવાનો સામનો કરવો પડશે નહીં. યોગીએ જણાવ્યું હતુ કે, તેમની સરકાર ગરીબોની જમીનની સુરક્ષા સુનિશ્ચિત કરશે અને પીએમ આવાસ યોજના અથવા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નક્કર આવાસ સુવિધાઓની જોગવાઈ કરશે. આદિત્યનાથ ગોરખનાથ મંદિર પરિસરમાં મહંત દિગ્વિજયનાથ સ્મૃતિ ભવનમાં આયોજિત જનતા દર્શનમાં બોલી રહ્યા હતા અને 500 લોકોએ હાજરી આપી હતી, એમ રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા પ્રેસ નિવેદનમાં જણાવાયું હતું.



### સુરેન્દ્રનગરમાં કોલસાની ખાણમાં ગેસ ગળતરથી 3 મજૂરનાં મોત નિપજ્યાં



અમદાવાદ | તા. 15

સુરેન્દ્રનગર જિલ્લામાં ધમધમતી ગેરકાયદે કોલસાની ખાણ વધુ એકવાર ગરીબ મજૂરો માટે 'મોતની ખાણ' સાબિત થઈ છે. મૂળી તાલુકામાં કૂવો ખોદતી સમયે ભેખડ ધસી પડતા ત્રણ મજૂરોના મોત થયાને હજી તો 21 દિવસ જ વિત્યા છે ત્યાં જિલ્લામાં વધુ એક ગેરકાયદે ખાણમાં ત્રણ મજૂરોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. દેવપરા ગામમાં કાર્બોસેલની ખાણમાં જીલેટીનથી બ્લાસ્ટ કરાયા બાદ કોલસો કાઢવા માટે મજૂરોને ઉતારાતા ગેસ ગળતરના કારણે ત્રણ મજૂરોના મોત નિપજ્યા છે.

### સોનિયા ગાંધીનો રાયબરેલીના લોકોને ભાવુક પત્ર

# 'હું લોકસભા ચૂંટણી નહીં લડી શકું' સોનિયા ગાંધી

**આરોગ્ય અને વધતી ઉંમરના કારણે હું રામબરેલીની લોકસભા ચૂંટણી નહીં લડી શકું : સોનિયા ગાંધી**

નવી દિલ્હી | તા. 15

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉત્તરપ્રદેશના રાયબરેલી (Rae Bareli in Uttar Pradesh)ના લોકોને ગુરુવારે એક પત્ર લખ્યો છે. તેમણે જિલ્લાની જનતાએ આપેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત તેમણે રાબરેલીની લોકસભા ચૂંટણી (Loksabha Slection 2024) ન લડવાનું કારણ પણ જણાવ્યું છે. તેઓ 2004થી સતત રાયબરેલીની લોકસભા બેઠક પરથી જીતતા આવ્યા છે. આવું પ્રથમવાર બન્યું છે કે, તેઓ ત્યાંથી ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે, આરોગ્ય અને ઉંમરને ધ્યાને રાખી મેં લોકસભા ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'સાસુ અને જીવનસાથીને હંમેશા ગુમાવ્યા બાદ હું તમારી પાસે આવી હતી અને આપ લોકોએ મને અઢળક પ્રેમ આપ્યો. છેલ્લી બે ચૂંટણીમાં વિષમ પરિસ્થિતિઓ સર્જાવા છતાં તમે મારી સાથે પહાડની જેમ ઉભા રહ્યા. આ બાબતને હું ક્યારેય ભુલીશ નહીં. આજે હું જે કંઈપણ છું, તમારા કારણે છું. હું તમારા વિશ્વાસને નિભાવવા તમામ પ્રયાસો કર્યા છે.'

#### ■ 'મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે'



સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે, તેથી રાયબરેલીમાં આવી, આપ સૌને મળ્યા બાદ મારો પરિવાર પૂરો થાય છે. આપણા સંબંધો ઘણા જ જૂના છે અને સૌભાગ્યની જેમ સાસરુ પણ મળ્યું છે. મારો રાયબરેલી સાથેનો પારિવારિક સંબંધો પણ ખૂબ મજબુત છે. આપ લોકોએ આઝાદી બાદ પ્રથમ લોકસભા ચૂંટણીમાં મારા સસરા ફિરોજ ગાંધીને અહીંથી જીતાળી દિલ્હી મોકલ્યા હતા. ત્યારબાદ તમે મારી સાસુ ઈન્દિરા ગાંધીને પણ પોતાના બનાવી દીધા. ત્યારથી અત્યાર સુધી આ સિલસિલો આગળ વધતો ગયો.'

### 76 વર્ષીય પ્રવીણ પટેલ મૂળ ચરોતરના રહેવાસી હતા

# અમેરિકામાં મૂળ ગુજરાતી પ્રવીણ પટેલની ગોળી મારી હત્યા કરાઇ

નવી દિલ્હી | તા. 15

અમેરિકાના અલાબામામાં રૂમના ભાડા અંગેના વિવાદ બાદ મૂળ ગુજરાતી અને મોટેલ માલિક 76 વર્ષીય પ્રવીણ પટેલની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. અમેરિકન મીડિયાના અહેવાલો પ્રમાણે, ગયા અઠવાડિયે શેફિલ્ડમાં હિલક્રેસ્ટ મોટેલના માલિક પ્રવિણ રાવજી પટેલની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે 34 વર્ષીય આરોપી વિલિયમ જેરેમી મૂરની ધરપકડ કરી હતી. આઠમી ફેબ્રુઆરીએ વિલિયમ જેરેમી મૂરે મોટેલમાં એક રૂમ ભાડે લેવા માગતો હતો. ભાડાને લઈને પ્રવિણ પટેલ સાથે બોલાચાલી થઈ હતી, ત્યારબાદ મૂરે પિસ્તોલ કાઢી અને પ્રવિણ પટેલને ગોળી મારી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં ભારતીય મૂળના પરિવારના ચાર સભ્યો પતિ-પત્ની અને તેમના ચાર વર્ષના જોડિયાં છોકરાઓના મૃતદેહો કેલિફોર્નિયાના સાન મેટિયો કાઉન્ટી સ્થિત તેમના ઘરમાંથી સોમવારે સવારે મળી આવ્યા હતા.



"આપ" સાંસદ ડૉ. સંદીપ પાઠકજીએ વિસાવદર ખાતે સંમેલનમાં હાજરી આપી

# 'આપ'ના ગુજરાત પ્રવેશમાં વિસાવદરે મહત્વનો ફાળો આપ્યો: સંદીપ પાઠક



અમદાવાદ/જુનાગઢ/ગુજરાત

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી, ગુજરાત પ્રદેશ પ્રભારી અને રાજ્યસભા સાંસદ ડૉ. સંદીપ પાઠકજી ગઈકાલે બે દિવસ માટે ગુજરાત પ્રવાસે પધાર્યા હતા. ગઈકાલે ભરૂચ ખાતે એક કાર્યકર્તા સંમેલનમાં ડૉ. સંદીપ પાઠકે હાજરી આપી હતી અને ત્યારબાદ આજે વિસાવદર ખાતે વધુ એક કાર્યકર્તા સંમેલનમાં ડૉ.સંદીપ પાઠકે હાજરી આપી હતી. આ કાર્યકર્તા સંમેલનમાં આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી અને મહારાષ્ટ્રના સહ પ્રભારી ગોપાલભાઈ ઈટાલીયા, બોટાદના ધારાસભ્ય અને ભાવનગર લોકસભા સીટના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા, જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, કાર્યકારી પ્રમુખ રાજુભાઈ સોલંકી, પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્માબેન પટેલ, પ્રદેશ મંત્રી કરસનદાસ બાપુ ભાદરકા સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

રાજ્યસભા સાંસદ ડૉ. સંદીપ પાઠકે કાર્યકર્તાઓ સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, જ્યારે ગુજરાતનો ઈતિહાસ લખાશે તો એ જરૂર લખવામાં આવશે કે ભાજપના લાંબા શાસન દરમિયાન ગુજરાતની જનતા ખૂબ જ ત્રસ્ત હતી અને વિપક્ષ કોઈ પણ પ્રકારનો બદલાવ લાવવામાં નિષ્ફળ સાબિત થયો હતો. પરંતુ ત્યારબાદ એક ઉમ્મીદની કિરણ બનીને આમ આદમી પાર્ટી ગુજરાતના રાજકારણમાં પ્રવેશી. આમ આદમી પાર્ટીના ગુજરાતમાં પ્રવેશમાં વિસાવદરે ખૂબ જ મહત્વનો ફાળો આપ્યો હતો અને બદલાવ માટે વોટ આપીને વિસાવદર વિધાનસભાની સીટ આમ આદમી પાર્ટીને જીતાડી આપી હતી.

આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યો હાલ ખૂબ જ સારું કામ કરી રહ્યા છે. ફક્ત વિસાવદર વિધાનસભાના ધારાસભ્ય કમજોર સાબિત થયા હતા. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર ખતમ કરીશું, ખેડૂતોને સક્ષમ કરીશું, યુવાઓને રોજગાર આપીશું અને એક સારો દેશ બનાવીશું, જ્યાં દરેક સમાજના લોકો સાથે હળીમળીને ખુશ રહે. હોસ્પિટલ અને સારી સ્કૂલો માટે કોઈપણ વ્યક્તિને તકલીફ ન થાય એ રીતની વ્યવસ્થાને લાગુ કરવા માટે અરવિંદ કેજરીવાલજી રાજનીતિમાં આવ્યા હતા. માટે ભ્રષ્ટાચારી પાર્ટીના લોકો અરવિંદ કેજરીવાલજીને રોકવા માટે તમામ મોરચે મહેનત કરવામાં લાગી ગયા. પરંતુ અરવિંદ કેજરીવાલજી અને આમ આદમી પાર્ટી પ્રચંડ બહુમત સાથે દિલ્હીમાં સરકાર બનાવવામાં સફળ રહ્યા.

# વિસાવદર ખાતે મોટી સંખ્યામાં ભાજપ અને કોંગ્રેસના હોદ્દેદારો સહિત અનેક ગામોના સરપંચો 'આપ'માં જોડાયા

અમદાવાદ/જુનાગઢ/ગુજરાત

આજરોજ વિસાવદર ખાતે આમ આદમી પાર્ટીનું એક કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ કાર્યકર્તા સંમેલન દરમિયાનમાં આમ આદમી પાર્ટીના બોટાદના ધારાસભ્ય અને ભાવનગર લોકસભા સીટના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા અને પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્માબેન પટેલની આગેવાનીમાં ભાજપ અને કોંગ્રેસના સ્થાનિક હોદ્દેદારો અને આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. સાથે સાથે જુદા જુદા ગામોના સરપંચો પણ વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.



ભાજપના હોદ્દેદાર જગદીશભાઈ ભુવા આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. કોંગ્રેસના ચંદુભાઈ ઝિંઝુવાડીયા અને કિર્તીભાઈ મહેતા, પ્રદીપભાઈ રાઠોડ ભરતભાઈ અને પરેશભાઈ કાચા આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આ સિવાય ડુંગરપુરના સરપંચ રવજીભાઈ ધોળકિયા, નુરમહંમદ હિંગોરા, શૈલેષ મકવાણા, દેવશીભાઈ અઘોલા, રાયમલભાઈ શિહોરા, નીતિનભાઈ લુદરિયા, અરજણભાઈ માણસુરીયા, કરસનભાઈ મકવાણા, અમરીશભાઈ અદગામા, કારાભાઈ નાગાણી અને ચોરવાડીના આહીર કમિટી મેમ્બર ટીનુભાઈ આહીર, બટુકભાઈ ખેતાણી, જગમલભાઈ ઢોલા અને દેવરખી ભાઈ ધૂલ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

ટૂંક સમયમાં જ લોકસભા ચૂંટણી થવા જઈ રહી છે અને આમ આદમી પાર્ટી પૂરી તૈયારી સાથે આ ચૂંટણી લડવા જઈ રહી છે. લોકસભાની સાથે સાથે વિસાવદર વિધાનસભા ખાતે પેટા ચૂંટણી પણ યોજાવા જઈ રહી છે.

આ પેટા ચૂંટણી પહેલા ભાજપ અને કોંગ્રેસના હોદ્દેદારો અને આગેવાનો તથા અનેક ગામોના સરપંચો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે તે એક સ્પષ્ટ સંદેશ આપે છે કે, આવનારી વિસાવદરની વિધાનસભા ચૂંટણી આમ આદમી પાર્ટી જીતવા જઈ રહી છે. આજે ભાજપ અને કોંગ્રેસના ઈમાનદાર લોકો પણ અરવિંદ કેજરીવાલજીની ઈમાનદાર રાજનીતિથી પ્રેરિત થઈને આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે અને આમ આદમી પાર્ટીની વિચારધારાને આગળ લઈ જવા માટે મક્કમ છે.

# અમદાવાદના એસ.ટી. બસના ડેપોમાંથી બસની ચોરી થઈ ગઈ : દહેગામથી મળી

અમદાવાદ | તા.15

હવે વિચિત્ર ચોરીની ઘટના સામે આવી રહી છે. અગાઉ પોલીસની જીપ ચોરી થવાની ઘટના સામે આવી હતી ત્યાં હવે ST બસ ચોરી થવાની ઘટના સામે આવી રહી છે. આ ઘટના અમદાવાદ શહેરમાં કૃષ્ણનગર બસ ડેપોમાંથી ST બસની ચોરી થવાની માહિતી પોલીસને મળી હતી જે પછી પોલીસ હરકતમાં આવ્યા બાદ બસ પકડવામાં આવી છે. અમદાવાદમાં ચોરીની વિચિત્ર ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદના કૃષ્ણનગર બસ ડેપોમાંથી ST બસની ચોરી થવાની માહિતી પોલીસને મળી હતી. જે પછી પોલીસ દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આખરે 2 કલાકની મહેનત બાદ દહેગામ નજીકથી એક વ્યક્તિ સાથે બસ મળી આવી હતી. જ્યારે પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી ત્યારે જાણવામાં આવ્યું કે, ચોરી કરનાર યુવક માનસિક અસ્થિર હોવાનું સામે આવ્યું છે. તેમજ પોલીસ હાલ તપાસ કરી રહ્યું છે કે કેવી રીતે ST બસને ડેપોમાંથી ચોરી કરી અને દહેગામ સુધી પહોંચ્યો.

# રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટીના યુવાનો મોટી સંખ્યામાં 'આપ'માં જોડાયા: ઈસુદાન




અમદાવાદ/ગુજરાત

આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી અને પ્રદેશ ટ્રેડ વિંગ ઉપપ્રમુખ નવલભાઈ મહેશ્વરીની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેરના રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટીના સામાજિક તથા રાજકીય આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીમાં જોડાયા. પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીના હસ્તે ખેસ ધારણ કરી તમામ આગેવાનો વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. નવલભાઈ મુજબ રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટીના ગુજરાતના વિવિધ સ્થળો જેવા કે અરવલ્લી, છોટા ઉદેપુર, દાહોદ જિલ્લાના આરજેપીના 5000 કાર્યકર્તાઓ આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટીમાં જોડાવા જઈ રહ્યા છે.

આમ આદમી પાર્ટી લોકસભા ચૂંટણી પહેલા વધુને વધુ મજબૂત થઈ રહી છે. ભાજપ કોંગ્રેસ સહિત બીજી અનેક પાર્ટીઓના ઈમાનદાર હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દિવસેને દિવસે આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ પરથી સ્પષ્ટ પણે કહી શકાય કે અરવિંદ કેજરીવાલજી દ્વારા દિલ્હીમાં કરવામાં આવી રહેલા જનકલ્યાણના કામોની માહિતી ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી રહી છે અને મોટી સંખ્યામાં લોકો અરવિંદ કેજરીવાલજીની અને આમ આદમી પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ રહ્યા છે. આવનારા દિવસોમાં વધુ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાશે અને આની સીધી અસર આવનારી લોકસભા ચૂંટણીમાં જોવા મળશે.

# પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે પાંચ દિવસીય 'શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2024'

અમદાવાદ | તા.15

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે ૧૨થી ૧૬ મી ફેબ્રુઆરી દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નું ભવ્ય આયોજન કરાયું છે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગબ્બર ઉપર મા અંબાના અને અખંડ જ્યોતના ભક્તિભાવપૂર્વક દર્શન કરી આરતી - પૂજન-અર્ચન કર્યા હતા. આ સાથે પરિક્રમા પથ ઉપર વિવિધ શક્તિપીઠોમાં અન્ય મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યોશ્રીઓ ઉપસ્થિત રહીને દર્શન- આરતીમાં સહભાગી થયા હતા. પરિક્રમા પથ પર દીવડાઓ સાથે રચાયેલી માનવ સાંકળે અદભુત નજારો ઊભો કર્યો હતો.




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી તથા મંત્રીશ્રીઓ સહિત ધારાસભ્યશ્રીઓ ગબ્બરની તળેટી ખાતે લાખો દીવડાઓની મહાઆરતીમાં સહભાગી થયા. ત્યારબાદ સૌ કોઈ માતા સતિના જીવન પર આધારિત લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નિહાળ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગબ્બર તળેટી પાસેથી આસ્થા અને ટેકનોલોજીના સમન્વય સમાન અંબિકા રથનું ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.

ગબ્બર ખાતે ભક્તિમય માહોલમાં મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓએ ગરબા રમીને ધન્યતા અનુભવી હતી.

આ અવસરે શ્રી શક્તિ સેવા કેન્દ્ર અંબાજીના પ્રયાસોથી ભિક્ષા વૃત્તિ ત્યજી શિક્ષણ તરફ વળેલાં ૨૧ જેટલાં બાળકો ગબ્બર તળેટી ખાતે મહાઆરતીમાં જોડાયાં હતાં. આ સ્થળે મહિલા સ્વસહાય જૂથની બહેનોએ બનાવેલ હસ્ત કલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીઓ સર્વશ્રી ઋષિકેશ પટેલ, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી મૂળુભાઈ બેરા, શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, શ્રી હર્ષ સંઘવી, સાંસદશ્રી પરબતભાઈ પટેલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી આર. આર. રાવલ, કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, અંબાજી મંદિરના વહીવટદાર સુશ્રી સિદ્ધિ વર્મા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# હરણી બોટ દુર્ઘટનાનું SITની ટીમ દ્વારા રીકન્સ્ટ્રક્શન કરાયું



ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડતા બોટ પલ્ટી હતી

વડોદરા | તા.15

રાજ્યમાં બહુચર્ચિત એવા હરણી બોટ દુર્ઘટના કેસમાં પોલીસ દ્વારા તપાસ તેજ બનાવવામાં આવી છે. જેમાં આજે ફરી હરણી તળાવમાં ઉતારવામાં આવી હતી. બોટનો બોયન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. બોટની ક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં મૃતક બાળકો અને શિક્ષિકાઓના વજન જેટલી રેતી થેલીઓ ભરીને બોટમાં મુકવામાં આવી હતી અને બોટને તળાવમાં ચલાવવામાં આવી હતી.

**■ પોલીસે 14 નો ભોગ લેનાર બોટને ફરી પાણીમાં ઊતારી**

આ અંગે તપાસ અધિકારીઓ ઉપરાંત બોટનો બોયન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એટલે કે, બોટ કેટલું વજન ઉપાડીને શકે તે બાબતનો ટેસ્ટ FSLની ટીમને સાથે રાખીને કરવામાં આવ્યો હતો. આગામી બેથી ત્રણ દિવસમાં તેનો રિપોર્ટ આવશે. બોટના માલિકને પણ સાથે રાખવામાં આવ્યા હતા.

જ્યારે બીજી તરફ વડોદરાની દુર્ઘટના કેસમાં મુખ્ય આરોપી પરેશ શાહનો પુત્ર વત્સલ શાહ, પુત્રી વૈશાખી શાહ અને પત્ની નૂતન શાહની પોલીસે ધરપકડ કરી છે. આજે વધુ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં નૂતન શાહ, વૈશાખી શાહ અને વત્સલ શાહનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં 19 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. નૂતનબેનને દવાખાને લઈને આવી રહ્યા હતા, તે સમયે ત્રણેય આરોપી વડોદરાની દેણા ચોકડી પાસેથી પકડાઈ ગયા હતા.

આ ઉપરાંત જે બોટની ક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં મૃતક બાળકો અને શિક્ષિકાઓના વજન જેટલી રેતી થેલીઓ ભરીને બોટમાં મુકવામાં આવી હતી અને બોટને તળાવમાં ચલાવવામાં આવી હતી.આગામી બેથી ત્રણ દિવસમાં તેનો રિપોર્ટ આવશે. બોટના માલિકને પણ સાથે રાખવામાં આવ્યા હતા.

# ગુજરાતના 3 બ્રિજમાં મોટો ભ્રષ્ટાચાર! છેલ્લા 24 કલાકમાં 3 બ્રિજમાં તિરોડો પડી

અમદાવાદ | તા.15

ભ્રષ્ટાચારીઓ ગુજરાતમાં બેફામ બન્યા છે તેમ કહીએ તો જરા પણ ખોટું નથી. કારણ કે પ્રજા જે ટેક્સ સ્વરૂપે વિકાસ માટે પૈસા આપે છે તે પૈસા ભાગબટાઈ થઈને ભ્રષ્ટ અધિકારીઓ અને ભ્રષ્ટ સત્તાધિશીના ખિસ્સામાં પહોંચી રહ્યા છે. તેથી જ ગુજરાતમાં થોડા વર્ષોમાં બનેલા અનેક બ્રિજ તુટી પડવાની તૈયારીમાં આવી ગયા છે. ગઈકાલે મહેસાણા બાદ આજે વડોદરા અને સુરેન્દ્રનગરના બ્રિજ પર ગાબડા પડ્યા. જોકે ઝી 24 કલાકના અહેવાલ બાદ બ્રિજને થાગડ થીગડ તો કરી દેવાયો. ગુજરાતમાં સરકારી વહીવટી તંત્ર, સત્તાધિશો અને ભ્રષ્ટ અધિકારીઓ કેવો વહીવટ કરે છે તેના આ જીવતા પુરાવા જોઈ લો...બે દિવસમાં 3 જિલ્લાના બ્રિજમાં ગાબડા જોવા મળ્યા છે. ગઈકાલે મહેસાણાના વિસનગર લિંક રોડ પર બનેલો આંબેડકર બ્રિજ જર્જરિત થતાં બંધ કરવો પડ્યો....બ્રિજના સ્પાનમાં 3 ફૂટ જેટલી તિરાડો પડી જતાં તેને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો.

તો વડોદરામાં સરિતા ફાટક પાસેનો બ્રિજ પણ બેસી જતાં વાહન વ્યવહાર રોકી દેવાયો. જો કે R & Bના અધિકારીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને યુદ્ધના ધોરણે રિપેરિંગનું કામ કર્યું હતું. ત્યારબાદ સુરેન્દ્રનગરના જિલ્લા પંચાયત પાસે બનેલા બ્રિજમા માત્ર 5 દિવસમાં જ તિરાડો પડવા લાગી. આ ત્રણેય શહેરોના બ્રિજની દશા દર્શાવે છે કે કોન્ટ્રાક્ટરો અને તંત્રની મિલીભગતના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જ્યારે તંત્રના સત્તાધીશો લોકોના ટેક્સના પૈસાનું આંધણ કરે છે. ત્યારે આવા લોકો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગણી ઉઠી છે.

રાજ્યમાં વધતા ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ માટે સરકારે ફાટક મુક્ત અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન અંતર્ગત નવીન બ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ આ બ્રિજની ગુણવત્તા સામે સવાલ ઉઠી રહ્યા છે. વડોદરાના ડભોઈ સરિતા ફાટક પર થોડા સમય પહેલા બનાવવામાં આવેલા આ બ્રિજ પરના મધ્યના ભાગમાં એપ્રોચનો ભાગ ડેમેજ થઈ ગયો. અને મોટું ગાબડુ પડી ગયું. એટલું જ નહીં એક આઈશર ટેમ્પો આ ગાબડાની અંદર ફસાઈ ગયો હતો.

આ ઘટનાનો અહેવાલ જ્યારે ઝી 24 કલાકે ચલાવ્યો તો અધિકારીઓ પોતાનું પાપ છૂપાવવા માટે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને બ્રિજને થિગડા મારવાનું શરૂ કરી દીધું હતું. અને થોડા સમયમાં ફરી બ્રિજને શરૂ કરી દેવાયો હતો. જેના કારણે ફરી ગુણવત્તા સામે સવાલો થઈ રહ્યા છે.

અટલ સરોવરનું મોદી હસ્તે લોકાર્પણ થશે

# રાજકોટમાં 25 ફેબ્રુઆરીએ વડાપ્રધાન હસ્તે ઝનાના હોસ્પિટલને ખુલ્લી મુકાશે

રાજકોટ | તા.15

રાજકોટમાં આગામી તા. 25ના રોજ વડાપ્રધાનના હસ્તે એઈમ્સ અને ઝનાના હોસ્પિટલના બિલ્ડિંગના ઉદ્દઘાટનનો કાર્યક્રમ નક્કી થયો છે. જેમાં મનપા હસ્તક રહેલ અટલ સરોવર તેમજ સ્માર્ટ સિટીનું લોકાર્પણ થશે કે નહીં? તેને લઈને અવઢવ ચાલી રહી હતી. જોકે, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે તમામ ચર્ચાઓ પર પૂર્ણ વિરામ મૂક્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, આનાથી રૂડો અવસર કયો હોય? ચોક્કસ PM મોદીના હસ્તે અટલ સરોવર તેમજ સ્માર્ટ સિટીનું લોકાર્પણ કરવામાં આવશે. 2047નું ભારત કેવું હોવું જોઈએ, તેને ધ્યાનમાં રાખીને બનાવેલા સ્માર્ટ સિટી અને અટલ સરોવર જોઈને લોકો ખૂશ થઈ જશે.



જયમીન ઠાકરનાં જણાવ્યા મુજબ, હજુપણ પ્રોજેક્ટની 10 ટકાથી વધુ કામગીરી બાકી હોવાથી તે પૂર્ણ કરવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે મ્યુ. કમિશ્નર આનંદ પટેલે કામ તાત્કાલીક પૂરૂ કરવા બે સુટી ઈજનેર, બે ઈન્ચાર્જ સિટી ઈજનેર સહિત 33 ઈજનેરોની નિમણૂંક કરી છે. જેને કારણે આ કામગીરી ઝડપથી પૂર્ણ કરીને રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ અટલ સરોવરનું લોકાર્પણ તા. 25-2-2024ના રોજ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. આ માટે જ અધિકારીઓને વધારાની કામગીરી સોંપીને બાકીના કામ તાત્કાલિક પૂર્ણ કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

અટલ સરોવરમાં પાણી નહીં હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે, એવી કોઈ વાતમાં તથ્ય નથી. સ્માર્ટ સિટી માટે ખાસ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના દ્વારા અટલ સરોવરમાં પણ પાણી પહોંચાડવામાં આવ્યું છે. પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી નથી. 477 MLDની ક્ષમતાનું અટલ સરોવર છે. જેમાં સ્માર્ટ સિટીની જોગવાઈ મુજબ પાણી ભરવામાં આવ્યું છે. વિદેશમાં જોવા મળતા હોય તેવા 200 ફૂટના રોડ સહિતનું નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્માર્ટ સિટીમાં ઉભું કરવામાં આવ્યું છે. ક્રિકેટ સ્ટેડિયમ જેવું એક સર્કલ પણ મૂકવામાં આવ્યું છે, જે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. જોકે, લોકાર્પણ બાદ ચકડોળ સહિતનાં બાકી રહેલા નાના-મોટા કામો પણ ત્વરિત પૂર્ણ કરવામાં આવશે.

# મા અંબાના ધામ પહોંચ્યું ગુજરાતનું આખું મંત્રીમંડળ... મંત્રીઓનો અલગ અંદાજ!

અમદાવાદ | તા.15

દેશ અને દુનિયામાં જેની આગવી ગણના થાય છે તે મા અંબાના ધામમાં હાલ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. પવિત્ર ગબ્બર તળેટીની ફરતે બનાવવામાં આવેલા 51 શક્તિપીઠનો પરિક્રમા મહોત્સવ હાલ ચાલી રહ્યો છે. આ પરિક્રમા મહોત્સવમાં લાખોની સંખ્યામાં ભક્તો દર્શનનો લાભ લઈ ધન્યતાની અનુભૂતિ કરી રહ્યા છે. ત્યારે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સરકારનું સમગ્ર મંત્રીમંડળ અને ભાજપના તમામ ધારાસભ્યો અંબાજી પહોંચ્યા હતા. માના ધામમાં મંત્રીઓ એક અલગ જ અંદાજમાં જોવા મળ્યા.



શક્તિપીઠ અંબાજીમાં હાલ 51 શક્તિપીઠનો પરિક્રમા મહોત્સવ ચાલી રહ્યો છે. 12 ફેબ્રુઆરીથી ચાલનારો આ મહોત્સવ 16 તારીખ સુધી ચાલવાનો છે. જેમાં અત્યાર સુધી લાખો માઈભક્તોએ મા અંબાના દરબારમાં શીશ ઝૂકાવ્યું છે. માનો જય જયકાર કરીને માઈભક્તો ધન્યતાની અનુભૂતિ કરી રહ્યા છે. ત્યારે આજે ગુજરાતની આખી સરકાર માના ધામમાં પહોંચી. મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના તમામ સભ્યો અને ભાજપના ધારાસભ્યો બસમાં સવાર થઈને અંબાજી પહોંચ્યા હતા. તો મુખ્યમંત્રી વિશેષ હેલિકોપ્ટરથી અંબાજી પહોંચી સૌથી પહેલા અંબાજી મંદિરમાં પહોંચ્યા હતા. જ્યાં તેમણે મા અંબાની આરતી ઉતારી હતી. ગાંધીનગરથી ખાસ બસમાં તમામ મંત્રીઓ અને ભાજપના ધારાસભ્યો અંબાજી પહોંચ્યા હતા. બસની અંદર મંત્રીઓ અને ધારાસભ્યોએ મા અંબાનો જય જયકાર કર્યો હતો. બોલ મારી અંબે જય જય અંબેનો જયઘોષ કર્યો હતો. જેના કારણે બસની અંદર જ વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બસમાં સવાર મંત્રી અંબાજીમાં ઉતર્યા બાદ સીધા ગબ્બર પહોંચ્યા હતા. અને ત્યાં પગપાળા 51 શક્તિપીઠ પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો.

પરિક્રમા પથ પર આવતા વિવિધ મંદિરોમાં દર્શન કરવાની સાથે માની ભક્તિમાં પણ મસ્ત થઈ ગયા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યકક્ષાના મંત્રી મુકેશ પટેલ તો એક ભજન મંડળીમાં બેસી મંજિરા અને હારમોનિયમ તથા ઢોલક પર હાથ અજમાવ્યો હતો. તો સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ખાસ વાતચીત કરી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### પોલીસે અકસ્માત અંગે અજાણ્યા વાહન ચાલક સામે કાર્યવાહી હાથ ધરી

# કરજણ હાઇવે પર અજાણ્યા વાહનની અડફેટે બાઇક સવાર બે વ્યક્તિના મોત

કરજણ | તા.15

કરજણ તાલુકાના ને.હા.૪૮ પર રાતના દોઢ વાગ્યાની આસપાસ થયેલા ટ્રકના અકસ્માતને હજુ ગણતરીના કલાકો થયા છે ત્યાં કરજણ હાઈવે રેલવે ઓવરબ્રિજ ઉપર બાઈક સવારોને અજાણ્યા વાહને અડફેટે લેતાં ગંભીર ઈજાને પગલે બંને સવારોનું સ્થળ ઉપર મોત નિપજ્યા હતા. કરજણ ને.હા.૪૮ પર મોતી મહેલ સામે આવેલ હાઈવે રેલ્વે ઓવરબ્રિજ ઉપરના ભરૂચ વડોદરા ટ્રેક ઉપરથી બે બાઈક સવારો મોટર સાઈકલ લઈને પસાર થઈ રહ્યા હતાં. તે દરમિયાન બેદરકારીથી પૂરઝડપે હંકારી રહેલા એક અજાણ્યા વાહન ચાલકે આગળ ચાલતી મોટરસાયકલને ટક્કર મારી અડફેટમા લઈ ભાગી છૂટયો હતો. પરિણામે મોટર સાઈકલ સવારો રોડ ઉપર પટકાતાં જીવલેણ ઈજા થતાં બાઈક ચાલક સહિત પાછળ બેઠેલા સવારનું સ્થળ ઉપર મોત નિપજ્યુ છે. આજ રોજ કરજણ ને.હા.૪૮ પર મોતી મહેલ હોટલના સામે આવેલ રેલ્વે



ઓવરબ્રિજ ઉપર થયેલા અકસ્માતમાં જીવ ગુમાવનારા બંને બાઈક સવારો પિતરાઈ ભાઈઓ વશરામભાઈ બાબરભાઈ રબારી તેમજ કનુભાઈ મુળજીભાઈ રબારી વાગરા તાલુકાના ઓરા ગામે રહેતાં હોવાનું અને મોટર સાઈકલ લઈ પોતાના ગામ ઓરાથી કરજણ તાલુકાના બામણગામ ખાતે જઈ રહ્યા હતાં. દરમિયાન કોઈ અજાણ્યા વાહને તેમની મોટર સાઈકલને ટક્કર મારી અકસ્માત કર્યો હતો.પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પારિવારીક કલહમાં હત્યાના પ્રયાસના બનાવમાં નવો વળાંક

# અલીન્દ્રામાં મોટાભાઈની હત્યા કરવા નાનાભાઈએ સોપારી આપ્યાનું ખૂલ્યું

નડિયાદ | તા.15

નડિયાદ તાલુકાના અલીન્દ્રા ગામે ભુવાપણું કરતા યુવકના માથામાં લાકડાના ડંડાથીગંભીર ઈજા પહોંચાડી હત્યાનો પ્રયાસ થયાની ઘટના બની હતી. ચકલાસી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર ગુનાનો ભેદ ઉકેલ્યો છે. જેમાં ભુવાપણું કરતો યુવક નાનાભાઈ અને તેની પત્નીને હેરાન કરતો હોય સગા ભાઈની હત્યા કરવા સોપારી આપી હોવાનો પર્દાફાશ થયો છે. જેમાં ચકલાસી પોલીસે સગા ભાઈ સહિત ચાર આરોપીઓને ઝડપી પાડી બિલોદરા જેલ હવાલે કર્યા છે. અલિન્દ્રા ગામે રહેતો ભાવેશ નામનો યુવાન ભુવાપણું કરતો હોય તા.૭ ફેબ્રુઆરીના રોજ અમદાવાદથી વાઘેલા નામનો યુવાન મારું કામ પૂરું થઈ ગયું હોય મળવા આવ્યો છું તેમ કહી ભાવેશને તેના ઉપરના માળે આવેલા રૂમમાં




ગયો હતો. ત્યારબાદ ઉપરના માળના રૂમમાંથી નીચે આવી મોટરસાયકલ લઈ નાસી ગયો હતો. ભાવેશની માતા ઉષાબેન ઉપરના માળે જતા પોતાના દીકરો લોહી લુહાણ હાલતમાં મળી આવ્યો હતો. આ રૂમમાંથી લાકડાનો ડંડો લોહીવાળો મળી આવ્યો હતો. આ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી અલિન્દ્રાના અવરજવરના રસ્તા પરના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ હાથ ધરી હતી. જેમાં ઈજા પામનાર ભાવેશ ચૌહાણ પીળા કલરની ટીશર્ટ પહેરેલ માણસ સાથે બાઈક પર જતો જોવા મળ્યો હતો. જે આધારે પોલીસે તપાસ કરતા આરોપી ગીરીશભાઈ મનેશભાઈ ચૌહાણ ઈજા પામનારનો સગો ભાઈ થતો હોય ઈજા પામનાર ભાવેશ તેના નાના ભાઈ અને ભાભી સાથે અવારનવાર ઝઘડા કરી હેરાન કરતો હોવાનું જણાઈ આવ્યું હતું. ગિરીશભાઈ ચૌહાણની પૂછપરછમાં પોતાનો ભાઈ હેરાન કરતો હોય ભાવેશનું ખૂન કરવા પોતાના સસરા રંગભાઈ ચંદુભાઈ ઝાલાએ સુરેશ ઝાલાનો કોન્ટેક્ટ કરી ભાવેશની હત્યા કરવા પૃથ્વીરાજ મોહનભાઈ સોલંકી ને રૂ. ૬૦,૦૦૦માં સોપારી આપી હોવાનું બહાર આવ્યું હતું. જેથી ગુનાહિત કાવતરું રચી ભાવેશભાઈના માથામાં લાકડાનો ડંડો મારી ગંભીર ઈજા કરી હત્યાનો પ્રયાસ કરવાના ગુનામાં સંડોવાયેલા પૃથ્વીરાજ મોહનભાઈ સોલંકી (રહે. અમદાવાદ વટવા, સાતેસ ફ્લેટ, મૂળ રહે.સાસ્તાપુર, તા.મહુધા), ગીરીશભાઈ મુનેશભાઈ ચૌહાણ (રહે.અલીન્દ્રા તા.નડિયાદ), રંગાભાઈ ચંદુભાઈ ઝાલા (રહે.અલીણા, ઝાલાપુરા તા.મહુધા) તથા સુરેશભાઈ પૂનમભાઈ ઝાલા (રહે.સરદારપુર પુરા તાબે અલીણા તા.મહુધા) ની ચકલાસી પોલીસે અટક કરી બિલોદરા જેલમાં મોકલી આપ્યા છે.

### ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પંથકની

# સગીરાને ભગાડી જઇ દુષ્કર્મના ગુનામાં આરોપીને સાધુના વેશમાં ઝડપી લેવાયો

ભરૂચ | તા.15

સગીરા સાથે દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા નરાધમે પોલીસની ધરપકડથી બચવા માટે સાધુનો વેશ ધારણ કરી મહીસાગર જિલ્લાના બાલાસિનોરના પરબીયા ગામના આશ્રમમાં આશરો મેળવી છુપાયો હતો. જે અંગેની બાતમીના આધારે ભરૂચ એલસીબી પોલીસે તેને દબોચી લીધો હતો. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પંથકની એક સગીરા ૯૦ દિવસ પહેલા ગુમ થઈ હતી. જે અંગેની ફરિયાદ સગીરાની માતાએ પોલીસ મથકે નોંધાવતાં પોલીસે અપહરણ અને પોકસો એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જેની તપાસ દરમિયાન ગુમ સગીરાને પોલીસે દાહોદ ખાતેથી શોધી તેના પરિવારને સોંપી હતી. જ્યારે તેને ભગાડી જનાર નવલ ઉર્ફે કાળીયો ચંદુ ભાભોર (ઉં.વ.૨૨) મળી આવ્યો ન હતો. પોલીસની પૂછપરછમાં સગીરાને ભગાડી જનારે તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવતાં પોલીસે બળાત્કાર સહિતનો ગુનો પણ દાખલ કરી આરોપી નવલ ઉર્ફે કાળીયો



ભાભોરની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન જિલ્લા એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, આરોપી નવલ ઉર્ફે કાળીયો ભાભોર પરબીયા ગામના આશ્રમમાં સાધુનો વેશ ધારણ કરી રહે છે. જે બાતમીના આધારે એલસીબી પોલીસે આશ્રમમાં પહોંચી નરાધમને સાધુના વેશમાં જ દબોચી લીધો હતો.

### આણંદ તાલુકાની રાજપુરા ગામની

# વ્યાજબી ભાવની દુકાનમાં ગેરરીતિ બદલ પરવાનેદારને 2.82 લાખનો દંડ

આણંદ | તા.15

આણંદ તાલુકાના રાજપુરા ગામની વ્યાજબી ભાવની દુકાન ખાતે ગેરરીતિ કરવામાં આવતી હોવાની ફરિયાદો પુરવઠા વિભાગને મળતા તંત્ર દ્વારા દુકાન ખાતે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં અનાજના જથ્થામાં અસામાન્ય વધઘટ સહિતની ગેરરીતિ માલૂમ પડતા તંત્રએ પરવાનેદારને રૂા.૨.૮૨ લાખનો દંડ ફટકાર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોને મફતમાં અનાજ વિતરણ કરવામાં આવે છે. આ વ્યાજબી ભાવની દુકાનો ખાતે લોકો અનાજનો જથ્થો લેવા માટે આવે ત્યારે તેને અનાજના ભાવની જાણ થાય તે માટે ભાવનું અદ્યતન બોર્ડ લગાવવું જરૂરી હોય છે. ગત રોજ આણંદ જિલ્લા પુરવઠા અધિકારીએ આણંદ તાલુકાના રાજપુરા ગામે આવેલ યોગી ગ્રાહક સહકારી ભંડાર લિમિટેડ નામની વ્યાજબી ભાવની દુકાનની આકસ્મિક તપાસણી કરતા




પરવાનેદારે ભાવનું બોર્ડમાં અદ્યતન વિગતો લખી ન હતી. સ્ટોકપત્રક રજૂ કર્યું ન હતું, વેચાણ રજીસ્ટર નિભાવ્યું ન હતું, તોલમાપ પ્રમાણપત્ર અસલ રજુ ના કરવા ઉપરાંત જથ્થાની ખાતરી કરતા ભૌતિક જથ્થો અને ઓનલાઈન ફિઝિકલ જથ્થામાં અસામાન્ય વધઘટ જણાઈ આવી હતી. દુકાનદાર દ્વારા રેશનકાર્ડ ધારકોને ફૂડ કુપન પણ આપવામાં આવતી ન હતી અને ધંધાના સ્થળે સ્વચ્છતાનો પણ અભાવ જોવા મળતા આ ક્ષતિઓ બાબતે લેખિત ખુલાસો કરવા અને રૂબરૂ સુનાવણી માટે કલેકટર કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેવા માટે જણાવાયું હતું. જેમાં જિલ્લા કલેક્ટરે વ્યાજબી ભાવના પરવાનેદારે રજૂ કરેલ પુરાવા ગ્રાહ્ય રાખવા પાત્ર ના હોય તથા પરવાનેદાર દ્વારા આચરવામાં આવેલ ક્ષતિઓ ગંભીર પ્રકારની જણાતી હોઈ કલેક્ટરે પરવાનેદાર દ્વારા આચરવામાં આવેલ ક્ષતિઓ અને ગેરરીતિઓ બદલ પરવાનો ૩૦ દિવસ માટે રદ્દ કરવા ઉપરાંત રૂા.૨,૮૨,૮૮૬ દંડ ફટકાર્યો હોવાનું જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું.

# હરિયાણાથી ટેમ્પોમાં લવાયેલો દારૂ ઉદાપુરાથી કબજે લેવાયો

નડિયાદ | તા.15

આંતરસુબા પોલીસે કપડવંજ-કઠલાલ રોડ પરના ઉદાપૂરા પાટીયા પાસે બાતમી આધારે વિદેશી દારૂ ભરેલા ટેમ્પા સાથે ટેમ્પા ચાલકને ઝડપી પાડ્યો હતો. જેમાં પ્રથમ દ્રષ્ટિએ ટેમ્પામાં મશીન અને એલ્યુમિનીયમ સેકસન અને પ્લાસ્ટિક નો સામાન ભરેલો જોવા મળ્યો હતો. જે બાદ પોલીસે પ્લાયવુડના બોક્સ ચેક કરતા રૂ 2.33 લાખનો વિદેશી દારૂ મળ્યો હતો. આ બનાવ અંગે આંતરસુબા પોલીસે ફરિયાદ નોંધી છે. આંતરસુબા પોલીસે બુધવારે વહેલી પરોઢિયે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે કપડવંજ તરફથી આવતા એક ટેમ્પામાં વિદેશી દારૂ ભરી નડિયાદ તરફ જાય છે. જે અન્વયે પોલીસે કપડવંજ-કઠલાલ રોડ પરના ઉદાપૂરા પાટીયા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી આધારિત ટેમ્પો પસાર થતા પોલીસે આડાશ ગોઠવી ટેમ્પાને ઉભો રાખ્યો હતો. પોલીસે ટેમ્પાની પાછળની તાડપત્રી ખોલતા પ્રથમ દ્રષ્ટિએ ડાઈ મશીન, એલ્યુમિનિયમ સેકશન, પ્લાસ્ટિક નો સામાન અને પ્લાયવુડ ના બોક્ષ જોવા મળ્યા હતા. જે બાદ પોલીસે પ્લાયવુડના બોક્ષ ની તલાસી લેતા વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બોટલ મળી કુલ 264 બોટલ રૂ 2.33 લાખ, ટેમ્પો રૂ 8 લાખ, રોકડ રૂ 1230, મોબાઈલ રૂ 5 હજાર અને ટેમ્પામાં ભરેલું સામાન રૂ 71. 38 લાખ મળી કુલ રૂ 81.78 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યારે પકડાયેલ ટેમ્પા ચાલક જુબેરખાન હનીફખાન મુસ્લિમની પૂછપરછ કરતા વિદેશી દારૂ સચીનભાઇ નામના શખ્સના કહેવાથી હરીયાણાના ચૌધરી હોટલ આગળથી એક શખ્સે ભરી આપ્યો હતો.

### આણંદ જિલ્લાના બોરસદ ગંભીર માર્ગ ઉપર

# પીપળી નજીક ટ્રેલરે બે છકડાને અડફેટે લીધા, બે જણાને ઇજા

આણંદ | તા.15

આણંદ જિલ્લાના બોરસદ ગંભીર માર્ગ ઉપર પીપળી નજીક આજે વહેલી સવારના સુમારે પુરપાટ ઝડપે જઈ રહેલ એક ટ્રેલરે બે છકડાને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં છકડામાં સવાર બે સગા ભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અમરેલી જિલ્લાના સલારા ગામના બે ભાઈઓ બે અલગ અલગ છકડા લઈને બુધવારે વહેલી સવારે બોરસદ-ગંભીર માર્ગ ઉપર આવેલ પીપળી-કિંખલોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન બોરસદ તરફથી પુરપાટ ઝડપે આવી ચઢેલ એક ટ્રેલરના ચાલકે પોતાનું ટ્રેલર બેફામપણે હંકારી છકડાની ઓવરટેક કરવા જતા ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ૩૫ વર્ષીય અજયભાઈ સોલંકીનો હાથ કુણીના ભાગેથી કપાઈ ગયો હતો અને તેઓને ગંભીર ઈજાઓ પહોંચી




હતી જ્યારે બીજા છકડામાં સવાર ૩૨ વર્ષીય ઉમેશભાઈ સોલંકીને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બંને ભાઈઓને સારવાર અર્થે તુરત જ વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ ટ્રેલર ચાલક ઘટનાથી થોડે દૂર આવેલ એક હોટલ પાસે ટ્રેલરને બીનવારસી હાલતમાં મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે માર્ગ ઉપર ટ્રાફીકજામની લાંબી કતારો લાગી હતી.

## મચ્છી આપવાની ના પાડતા ત્રણ શખ્સનો ભાઇ - બહેન પર હુમલો

ભાવનગર | નારી ગામે રહેતા યુવાનને ત્યાં મચ્છી લેવા માટે આવ્યા હતા. મચ્છી નહિ હોવાને કારણે યુવાને ત્રણ શખ્સોને મચ્છી આપવાની ના પાડતા ત્રણેય શખ્સ ઉશ્કેરાઇ ગયા હતા અને યુવાન અને યુવાનના બહેનને લાકડી વધી માર મારી ઇજા પહોંચાડી હતી. આ બનાવની પ્રાપ્ત થતી વિગતો અનુસાર નારી ગામે રહેતા તારાબેન દયારામ ભાઇ સોલંકી એ વરતેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તારાબેનના ભાઇ ગોકુળભાઇ પાસે સોડવદરા ગામના ગોવિદભાઇ અમરશીભાઇ તેમજ અશોકભાઇ મોણપરીયા જેવો મચ્છી લેવા માટે આવ્યા હતા. અને તારાબેનના ગોકુળભાઇ પાસે મચ્છી નહી હોવાથી ગોકુળભાઇએ ના પડતા બન્ને શખ્સ ગાળો દેવા લાગ્યા હતા. અને જતા રહેલ થોડીવાર બાદ ગોવિદ તેમજ તેના બન્ને ભાઇ હરદેવ તથા સહદેવની સાથે આવી ગાળો આપી અને ગોવિદએ તેની ફોરવ્હીલ માથી લાકડી લઇ આવી તારાબેન તથા તેના ભાઇઓને લાકડી વડે માર મર્યો હોવાની ફરિયાદ નોંધાવી છે.

## બારડોલીમાં આધુનિક સેક્શન મશિન દ્વારા 50 કીમી લાંબી ડ્રેનેજ લાઇનની સફાઇ શરૂ

બારડોલી નગરમાં અમુક વિસ્તારોમાં ડ્રેનેજ લાઇન ચોકોપ થવાની ફરિયાદી ઘણી વખત આવતી હોય છે. ઉકેલ માટે ગાંધીનગરથી ગુજરાત અર્બન ડેવલમેન્ટ મિશન અંતર્ગત બારડોલી નગરમાં ડ્રેનેજ લાઇનની સફાઇ કરવા માટે સેક્શન મશીન મોકલવામાં આવ્યું છે. જે હાલ નગરની ડ્રેનેજ લાઇનોની ચેમ્બર ખોલીને સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે. નગરના દરેક વિસ્તારમાં સફાઇ કામગીરી કરશે. આ મશીન વીસ ફૂટ નીચે ચેમ્બરમાંથી પણ કાદવ કીચડ સરળતાથી કાઢી શકે છે. જેની ટેકનિક ખૂબ જ આધુનિક છે. ચેમ્બરની સફાઇ ચોમાસુ પહેલા જ થતાં, ચોકોપ થવાની સમસ્યાનો નિકાલ થશે.



### ક્રેનની મદદથી બસને ઉભી કરાઇ | સદનસીબે કોઈ મોટી જાનહાનિ ન થતા હાજર સૌએ રાહતનો શ્વાસ લીધો હતો

# ધોરણ પારડી ગામ પાસે ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ, મુસાફરોના જીવ પડીકે બંધાઇ ગયા

રાજકોટ | તા.15

સુરતથી પેસેન્જર ભરી ઉત્તર પ્રદેશ જઈ રહેલી બસને અકસ્માત નડ્યો હતો. ધોરણ પારડી ગામ પાસે ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. બસમાં સવાર મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. NHAI અને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પાંચથી વધુ ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામ પાસે પસાર થતા નેશનલ હાઈવે 48 પર સુરતથી પેસેન્જર ભરી ઉત્તર પ્રદેશ જઈ રહેલી બસને



અકસ્માત નડ્યો હતો. બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. જેને લઈને બસમાં સવાર મુસાફરોના જીવ પડીકે બંધાઈ ગયા હતા અને નાસભાગ મચી ગઈ હતી. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને NHAI વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. મુસાફરોને બહાર કાઢ્યા હતા. બનેલ અકસ્માતની ઘટનામાં પાંચથી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા તેઓને તાત્કાલિક ખોલવડ ગામે આવેલ દીનબંધુ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થળ પર પહોંચેલી NHAI અને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે ક્રેનની મદદથી બસને ઉભી કરી હતી. સર્જાયેલ અકસ્માતની ઘટનાને લઈને 07 કિલોમીટરથી વધુનો ટ્રાફિક જામ થયો હતો. સદનસીબે કોઈ મોટી જાનહાનિ ન થતા હાજર સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

### સળિયા ભરેલ ટેમ્પાએ બાઇકને ઠોકર મારી

# જ્વેલ્સ સર્કલ નજીક થ્રી વ્હીલ ટેમ્પા અને બાઇક અથડાતાં યુવાનનું મોત

ભાવનગર | તા.15

બોરતળાવ ધોબી સોસાયટી સામે આવેલા હનુમાનજી મંદિર પાસે રહેતા યુવાનના લગ્ન હોય પોતાનું બાઈક લઈને ખરીદી કરવા માટે ગયા હતા.અને ખરીદી કરી પરત ઘરે જતા હતા.તેવામાં જ્વેલ્સ સર્કલ નજીક સામેથી આવી રહેલા થ્રી વ્હીલ ટેમ્પાએ બાઈકને અડફેટે લેતાં યુવાનને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવેલ જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ બોરતળાવ ધોબી સોસાયટી સામે આવેલા હનુમાનજી મંદિર પાસે રહેતા નરેશભાઈ બેચરભાઈ બાબરીયાએ



નીલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે નરેશભાઈનાં ભાઈ સામતભાઈ બેચરભાઈ બાબરીયા પોતાનું બાઈક નંબર જીજે ૦૪ ડીએલ ૫૨૩૯ લઈને પોતાના લગ્ન હોય ખરીદી કરવા માટે ગયા હતા. ખરીદીનું કામ પૂર્ણ કરી સામતભાઈ બાઈક પર ઘર તરફ જતા હતા તે વેળાએ જ્વેલ્સ સર્કલ નજીક સામેથી આવી રહેલ થ્રી વ્હીલ ટેમ્પા નંબર જીજે ૧૩ એટી ૮૨૬૫ નાં ચાલકે પોતાના વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રીંગ સાઈડમાં આવી બાઈક સાથે અથડાવી દેતા યુવાનને ગંભીર ઈજા થઈ હતી. દરમિયાનમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સામતભાઈને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા.આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈએ ટેમ્પા ચાલક વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.



**મિથુન (ક,છ,ઘ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.



**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.



**સિંહ (મ,ટ)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**

તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.



**ધન (ભ,ધ,ફ)**

આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**

તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**

આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# ઝીએ સ્ટાર પાસેથી 68 કરોડનું રિફંડ માગ્યું...




## ક્રિકેટ બ્રોડકાસ્ટ માટે 11,637 કરોડની ડીલ કરી હતી, ZEEએ તેને કેન્સલ કરી હતી...

નવી દિલ્હી | ઝી એન્ટરટેઈનમેન્ટે બ્રોડકાસ્ટર 'સ્ટાર' પાસેથી ICC ક્રિકેટ રાઈટ્સ એગ્રીમેન્ટની શરતોના ઉલ્લંઘનનો આરોપ લગાવીને રૂ. 68.54 કરોડનું રિફંડ માગ્યું છે. સ્ટાર વોલ્ટ ડિઝનીની પેટાકંપની છે.
ગયા મહિને, ઝી એન્ટરટેઈનમેન્ટે ડિઝની-સ્ટાર સાથે $1.4 બિલિયન (તે સમયે અંદાજે રૂ. 11,637 કરોડ)નો કરાર રદ કર્યો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) મેન્સ અને અંડર-19 ક્રિકેટ મેચના પ્રસારણ માટે ડિઝની-સ્ટાર સાથે Zee Entertainment દ્વારા આ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અગાઉ, સ્ટારે ZEEને બ્રોડકાસ્ટ ડીલનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવીને કાનૂની નોટિસ પણ મોકલી હતી. Zee અનુસાર, Star દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, Zeeએ લગભગ 17 કરોડ રૂપિયાના કમિશન અને વ્યાજના ખર્ચની સાથે રાઇટ્સ ડીલના પ્રથમ હપ્તા તરીકે $ 203.56 મિલિયન (આશરે રૂ. 1,691 કરોડ) ચૂકવ્યા નથી.
30 ઓગસ્ટ, 2022ના રોજ, ઝીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં ICC મેન્સ અને અંડર-19 ક્રિકેટના પ્રસારણ અધિકારો માટે ડિઝની-સ્ટાર સાથેના લાઈસન્સિંગ કરાર વિશે માહિતી આપી હતી. આ કરાર પર 26 ઓગસ્ટના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે 2024થી આગામી 4 વર્ષ માટે હતા. ઝી અને સ્ટાર વચ્ચેનો બ્રોડકાસ્ટ એગ્રીમેન્ટ પણ ઝી અને સોની વચ્ચેના $10 બિલિયન (આશરે 83,140 કરોડ રૂપિયા)ના મર્જર ડીલનો એક ભાગ હતો. એવું માનવામાં આવે છે કે સોનીએ મર્જરને રદ કર્યા પછી, ઝીએ સ્ટાર સાથેના બ્રોડકાસ્ટ ડીલને રદ કરવાનો નિર્ણય લીધો હતો.

### સોનીએ 22 જાન્યુઆરીએ મર્જર ડીલ રદ કરી હતી...

અગાઉ 22 જાન્યુઆરીએ સોનીએ ઝી સાથે મર્જર ડીલ તોડી હતી. આ બંને કંપનીઓએ ડિસેમ્બર 2021માં આ માટે કરાર કર્યા હતા. જો આ મર્જર થયું હોત, તો Zee+ Sony 24%થી વધુ વ્યુઅરશિપ સાથે દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક બની ગયું હોત.

# સોનું તૂટી રૂ.64,000ની અંદર ચાંદીમાં રૂપિયા 2,000નો કડાકો

**વિશ્વ બજારમાં સોનું ૪૦ ડોલર તૂટીને ૨૦૦૦ ડોલરની અંદર જ્યારે ચાંદીએ ૨૩ ડોલરની સપાટી ગુમાવી**

**અમેરિકામાં ફુગાવો વધતાં વ્યાજ દર ઘટવાની આશા ધૂંધળી બની**

મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૨૧૪૪ વાળા રૂ.૬૧૩૪૪ તથા ૯૯.૯૦ના ભાવ રૂ.૬૨૩૯૪ વાળા તૂટી રૂ.૬૧૫૯૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૧૦૪૨ વાળા રૂ.૬૯૧૫૦ બોલાયા હતા.
મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધી ઉંચામાં રૂ.૮૩.૧૨ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૩.૦૨ રહ્યા હતા. ડોલરમાં ઉછાળે અમુક સરકારી બેન્કોની વેચવાલી રહી હતી. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪.૯૮ થઈ ૧૦૪.૯૪ રહ્યો હતો. રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડ આજે ૯૩ પૈસા ગબડી રૂ.૧૦૪.૧૨ રહ્યો હતો.



મુંબઈ | મુંબઈ ઝવેરી બજારમાં આજે વેલેન્ટાઈન ડે તથા વસંત પંચમીન દિવસે સોના-ચાંદીના ભાવમાં તીવ્ર કડાકો બોલાઈ ગયો હતો અને તેના પગલે બજારમાં ખરીદી માટે આવી રહેલા મોસમી ગ્રાહકો તથા પ્રેમીજનોને રાહત થઈ હતી. ઝવેરી બજારના સૂત્રોના જણાવ્યા મુજબ વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ ઝડપી તૂટી જતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ખાસ્સી નીચી ઉતરી હતી અને તેના પગલે બજાર ભાવમાં ગાબડાં પડયા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ ગબડી ૯૯.૫૦ના રૂ.૬૩૮૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૪૦૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૦૦૦ તૂટી રૂ.૭૦૦૦૦ના મથાળે ઉતરી ગયા હતા.
વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૦૨૭થી ૨૦૨૮ ડોલરવાળા ગબડી ૨૦૦૦ ડોલરની અંદર ઉતરી નીચામાં ભાવ ૧૯૮૬ થઈ ૧૯૯૧થી ૧૯૯૨ ડોલર રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં ફુગાવામાં વૃદ્ધી મંગળવારે રાત્રે અપેક્ષાથી વધુ આવતાં ત્યાં હવે આગળ ઉપર વ્યાજ દરમાં વધારો થવાની શક્યતા ઘૂંધળી બની જતાં વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ ઉંચકાયો હતો સામે વૈશ્વિક સોનામાં ફંડોની વેચવાલી વધી હોવાના સમાચાર હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૨૨.૮૮થી ૨૨.૮૯ વાળા નીચામાં ૨.૧૯૩ થઈ ૨૨.૦૩થી ૨૨.૦૪ ડોલર રહ્યા હતા.
દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૯૦૦થી ૯૦૧ વાળા નીચામાં ૮૭૩ થઈ ૮૮૬થી ૮૮૭ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંશદીઠ ૯૧૩થી ૯૧૪ વાળા નીચામાં ૮૫૮ થઈ ૮૭૬થી ૮૭૭ ડોલર રહ્યા હતા. જો કે વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૧૩ ટકા પ્લસમાં રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના આગેકૂચ ચાલુ હતી. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૮૨.૬૪ વાળા ઉંચામાં ૮૩.૧૬ થઈ ૮૩.૦૨ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૭.૪૫ વાળા ઉંચામાં ૭૮.૧૬ થઈ ૭૮.૦૭ ડોલર રહ્યા હતા.
મિડલ ઈસ્ટમાં તંગદીલી ચાલુ રહેતાં ક્રૂડના ભાવ મક્કમ હતા. જો કે અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક ૮૫ લાખ ૨૦ હજાર બેરલ્સ વધ્યાનું અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટીટયુટે જણાવ્યું હતું. આવી સ્ટોક નૃદ્ધી ત્યાં આશરે ૨૬ લાખ બેરલ્સ થવાની અપેક્ષા હતી તેના બદલે સ્ટોકમાં વધુ વૃદ્ધી થવા છતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવુ મક્કમ રહેતાં જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા.
મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૨૧૪૪ વાળા રૂ.૬૧૩૪૪ તથા ૯૯.૯૦ના ભાવ રૂ.૬૨૩૯૪ વાળા તૂટી રૂ.૬૧૫૯૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૧૦૪૨ વાળા રૂ.૬૯૧૫૦ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.
દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધી ઉંચામાં રૂ.૮૩.૧૨ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૩.૦૨ રહ્યા હતા. ડોલરમાં ઉછાળે અમુક સરકારી બેન્કોની વેચવાલી રહી હતી. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪.૯૮ થઈ ૧૦૪.૯૪ રહ્યો હતો. રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડ આજે ૯૩ પૈસા ગબડી રૂ.૧૦૪.૧૨ રહ્યો હતો. જ્યારે યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૫૫ પૈસા ગબડી રૂ.૮૮.૮૪ રહ્યા હતા. જાપાનની કરન્સી જો કે ૦.૧૧ ટકા વધી હતી. જ્યારે ચીનની કરન્સી ૦.૧૦ ટકા નરમ રહી હતી.

# મોંઘવારીથી રાહત!: જાન્યુઆરીમાં જથ્થાબંધ ફુગાવો ત્રણ માસના તળિયે

**ઓક્ટો. દરમિયાન WPI ફુગાવો -0.26% સાથે સૌથી નીચલા સ્તરે...**



નવી દિલ્હી | દેશમાં જાન્યુઆરી દરમિયાન મોંઘવારીથી લોકોને રાહત મળી છે. જાન્યુઆરી દરમિયાન ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે જથ્થાબંધ ફુગાવો ઘટીને 0.27% સાથે ત્રણ મહિનાના તળિયે નોંધાયો છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં શાકભાજીની કિંમતોમાં પણ ઘટાડો થયો છે. એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન WPI ફુગાવો નેગેટિવ ઝોનમાં રહ્યો હતો અને નવેમ્બર દરમિયાન તે 0.39% રહ્યો હતો. જાન્યુઆરી 2023 દરમિયાન, તે 4.8% અને ડિસેમ્બર 2023 દરમિયાન તે 0.73% હતો.
વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અનુસાર જાન્યુઆરી, 2024 માટે જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો કામચલાઉ છે. અગાઉ ઓક્ટોબર 2023 દરમિયાન WPI ફુગાવો -0.26% સાથે સાથે સૌથી નીચલા સ્તરે હતો. જાન્યુઆરી દરમિયાન ખાદ્ય ફુગાવો પણ ડિસેમ્બર 2023ના 9.38%થી ઘટીને 6.85% રહ્યો હતો. ખાદ્યમાં શાકભાજીનોં મોંઘવારી દર ડિસેમ્બરના 26.3%થી ઘટીને 19.71% રહ્યો હતો. જ્યારે બટાકામાં ફુગાવો નેગેટિવ ઝોનમાં હતો. તદુપરાંત ફળો, ઈંડા, દૂધ, માછલીનો ભાવ પણ ઘટ્યો છે. જાન્યુઆરીમાં ઈંધણ અને પાવર સેગમેન્ટમાં ફુગાવો (0.51%) હતો જે ડિસેમ્બર 2023 દરમિયાન -2.41% રહ્યો હતો. ઉત્પાદિત વસ્તુઓનો મોંઘવારી દર -1.13% હતો જે ગત મહિના દરમિયાન -0.71% રહ્યો હતો.
બીજી તરફ ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસની કિંમતો -0.33% હતો, જ્યારે બિન-ખાદ્ય વસ્તુઓમાં મોંઘવારી દર -0.49% રહ્યો હતો. ડેટા દર્શાવે છે. જાન્યુઆરી 2024ની તુલનાએ નવેમ્બર 2023 દરમિયાન જથ્થાબંધ મોંઘવારી દર 0.26% હતો. શાકભાજીનો ફુગાવો જાન્યુઆરીમાં 19.71 ટકા હતો, જે અગાઉના મહિનામાં 26.3 ટકા હતો. જાન્યુઆરીમાં કઠોળમાં જથ્થાબંધ ફુગાવો 16.06 ટકા હતો જ્યારે ફળોમાં તે 1.01 ટકા હતો. જાન્યુઆરી 2023માં જથ્થાબંધ ફુગાવો 4.8 ટકા હતો.

# રોકાણકારો નિરાશ થઇ શકે : એસ આઇ પીમાં ઓટો ડેબિટ, બેલેન્સ નહીં હોય તો બેન્ક દ્વારા જંગી પેનલ્ટી

મુંબઇ | મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી નાના રિટેલ રોકાણકારો માટે નાની નિયમિત બચત કરવા તેમજ શેરમાર્કેટમાંથી ઊંચું રિટર્ન મેળવવા માટે એક લોકપ્રિય માધ્યમ બની ચૂક્યું છે. બેન્કોની ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ (ECS)/ નેશનલ ઑટોમેટેડ ક્લિયરિંગ હાઉસ (NCH) બેન્ક ખાતામાંથી તેના માટે રકમ ઓટો ડેબિટ કરવા માટેની અનુમતિ આપે છે. પરંતુ જો રોકાણકાર બેન્ક ખાતામાં પર્યાપ્ત રકમ ન હોવાની સ્થિતિમાં SIPનું એક પણ પેમેન્ટ ચૂકી જાય તો આ સુવિધા પર વધુ પેનલ્ટી ચાર્જ પણ લાગે છે.
ECS/NACH એક નવું મિકેનિઝમ છે જેનો વારંવાર ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શન્સ માટે કરાય છે. ચાલો આ સમસ્યા અંગે ઉદાહરણથી સમજીએ. માની લો કે એક રિટેલ રોકાણકારે 500 રૂ.ની ચાર મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી લીધી છે. તેની રકમ ECS/NACH અથવા સ્ટેન્ડિંગ ઈસ્ટ્રક્શન (એસઆઇ) મારફતે દર મહિને તેના બેન્ક ખાતામાંથી ઓટોમેટિક ડેબિટ થાય છે. જો ટ્રાન્ઝેક્શન્સના દિવસે બેન્ક ખાતમાં પર્યાપ્ત બેલેન્સ ન હોય, તો તેને પ્રત્યેક ફેલ થયેલા ટ્રાન્ઝેક્શન માટે કુલ 590 ની ચૂકવણી કરવી પડશે.
જ્યારે તમારી પાસેથી કોઈ લેણદારી હોય અથવા નિયમિત પેમેન્ટનું બંધન હોય ત્યારે દંડ થાય તે વાજબી છે. પરંતુ જ્યારે વાત બચત અને રોકાણની હોય ત્યારે પેનલ્ટી યોગ્ય છે? ખાસ કરીને ત્યારે કે એસઆઈપી એક સ્વૈચ્છિક રોકાણ છે. રિટેલ રોકાણકારો જે મોટા ભાગે લાંબી મુદતના નાણાકીય લક્ષ્યો માટે ઓછી માત્રામાં રોકાણ કરે છે.



# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી ભારત માટે મોંઘી સાબિત થશે

અમદાવાદ | રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવું ભારત માટે ફરી મોંઘુ સાબિત થઈ શકે છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે મોસ્કોથી મોકલવામાં આવેલ સામાન હવે લાંબા રૂટ થકી ભારત પહોંચી રહ્યો છે. આ લાંબા રસ્તા પાછળનું કારણ છે કે કાર્ગો જહાજોને રાતા સમુદ્રના માર્ગ પર હુતી હુમલાથી સુરક્ષિત કરી શકાય. અધિકારીએ કહ્યું, 'ક્રૂડ ઓઈલની આયાત પર થોડી અસર થઈ છે કારણ કે રશિયન ક્રૂડ ઓઈલ હવે લાંબા રૂટથી ભારતમાં આવી રહ્યું છે અને તે હવે મોંઘું પડી રહ્યું છે.' હુથી બળવાખોરોના હુમલાએ ભારતીય કંપનીઓ માટે શિપિંગ ખર્ચમાં વધારો કર્યો છે અને મોટી માલવાહક કંપનીઓ આફ્રિકાના લાંબા રૂટનો ઉપયોગ કરી રહી છે અથવા સુએઝ કેનાલમાંથી સુરક્ષિત માર્ગ માટે નજીકના બંદરો પર રાહ જોઈ રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ભારતે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ પર ઓફર થઈ રહેલ ક્રૂડ ઓઈલની આયાત વધારી દીધી હતી. સસ્તી આયાતને કારણે ભારત હવે મોટા ભાગનું ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદી રહ્યું છે, ત્યારબાદ ઈરાક અને સાઉદી અરેબિયાનો ટોચના નિકાસકાર દેશ છે.

# વેલેન્ટાઇન સપ્તાહમાં ઓનલાઇન ટ્રાન્ઝેક્શનમાં 100 ટકાથી વધુની વૃદ્ધિ




અમદાવાદ | દેશમાં વસંતપંચમીની સાથે-સાથે ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન દિવસ પર જોરશોરથી ઉજવવામાં આવ્યો છે. ૭ ફેબ્રુઆરીથી શરૂ થયેલા વેલેન્ટાઈન વીકમાં અમદાવાદ, હૈદરાબાદ અને પૂણે જેવા ઉભરતા મહાનગરો ૧૦૦ ટકાથી વધુ વૃદ્ધિ નોંધાવીને દેશના ટોચના મહાનગરો મુંબઈ, નવી દિલ્હી અને બેંગ્લોરને પછાડીને નવા વેલેન્ટાઈન કેપિટલ બન્યા છે. સિમ્પલ ચેકઆઉટ સ્કેનના રિપોર્ટ મુજબ ગત વર્ષ કરતાં ઓનલાઈન વ્યવહારોમાં સિમ્પલના ૧-ટૅપ ચેકઆઉટ મારફતે ૧ ફેબ્રુઆરીથી ૧૪મી બપોર સુધી સમગ્ર ભારતમાં ૧૦૦ ટકાથી વધુની વૃદ્ધિ નોંધવામાં આવી છે, જેમાં ખાણીપીણી, ક્વિક કોમર્સ, ટ્રાવેલ, બ્યુટી-કોસ્મેટિક, પર્સનલ કેર અને ઈલેક્ટ્રોનિક્સ સહિતની કેટેગરીઓની બોલબાલા રહી હતી.
અમદાવાદ, હૈદરાબાદ અને પૂણે જેવા ઉભરતા શહેરોએ ટ્રાન્ઝેકશનમાં અનુક્રમે ૧૫૦ ટકા, ૧૩૬ ટકા અને ૧૫૪ ટકા વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે બેંગ્લોર અને નવી દિલ્હી જેવા ટોચના મહાનગરોએ ૧૦૩ ટકા અને ૫૪ ટકા વૃદ્ધિ નોંધાવી હતી અને મુંબઈમાં માંગમાં ૨૪ ટકાનો નજીવો વધારો થયો હતો. બુકમાયશો, ડ્રાઈવયુ અને પાર્ક+ જેવા મર્ચન્ટોને આવરી લેતા સર્વિસ સેગમેન્ટે ૧૫૪ ટકા વૃદ્ધિ નોંધાવી, ત્યારબાદ ૩૬ ટકા વૃદ્ધિ સાથે ફૂડ, બેવરેજીસ અને ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ડુન્ઝો અને ઝેપ્ટો જેવી ક્વિક કોમર્સ કેટેગરી હતી. રસપ્રદ વાત એ છે કે તમામ મહાનગરોમાં ૪૧-૫૦ વર્ષની વયના ગ્રાહકો દ્વારા કરવામાં આવતા વ્યવહારોમાં નોંધપાત્ર વધારો થયો છે. અમદાવાદ, હૈદરાબાદ અને પૂણેમાં આ ઉંમરના વર્ગના વ્યવહારોમાં અનુક્રમે ૧૯૨ ટકા, ૧૭૦ ટકા અને ૨૩૩ ટકા વૃદ્ધિ જોવા મળી હતી, જ્યારે નવી દિલ્હી અને બેંગલુરુ જેવા ટોચના મેટ્રોમાં ૭૫ ટકા અને ૯૪ ટકા નો વધારો થયો હતો.
વધુમાં ગત વર્ષની સરખામણીમાં સરેરાશ ઓર્ડર વેલ્યુમાં રૂ. ૪૬૭થી રૂ. ૫૭૫ સુધી ૧૫ ટકાનો વધારો થયો છે. અન્ય મહત્વની વાત એ છે કે મોટા ભાગના ઓર્ડર રાત્રે ૮થી ૯ વાગ્યાની વચ્ચે આપવામાં આવ્યા હતા અને તેમાં મહિલા ગ્રાહકોના ટ્રાન્ઝેકશનમાં ૩૧ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી.

# મોદીકેર દ્વારા પ્રસ્તુત મિસ્ટીક ટચ પર્ફ્યુમ્સ

મુંબઈ | ફ્રાંસમાં તૈયાર થયેલ પર્ફ્યુમની કેપિવેટીંગ રેન્જ એવા મોદીકેર દ્વારા માઈસ્ટીક ટચ પર્ફ્યુમ કલેક્શન સાથે રોમાન્સના મૂળ સારને ડિસ્કવર કરે છે, જે તમને 'એ જ પહેરવા માટે પ્રોત્સાહિત કરે છે જે તમને પારિભાષિત કરે છે.' તે દરેક (100 એમએલ) રૂપિયા 2400/- ની એમઆરપીથી ઉપલબ્ધ છે, તે પીઈટીએ સર્ટીફિકેશન સાથે 100% ક્રુઈટલી-ફ્રી હોવા સાથે ક્લિન બ્યુટીની ખાતરી આપવા સાથે આ પર્ફ્યુમ રજૂ કરવામાં આવ્યું છે. આઈએફઆરએ (ઈન્ટરનેશનલ ફ્રેગ્રેન્સ એસોસિએશન)ના આધાર સાથે પ્રામાણિત આ પર્ફોમન્સ લક્ઝરિયસ અને એથિકલ ઓલફેક્ટરી એક્સપિરીયનસને સુનિશ્ચિત કરે છે.
વ્હિસ્પર સાથે સ્ત્રીત્વમાં પગલું માંડો, એક આકર્ષક ફળની સુગંધ કે જે લીંબુ અને પુદીનાના મધુર સુરોં સાથે આકર્ષે છે, તે તમને દરેક ક્ષણે એક સ્ટેટમેટ માટે વધુ સશક્ત બનાવે છે. આ દરમિયાન, 'સિલ્ક મ્યુઝ' તમને ફ્લાવર ડિલાઈટની દુનિયામાં આમંત્રિત કરે છે, તેમાં બદામ, કોફી, બરગામોટ તથા લીંબુનું અદભૂત મિશ્રણ એક આકર્ષક ઉત્કૃષ્ટ કૃતિનું સર્જન કરે છે અને તે વાસ્તવિકતામાં હાઈપ્નોટાઈઝીંગ્લી ખાસ છે.
જેન્ટલમેન, 'ડીપ નોયર' સાથે સેલ્ફ-એક્સપ્રેસનની આ જર્નીમાં નિકળો, જે એક એક્વેટીક ફ્રેગ્રેન્સ તમને



સ્ટેટમેન્ટ આપવાની અનુમતિ આપે છે. આ આધુનિક અને મેસક્યુલાઈન ફ્રેગ્રેન્સ લેવેન્ડર અને જેરેનિયમની નોટ્સને જોડે છે, જે ચંદન તથા દેવદારના લાકડા જેવી મોહક સુગંધ ધરાવે છે. બીજી બાજુ, 'ઓઉડ' તમને સમકાલીન વુડી સ્પાઈસી ફ્રેગ્રેન્સની સુગંધ સાથે એક ગહેરા મેસ્ક્યુલાઈનનો અનુભવ કરાવે છે. વ્હિસ્કી તથા વૂડ સીમલેસી ઈન્ટરવાઈન એકબીજામાં ગુંથાયેલ છે,જે તીવ્ર ભાવનાનું ઉત્તમ પ્રતીક છે.
મિઈસ્ટીક ટચ સાથે તમે વધારે સારા વિશ્વાસથી તમારી સ્ટાઈલને એક્સપ્રેસ કરવા માટે સક્ષમ બની શકશો અને સોફિસ્ટીકેટેડ તથા એથિકલ સ્કેન્ટ જર્ની મારફતે સેનસ્યુલિટી અને એલ્યુર સ્થિતિમાં વધારે સારી રીતે એક્સપ્રેસ કરી શકાય છે!

# Paytmમાં ગાબડા : 27 માસમાં રોકાણકારોની સંપતિમાં રૂપિયા 1.14 લાખ કરોડનું ધોવાણ

મુંબઈ | પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરૂધ્ધ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અંકુશાત્મક પગલાંના પરિણામે પેટીએમ પરનો ગ્રાહકો, ઈન્વેસ્ટરોનો વિશ્વાસ સતત ઘટતો જતાં અને દેશ-વિદેશના બ્રોકિંગ હાઉસોએ પેટીએમ કંપની વન૯૭ કોમ્યુનિકેશન્સ લિમિટેડના શેરને સતત ડાઉનગ્રેડ કરતાં શેરમાં અવિરત ધોવાણ થઈ રહ્યું છે.
પેટીએમ વિરૂધ્ધ હવે એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે ફોરેક્સ ધોરણોનું ઉલ્લંઘન સંબંધિત કેસ રજીસ્ટર કર્યો હોવાના અને તપાસના આદેશ આપ્યાના અહેવાલે આજે-બુધવારે શેરમાં વધુ ૧૦ ટકાની ઓનલી સેલરની નીચલી સર્કિટ લાગી શેર રૂ.૩૮ તૂટીને રૂ.૩૪૨.૧૫ ઓલ ટાઈમ નીચી સપાટીએ આવી ગયો હતો. આ સાથે શેરોમાં રોકાણકારોની સંપતિમાં છેલ્લા ૨૭ મહિનામાં રૂ.૧,૧૪,૭૬૬ કરોડનું અધધ... ધોવાણ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ મેક્વાયરે પેટીએમ-વન૯૭ કોમ્યુનિકેશન્સના શેર માટે આવક અંદાજો ઘટાડીને મૂક્યા સાથે શેરનો ભાવ લક્ષ્યાંક ઘટાડીને રૂ.૨૭૫ મૂકતાં શેરોમાં નવેસરથી ગાબડાં પડવાનું ચાલુ થયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પેટીએમ પેમેન્ટ્સ બેંકને ૨૯, ફેબુરઆરી ૨૦૨૪ બાદ પ્રમુખ સર્વિસિઝ ઓફર કરવાનું બંધ કરવા આદેશ આપતાં શેરોમાં પેનિક સેલિંગ થઈ રહ્યું છે. આ દરમિયાન પેટીએમ પેમેન્ટ્સ બેંક વિરૂધ્ધ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ(ફેમા) હેઠળ પણ તપાસ શરૂ થયાના અહેવાલ વહેતાં થયા છે. આ અગાઉ એવા અહેવાલો હતા કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વન૯૭ કોમ્યુનિકેશન્સ દ્વારા કાર્યરત પ્લેટફોર્મ્સ દ્વારા ફોરેન એક્સચેન્જ નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે કે એની તપાસ થઈ રહી છે. અલબત પેટીએમ દ્વારા ઈડી તપાસના અહેવાલને નકારી કાઢવામાં આવ્યા હતા. પેટીએમ-વન૯૭ કોમ્યુનિકેશન્સ લિમિટેડ દ્વારા ૨૭ મહિના પૂર્વે ૮, નવેમ્બર ૨૦૨૧ના શેર દીઠ રૂ.૨૦૮૦ થી રૂ.૨૧૫૦ પ્રાઈસ બેન્ડમાં આઈપીઓ લાવીને શેર દીઠ રૂ.૨૧૫૦ ભાવે રોકાણકારોને ઈસ્યુ કરવામાં આવ્યા હતા. ત્યારે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કે રોકાણકારોની સંપતિ રૂ.૧,૩૬,૪૮૬ કરોડ હતી.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, માસ સુદ-07

# વડાપ્રધાનની ખાડી દેશોની યાત્રાનું મહત્ત્વ

પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંયુક્ત અરબ અમીરાત (યુએઈ) અને કતારની યાત્રા કૂટનીતિની દૃષ્ટિએ મહત્ત્વની છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા યુદ્ધને કારણે આ ક્ષેત્રમાં તણાવ ચરમ પર છે. ક્ષેત્રીય તણાવથી ઈતર ભારતે વિશ્વના તમામ દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખવાની વસુધૈવ કુટુંબકમ્ નીતિનું અનુસરણ કર્યું છે. ઈઝરાયલ સાથે દોસ્તી રાખતાં ભારતે મુસ્લિમ દેશો સાથે પણ સંબંધો બહેતર બનાવી રાખ્યા છે. યુએઈની રાજધાની અબુધાબીમાં પહેલું વિશાળ હિંદુ મંદિર બનવું અને પીએમ નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્ઘાટન કરવું યુએઈ અને ભારતને સાંસ્કૃતિક રૂપે વધુ નજીક લાવે છે. બીએપીએસ દ્વારા નિર્મિત હિંદુ મંદિર લગભગ ૨૭ એકર જમીન પર બનાવવામાં આવ્યું છે. મંદિર માટે જમીન યુએઈ સરકારે આપી છે. યુએઈમાં ત્રણ બીજાં હિંદુ મંદિર છે, જે દુબઈમાં સ્થિત છે. આ યુએઈનું ભારત પ્રત્યે સન્માન દર્શાવે છે. પીએમ નરેન્દ્ર મોદીની સરકારે યુએઈને મહત્ત્વ આપ્યું છે. ૨૦૧૫ બાદથી આ ખાડી દેશની તેમની સાતમી અને છેલ્લા આઠ મહિનામાં ત્રીજી યાત્રા છે. ૨૦૧૫માં નરેન્દ્ર મોદીએ પીએમ રૂપે યુએઈનો જ્યારે પહેલો પ્રવાસ કર્યો હતો, તો તે ભારતના કોઈપણ વડાપ્રધાનનો ૩૪ વર્ષ બાદ થયેલ પ્રવાસ હતો. હાલમાં જ ગુજરાતમાં થયેલ ગ્લોબલ સમિટમાં યુએઈના રાષ્ટ્રપતિ ભારત આવ્યા હતા અને તેમણે પીએમ સાથે રોડ શો પણ કર્યો હતો. પીએમ મોદીએ અબુધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં લગભગ ૬૦ હજાર ભારતીય પ્રવાસીઓને સંબોધિત કર્યા, આ કાર્યક્રમને 'અહલન મોદી' નામ આપવામાં આવ્યું. અહલન અરબીનો શબ્દ છે જેનો મતલબ સ્વાગત થાય છે. યુએઈ ભારતમાં ૫૦ અબજ ડોલરનું નવું રોકાણ કરશે. મોદીના આ પ્રવાસમાં સાંસ્કૃતિક કૂટનીતિ, વિદેશ નીતિ, રાજનીતિ અને રોકાણ - બધું જ સામેલ છે. પીએમની આ પેકેજ્ડ યાત્રા છે. ભારતના વધતા જિયોપોલિટીકલ મહત્ત્વ અને અર્થવ્યવસ્થામાં તેજ વૃદ્ધિ દરને કારણે યુએઈ ભારતને વધુ મહત્ત્વ આપી રહ્યું છે. યુએઈના રાષ્ટ્રપતિ મોહંમદ બિન ઝાયેદ અલ નાહ્યાનને પીએમ મોદી પોતાના ભાઈ ગણાવે છે. યુએઈએ પીએમ મોદીને ૨૦૧૯માં પોતાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ઝાયેદ'થી પણ સન્માનિત કર્યા હતા. મોદીના વ્યાવહારિક રાજનીતિવાળી માનસિકતા અને એક મજબૂત નેતાની શૈલીને સઉદી અને યુએઈના બંને પ્રિન્સ પસંદ કરે છે. ૨૦૨૧-૨૨માં યુએઈ ભારતનું ચીન અને અમેરિકા બાદ ત્રીજું સૌથી મોટું ટ્રેડ પાર્ટનર હતું. ૧૯૭૦ના દાયકામાં બંને દેશો વચ્ચે વાર્ષિક વેપાર ફક્ત ૧૮ કરોડ ડોલરનો હતો, જે આજની તારીખે ૮૫ અબજ ડોલર પહોંચી ગયો છે. જે દર્શાવે છે કે ભારત અને યુએઈના સંબંધ પીએમ મોદીના કાર્યકાળમાં કેટલા પ્રગાઢ થયા છે. કતારમાં ભારતની કૂટનીતિક જીત થઈ છે, જ્યારે મોતની સજા પામેલા ભારતીય નૌકાદળના આઠ પૂર્વ કર્મીઓને કતાર સરકારે છોડી દીધા. ૨૦૧૬ બાદ પીએમ બીજી વખત કતારમાં ત્યાંના અમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે મંત્રણા કરશે. તેમાં ટ્રેડ, ભૂરાજનીતિ, રોકાણ અને ઊર્જા પર ચર્ચા થશે. ભારતે કતાર સાથે ગેસ પૂરવઠાની સૌથી મોટી ડીલ કરી છે. હાલનાં વર્ષોમાં ભારત અને કતારના બહુઆયામી સંબંધ તમામ ક્ષેત્રોમાં બહેતર બન્યા છે.

# ચાણસ્મા તાલુકાના ગંગેટ ગામે ખેતરમાં પાકની સંભાળ માટે રાત્રે રોકાયેલા 58 વર્ષીય આધેડની હત્યા : પંથકમાં ચકચાર

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ગંગેટ ગામે હત્યા ની ઘટના બનતા ચાણસ્મા સહિત પંથક માં ચક્ચાર મચી જવા પામી છે જેની હકીકત એવી છે કે ચાણસ્મા ના તાલુકા ના ગંગેટ ગામે ઠાકોર વાસ માં રહેતા ઠાકોર કાનાજી જગા જી ઉ.વ. ૫૮ રહે. ગંગેટ તા. ચાણસ્મા જિ પાટણ વાળા તેમના સરા વાળા ખેતર માં ઘઉં ના ખેતર માં પીયત કરવા સાથે એરંડા નો ઢગલો પહેલ હોઈ રાત્રી દરમિયાન કોઈ ચોરી ન જાય એટલે ચોકી કરવા ગયા હતા પરંતુ ગુરૂવારે સવાર સુધી ઘરે નહી આવતા મૃતક ના સૌથી નાના દિકરા રણજિતજી કાનાજી ખેતરે તપાસ કરવા ગયા હતા તે દરમિયાન તેમના પિતાજી કાનાજી ઠાર્કોર તેમના ખેતર માં એરંડા ના ઢગલા પાસે ખાટલા માં લોહી લુહાણ હાલત માં પડેલા જોતા ગભરાઈ ગયેલા મૃતકના દિકરા એ તેમના પરિવાર સહિત ચાણસ્મા પોલિશ ને ઘટના ની જાણ કરતા ચાણસ્મા પોલિશ ઘટના સ્થળે દોડી આવી હતી ઘટના ની જાણ થતા ચાણસ્મા પી આઈ. સહિત પોલિશ કાફ્લો ઘટના સ્થળે દોડી આવ્યો. ગંગેટ ગામે તીક્ષણ હથીયાર કરાયેલ આધેડ ખેડૂત ની હત્યા ની ઘટના ની જાણ ચાણસ્મા પોલિશ ને થતા ચાણસ્મા પી આઈ. એસ. એફ ચાવડા સહિત પોલિશ કાફલો ઘટના સ્થળે દોડી આવી લાશ નું પંચનામું કરી લાશ નું પી એમ કરવા સહિત ની કાર્યવાહી હાથ ધરાઈ હતી.૧ વર્ષ પહેલા ગામ ના ઈસમ દ્વારા મૃતક કાનાજી ઠાકોરે ભાગ થી વાવેતર કરેલ રાયડા નો તૈયાર મોલ સળગાવી દિધો હતો તે જ ઈસમે મૃતક ના નાના દિકરા રણજિત જી ને તારા. ઘરના ગમે તેને મારી નાખીશ તેવી ધમકી આપી હતી

મૃતક કાનાજી ઠાકોર ને ત્રણ પુત્રો (૧) લક્ષમણજી કાનાજી (૨) રમતુ જી કાનાજી ( ૩ ) રણજિતજી અને એક દિકરી (૪) સીતા બેન મળી ચાર સંતાનો છે જે પૈકી નાના દિકરા રણજિતજી એ જણાવ્યુ હતુ કે અમારા ગામ ના ઠાકોર ભરતજી વેચાતજી એ ગયા વર્ષે અમારો રાયડા નો તૈયાર મોલ સળગાવી માર્યો હતો અને ગઈ કાલે જ ભરતજી વેચાતજી એ તારા ઘરમાં થી એક ને મારી નાખીશ તેવી ધમકી આપી હોવા થી (૧) ભરતજી વેચાત જી તેના (૨) પિતા વેચાત જી કુંવરજી (૩) કેશર બેન વેચાત જી (૪) ઠાકોર હેમતાજી મણાજી (૫) લાલાજી મણાજી એ મારા પિતાજી ની હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરી હતી.



### ઘટના અંગે તપાસ કર્તા પોલિશ અધિકારી શું કહે છે

ગંગેટ ગામ ની સીમ માં બનેલી આધેડ ખેડૂતની હત્યા કેસ ની તપાસ કરતા ચાણસ્મા પોલિશ અધિકારી એ ઘટના અંગે ની જાણકારી આપતા જણાવ્યું હતું ગંગેટ ગામે ઠાકોર કાનાજી જગા જી ની તેમના ખેતર માં ધાતક હથીયાર નો ગળા ના ભાગે ધા મારી હત્યા નિપજાવી હોવાથી હકીકત મળતાં ઘટના સ્થળે પહોંચી ઘટના ની વિગતો મેળવી લાશ નું પી એમ કરી મૃતક ના દિકરા પાસે થી મળેલ હકીક્ત જેવી કે ૧ વર્ષ અગાઉ ગામના ઠાકોર ભરતજી વેચાત જી એ રાયડા નો તૈયાર મોલ સળગાવ્યો હતો અને બે દિવસ પહેલા ભરતજી એ મૃતક ના દિકરા ને તારા ધરના એ વ્યક્તિ ને મારી નાખીશ તેવી ધમકી આપતા અને ફરીયાદી એ ઠાકોર ભરતજી વેચાતીજી એ તેમના પતિ ની હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરી ફરીયાદ દાખલ કરતા હાલ તો ઠાકોર ભરતજી વેચાત જી ની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું

## જાફરાબાદમાં સાવજો આવી ચડતા લોકોમાં ભયનો માહોલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અવારનવાર સાવજો બંદર એરિયામાં આવી ચડતા હોય પરંતુ ફોરેસ્ટ વિભાગ ગંભીરતા લેતું નથી તા/૧૩/૦૩/૨૦૨૪ ના રોજ તલાવડી વિસ્તારમાં સિંહણ આવી તે સ્થાનિક લોકો દ્વારા પોતાના સીસીટીવી માં જોતા સિંહણ લોકો ના રહેણાંક વિસ્તારમાં હોય અને બાલકૃષ્ણ સોસાયટી તેમજ આજુબાજુના સોસાયટી માં સાવજો આવી ચડતા હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો આજે તા/૧૪/૦૨/૨૦૨૪ ના રોજ દરિયાઇ જે.ટી. હનુમાનજી ના મંદિર તેમજ બોટ માલિકો ની કાઠી ઓ માં સાવજો જોવા મળ્યા હતા માનવ વસાહત માં અવારનવાર સાવજો આવી ચડતા હોય તો ફોરેસ્ટ વિભાગ શું કરી રહી છે ? અગાઉ સિંહણ દ્વારા બાબરકોટ માં વાડી વિસ્તારમાં લોકો ઉપર હુમલો કરી ગંભીર રીતે ઘવાઈ હતા તેવી ઘટના ફરી પછી બનશે તો જવાબદારી કોની ? તલાવડી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકોના રહેણાંક મકાનો આવેલા હોય તેમજ રાત-દિવસ નાગરિકો ની અવરજવર રહેતી હોય અને સાવજો કોઈ નાગરિકો ઉપર હુમલો કર્યો તો જવાબદારી કોની ? લોકોના રહેણાંક વિસ્તારોમાં સાવજો આવી ચડતા લોકોમાં ભયનું વાતાવરણ ફેલાયું આ બાબતે શું ફોરેસ્ટ વિભાગ ગંભીરતા લેવામાં આવશે કે કોઈ નાગરિકો ઉપર હુમલો થાય અને કોઈ નાગરિકનું અનમોલ જીવ ગુમાવી બેઠે ત્યારે ગંભીર બનશે ? કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે હાલતો લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

## કોમર્સ કોલેજ મોડાસામાં વાનગી સ્પર્ધા યોજાઈ



રાકેશ મહેતા | ધનસુરા

ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત શ્રી એચ.એસ. શાહ કૉલેજ ઓફ કોમર્સ ખાતે વાનગી સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં મીઠાઈ અને વાનગી એમ બે વિભાગમાં કુલ 27 વિધાર્થીઓએ ભાગ લીધો હતો. પોષણમૂલ્ય તથા દેશી સામગ્રીના ઉપયોગને ધ્યાનમાં રાખી વાનગીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મંડળના ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ આ સ્પર્ધા દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા અને સ્પર્ધકો તથા વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.એમ.કે.પટેલે સ્પર્ધકોને ખાણીપીણી ક્ષેત્રે વ્યવસાયની તકો અંગે માહિતી આપી હતી. સ્પર્ધાનું આયોજન ડૉ. ઈલાબેન સગર તથા પ્રા. જિજ્ઞાશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખેતર ફરતે બાંધેલા વીજતારમાં કરંટ લાગતા બાળકનું મોત

કઠલાલ | કઠલાલના ખલાલ ગામની સીમમાં કરંટ લાગવાથી 5 વર્ષના માસૂમનો જીવ ગયો છે. ખેતરમા રીંગણના પાકના રક્ષણ માટે વાવણી કરતા વ્યક્તિએ લાકડાની થાંભલીઓ રોપી તેમાં તાર બાંધી નજીક આવેલા જીઈબીના થાંભલાનો કરંટનુ જોડાણ કર્યું હતું અને નજીક રમતા બાળક આ તારને અડકી જતાં વીજ કરંટ લાગ્યો હતો. બનાવના 25 દિવસ બાદ એમજીવીએલનો રીપોર્ટ આવતાં કઠલાલ પોલીસમાં મરણજનાર બાળકના પિતાએ ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં પિતા અને અન્યે એક બચાવવા જતાં ફંગોળાયા હતા. કઠલાલ તાલુકાના ખલાલ ગામે ફુલાવત સીમમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરી જીવન ગુજારતા 25 વર્ષિય કાનજીભાઈ બાદરસિહ ઝાલાને સંતાનમાં એક દીકરો 5 વર્ષિય નક્ષ છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિધાલયનો 16મો પદવીદાન સમારોહ યોજાયો

વેરાવળ | તા.15




રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયનો ૧૬મો પદવીદાન સમારોહ આજે વેરાવળ ખાતે યોજાયો હતો.

રાજ્યપાલશ્રીએ દીક્ષાંત સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સંસ્કૃત એ વેદોની ભાષા છે, દેવોની ભાષા છે. સંસ્કૃતમાં અભ્યાસ કરવો તે કોઈ હીનતા કે દીનતાની વાત નથી, પરંતુ ગૌરવની વાત છે. સંસ્કૃત એ તમામ ભાષાઓની જનની છે. આજે કમ્પ્યુટર પણ સંસ્કૃત ભાષા સૌથી સારી રીતે સમજે છે.

રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, સંસ્કૃત એ દરેક પ્રકારની સજ્જ ભાષા છે. એ રીતે તે ખજાનાથી પરિપૂર્ણ ભાષા છે. જે લોકો સંસ્કૃત નથી જાણતા તે અભાગી છે. ગાંધીજીની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગાંધીજી કહેતા હતાં કે, હું સંસ્કૃત નથી જાણતો તેનો રંજ છે. જે સંસ્કૃતની મહત્તા દર્શાવે છે.

રાજ્યપાલશ્રીએ યુનિવર્સિટીમાંથી મેળવેલા જ્ઞાનનો ઉપયોગ જ્યાં જળની જરૂર છે, ત્યાં જળસંરક્ષણ, જ્યાં વૃક્ષોની જરૂર છે, ત્યાં વૃક્ષારોપણ, જ્યાં દીન-દુખી લોકો છે, તેવા લોકોની સેવા, જ્યાં જમીન બંજર છે, ત્યાં પ્રાકૃતિક કૃષિ જેવા પ્રયત્નો દ્વારા સમાજસેવાના કાર્યો કરવા હાકલ કરી હતી.

ધરતી પર આવ્યા છીએ તો એક ઈતિહાસ બનાવીએ, પરિશ્રમી અને તપસ્વી બનીએ. તેમજ રાષ્ટ્ર પ્રત્યેનો સમર્પણ ભાવ કેળવીએ તેવી અપેક્ષા રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી "જિંદગી જિંદાદિલી કા નામ હૈ, મૂર્દા દિલ ક્યા ખાક જીયા કરતે હૈ" તેમ કહી મેળવેલા જ્ઞાનને ઉત્સાહ, ઉમંગથી અન્ય લોકો સાથે વહેંચવા અને પોતાના વ્યક્તિત્વમાં રહેલા અનેક પાસાઓને ઉજાગર કરવાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

આપણા વેદ; ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ સહિતના પરંપરાગત શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં છે. તેના પર તમામને ગર્વ થવો જોઈએ. આ એક ઋષિ-મનીષીઓની ભાષા છે. સંસ્કૃતના જ્ઞાતા તરીકે એ ભાષા આવડવાનો તમને ગર્વ હોવો જોઈએ. આપણી ગુરુકુળ પરંપરામાં પણ આ જ ભાષાનું અધ્યાપન અને અધ્યયન કરાવવામાં આવતું હતું. આજે પદવી મેળવીને જનારા વિદ્યાર્થીઓમાં જે ઉદ્દેશ્ય માટે તેઓ વિદ્યા મેળવવા માટે આવ્યા હતાં, તે મેળવ્યાની સાર્થકતા જોઈએ. પદવી મેળવ્યા બાદ સમાજ અને દેશની અપેક્ષાઓમાં ખરા ઉતરવાનું તેમના પર દાયિત્વ છે. આ સિવાય આચાર્ય દેવો ભવઃ, માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ ની પરંપરાને આગળ નિર્વહન કરવાની જવાબદારી પણ તમારા પર છે.

અહીંથી પાસ થઈને જનારા વિદ્યાર્થીઓ પાસે તેમણે મેળવેલું જ્ઞાન જીવનભર રહેશે. તેઓ જે પણ લોકોના સંપર્કમાં આવે તેની સાથે સત્યથી વર્તે કારણ કે સત્ય પ્રકાશ છે. સત્ય એ સાર્વભૌમિક સિદ્ધાંત છે. જે દુનિયામાં ટકાઉ છે. આ સંસારમાં જેના પર તંત્ર ચાલે છે. સ્કૂલ-કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ હોય કે પછી કોર્ટમાં જજ-વકીલ દલિલો કરી રહ્યાં હોય. આ તમામ સત્યની શોધ માટે જ છે.

## દીપ દર્શન પ્રાથમિક શાળા આહવાના વિધાર્થીઓએ ખેલ મહાકુંભમાં શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું

સુશીલ પવાર | ડાંગ



ખેલમહાકુંભ ૨.૦ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ત્યારે ડાંગ જિલ્લાની દીપદર્શન પ્રાથમિક શાળા આહવાના વિદ્યાર્થીઓએ દોડ,કુદ,ચેસ,સ્કેટીંગ, બેડમિન્ટન જેવી જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો. જેમાં તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓએ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમે વિજેતા બન્યા હતા.અને શાળાનું નામ રોશન કર્યું હતું.

એથ્લેટિક્સમાં (૧)ચૌધરી સ્નેહીલ- 30મી. દોડ અને બ્રોડજમ્પમા પ્રથમ (૨)પવાર સિધ્ધાર્થ-30મી.દોડ અને બ્રોડજમ્પમાં તૃતીય (૩) ગાવિતરેચલ- 30મી. દોડમાં દ્વિતીય (૪)બાગુલ દિવ્યાંશી- લાંબીકુદમાં દ્વિતીય ક્રમે વિજેતા રહ્યા હતા. બેડમિન્ટનમાં અં - ૧૪ માં પટેલ માન પ્રથમ ક્રમે અને ચૌર્યા ફેલિસ્યા તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા. સ્કેટીંગની રમતમાં અં- ૧૪ માં ચૌહાણ ભાવિક ૫૦૦મી.માં પ્રથમ અને ૧૦૦૦મી. માં તૃતીયક્રમે તેમજ અં - ૧૧ વયજુથમાં માહલે શુભમ ૫૦૦મી. માં પ્રથમ અને ૧૦૦૦ મી. માં દ્વિતીય ક્રમે, અને દેશમુખ જયનીલ ૫૦૦મી.માં પ્રથમ અને ૧૦૦૦ મીમાં તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. ચેસની રમતમાં દીપદર્શન શાળાના ખેલાડીઓએ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. જેમાં અં ૧૧ વયજુથમાં ભોયે કેયુર પ્રથમ અને પટેલ પાર્થ તૃતીય ક્રમે તેમજ બહેનોમાં અં - ૧૧ વયજુથમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. ચેસની જરમતમાં અં - ૧૪ વયજુથમાં પણ ગાવિત મિલિંદ પ્રથમ અને બહેનોમાં ભોયે સોહાની પ્રથમ અને પટેલ સ્તુતી દ્વીતીય ક્રમે વિજેતા બન્યા હતા.

**એકતા ચેરીટેબલ ટ્રસ્ટ**

## અનાથ બાળકોને દત્તક લઇ તમામ નિ:શુલ્ક સેવાઓ પૂરી પડી રહી છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



સાવરકુંડલાની સેવાભાવી યુવતી દ્વારા સુરત ખાતે નિ:શુલ્ક શિક્ષણ, ક્લાસીસ, અનાથ બાળકોને રહેવા જમવા અને દત્તક લેવાની સેવા કરવામાં આવી રહી છે.

એક્તા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત સેવાભાવી મહિપતસિંહ ચૌહાણ અને પોપટભાઈ આહીર ને સન્માનિત કરવામાં આવ્યા. મૂળ સાવરકુંડલા ની યુવતી ભારતીબેન ચાવડા દ્વારા સુરત ખાતે અનાથ બાળકો, ગરીબો, ભિક્ષુકો, દીકરીઓ, મહિલાઓ અને વૃધ્ધો ને મદદરૂપ થવા માટે છેલ્લા 15 વર્ષોથી લોક ઉપયોગી સેવાકીય પ્રવૃતિઓ કરી રહ્યા છે.

તેમના દ્વારા સુરત ખાતે એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ ચાલુ કરી 24 કલાક સેવાકીય પ્રવુતિ કરવામાં આવી રહી છે ત્યારે એકતા ચેરીટેબલ ટ્રસ્ટ અને સર્વ સમાજ સેના દ્વારા ગુજરાત રાજ્ય માં નોંધપાત્ર સેવાકીય પ્રવુતિ કરી રહેલા મહિપતસિંહ ચૌહાણ અને પોપટભાઈ આહીર નું સન્માન સમારોહ નું આયોજન સુરત ખાતે કરવામાં આવ્યું હતું સાથે એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતા તાલીમ વર્ગો ની તાલીમાર્થી દિકરી ઓને પ્રમાણપત્રો અને ટ્રોફીઓ મહિપતસિંહ ચૌહાણ અને પોપટભાઈ આહીર નાં વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

જેમનું સમગ્ર સંચાલન એક્તા ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક ભારતીબેન ચાવડા દ્વારા કરવામાં આવેછે.એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ સુરત માં જરૂરિયાત મંદ બાળકો ને શિક્ષણ થી લય રેહવા જમવા સૂધી ની જવાબદારી લેવા માં આવેછે તેમજ જરૂરિયાત મંદ દિકરી ઓને પગભર કરવા માટે તાલીમ વર્ગો ભારતીબેન ચાવડા દ્વારા ચલાવવામાં આવે છે એક્તા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી આવી તમામ કામગીરી ને પ્રોત્સાહન આપવા માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા મહિલાઓ, જરૂરિયાતમંદ યુવતીઓ અને વિધાર્થીની ઓને વિનામૂલ્યે તાલીમ ના પ્રમાણપત્રો અને ગુજરાત માં સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા સેવાભાવી ઓના સન્માન સમાંરોહમાં સંતો, સામાજીક રાજકીય અગ્રણીઓ, સાવરકુંડલા મહિલા હોમગાર્ડ દક્ષાબેન ચોટલીયા વગેરે જોડાયા હતા અને એકતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

**દેડિયાપાડાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજમાં**

## 'નેક એ ટુ ઝેડ' વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાયો

રાજપીપલા | તા.15

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ-દેડિયાપાડા ખાતે આચાર્યશ્રી ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં આજે ગુરૂવારના રોજ 'નેક એ ટુ ઝેડ' એક દિવસીય રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યની જુદી જુદી કોલેજોના અધ્યાપકો, IQACના કોર્ડીનેટરશ્રી તથા અન્ય કર્મચારીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ જસદણ(રાજકોટ) ના અધ્યાપક ડૉ. નરેન્દ્ર ચોટલીયાએ નેક રેટિંગ માટે જરૂરી માનાંકો અને સારો દેખાવ માટે જરૂરી સુચનો કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન SQAC and IQAC કોર્ડીનેટર ડૉ. વખતસિંહ ગોહિલ અને સેમિનાર કોર્ડીનેટર ડૉ. ધર્મેશભાઈ વણકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## કાસોર ખાતે એન.એન.એસ. કેમ્પ યોજાયો



આણંદ | આણંદ તાલુકાના બોરીયાવી ગામ ખાતે ની અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટસ કોલેજના વિધાર્થીઓ દ્વારા કાસોર ગામે એન.એન.એસ. કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી, આણંદના હિતેશભાઈ રોહીત અને હરેન્દ્રભાઈએ મહિલા અને બાળ વિભાગની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર, આણંદ ના કાઉન્સેલર શબનમ ખલીફાએ મહિલાઓ સાથે થતા અત્યાચારના કેસોમાં મદદ મેળવવા માટે શું પ્રક્રિયા કરવી અને ક્યાં પ્રક્રિયા કરવી તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. આ ઉપરાંત ૧૮૧ અભયમ હેલ્પલાઇન વિશે જાણકારી આપી તમામને સંકટ સખી એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી કોકિલાબેન, કોલેજના પ્રોફેસરશ્રી ટ્વિન્કલબેન મહીડા અને કોલેજના વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**ગોઝારો ગુરુવાર**

## પાટણમાં 2 મોટા અકસ્માત, 6 લોકોના કમકમાટીભર્યા મોત

પાટણ | તા.15



છેલ્લા 12 કલાકમાં પાટણ જિલ્લામાં બીજો મોટો અકસ્માત થયો છે. ગત મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તે ઘટનાને હજું કળ પણ વળી નહોતી ત્યાં આજે બપોરે ઝાડ સાથે કાર ટકરાતાં થયેલા અકસ્માતમાં વધુ ત્રણ લોકો મોતને ભેટ્યા છે. આમ બંને અકસ્માતમાં કુલ 6 લોકોના કમકમાટીભર્યા મોત થયા છે અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

રાજ્યમાં દિવસેને દિવસે રોડ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે પાટણમાં એક જ દિવસમાં 2 મોટા અકસ્માતમાં 6 લોકોએ જિંદગી ગુમાવી છે.


છેલ્લા 12 કલાકમાં પાટણ જિલ્લામાં બીજો મોટો અકસ્માત થયો છે. ગત મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

તે ઘટનાને હજું કળ પણ વળી નહોતી ત્યાં આજે બપોરે ઝાડ સાથે કાર ટકરાતાં થયેલા અકસ્માતમાં વધુ ત્રણ લોકો મોતને ભેટ્યા છે. આમ બંને અકસ્માતમાં કુલ 6 લોકોના કમકમાટીભર્યા મોત થયા છે અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

આ ઘટનામાં ભોગ બનનાર મૃતકોના નામ સામે આવ્યા છે. જેમાં પટેલ મનોજભાઈ હેમરાજભાઈ (ઉવ.45. કાર ચાલક), પટેલ વિશ્વાબેન કનુભાઈ (ઉવ.22. કારમાં સવાર યુવતી) અને ઠાકોર રામાજી વાઘાજી (ઉવ.50. બાઇક ચાલક) નો સમાવેશ થાય છે, જ્યારે કારમાં સવાર ઈજાગ્રસ્તોના નામની વાત કરીએ તો પટેલ અંજનાબેન કનુભાઈ (ઉવ.42), પટેલ ધ્રૃવાંગ કનુભાઈ (ઉવ.18) અને પટેલ શિવાન્યા કનુભાઈ (ઉવ.07)નો સમાવેશ થાય છે.

### કારચાલક અને બાઇકચાલકના મોત

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પાટણમાં એક જ દિવસમાં બીજી અકસ્માતની ઘટના સામે આવી છે. ચાણસ્મા-હારીજ માર્ગ પર બપોરે 2:30 વાગ્યા આસપાસ વરાણાથી દર્શન કરીને પરત ફરી રહેલી અલ્ટો કાર વૃક્ષ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક, કાર ચાલક અને કારમાં સવાર યુવતી એમ ત્રણના કરુણ મોત નીપજ્યા છે. જ્યારે કાર સવાર ત્રણ લોકો ઈજાગ્રસ્ત બન્યા થયા છે. જેમને 108 દ્વારા ચાણસ્મા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટનાના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.



# એક્ઝામના સ્ટ્રેસને બાળક કરી શકશે મેનેજ
## શીખવો 3 સરળ કામની ટિપ્સ


**બાળકો પાસે ટાઈમ ટેબલ બનાવડાવો**
**મુશ્કેલ સવાલમાં સમય પસાર ન કરવાનું શીખવો**
**રોજ મેડિટેશનની આદત પાડો, બાળક સ્વસ્થ રહેશે**
**સ્ટ્રેસ ફ્રી રહીને એક્ઝામ આપવાથી વધુ માર્ક્સ આવશે**



ધોરણ 10 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા થોડા જ દિવસોમાં શરૂ થવાની છે. એવામાં બાળકોના મનમાં ટેન્શન થવા લાગે છે. કેટલાક બાળકો એટલા પરેશાન થઈ જાય છે કે તેઓ સારી રીતે ખાવાનું પણ ખાઈ શકતા નથી અને તેમની હેલ્થ ખરાબ થાય છે. બોર્ડની એક્ઝામનું બાળકોના જીવનમાં ખાસ મહત્ત્વ હોય છે. તેના પરિણામ પર બાળકોનું ફ્યુચર નક્કી થાય છે. જેના કારણે બાળકો ટેન્શનમાં રહે છે. જો બાળકો ટેન્શન ફ્રી થઈને એક્ઝામ આપે છે તો તેમનું ભવિષ્ય સુધરી જાય છે અને તેઓ સારો સ્કોર મેળવી શકે છે. ટેન્શન લેનારા બાળકોની સરખામણીમાં ટેન્શન ફ્રી રહેનારા બાળકો વધુ હેલ્ધી હોય છે અને એક્ઝામમાં અનેકવાર સારા નંબરે પાસ થાય છે. તો તમે પણ પેરન્ટ્સ તરીકે બાળકને બોર્ડની એક્ઝામનું પ્રેશર આપવાના બદલે તેને ફ્રી રાખો અને સારી રીતે કામ કરવા દો.

### ટાઈમટેબલ બનાવો

એક્ઝામથી પહેલા એક મહિના પહેલા બાળકોને નક્કી ટાઈમ ટેબલમાં સેટ કરો. એક્ઝામથી પહેલા તેમની લાઈફસ્ટાઈલમાં કોઈ ફેરફાર ન કરો. એકદમથી ચેન્જ કરવાથી તેમનું રૂટિન બગડશે અને તે બીમાર પડી શકે છે. આ સમયે તેમને આ રીતના સ્ટ્રેસ અને ઘરેલૂ વાતથી પણ દૂર રાખો. બાળકોને સમય સમયે સિલેબસ ખતમ કરવામાં મદદ કરો. તેનાથી તેમનો રિવિઝનનો સમય બચશે. તેનાથી એક્ઝામ હોલમાં મુશ્કેલી રહેશે નહીં અને સરળતાથી પેપર સોલ્વ કરી શકાશે.



### મુશ્કેલ સવાલમાં ન પસાર કરો સમય

બાળકોની પાસે ઘરે સેમ્પલ પેપર સોલ્વ કરાવો. તેનાથી તેમને બોર્ડની પરીક્ષામાં મુશ્કેલી રહેશે નહીં. પેપર સોલ્વ કરતા તેમને શીખવો કે જે પ્રશ્નો મુશ્કેલ લાગે છે તેને પછી સોલ્વ કરે. જે આવડે છે તે પહેલા લખે. આ રીતે પ્રેક્ટિસ કરાવવાથી બાળકો મુશ્કેલ સવાલથી ગભરાશે નહીં અને શાંતિથી પેપર પૂરું કરતા શીખશે.

### રોજ મેડિટેશનની આદત પાડો

બાળકોને રોજ ભણવા માટે કહેવાની સાથે સાથે તેમને મેડિટેશન કરવાનું કહો. આમ કરવાથી તે માનસિક રીતે મુશ્કેલી નહીં અનુભવે અને સાથે શાંત મનથી પેપર લખી શકશે. રોજ મેડિટેશન કરવાથી બાળકો મેન્ટલી અને ફિઝિકલી પણ ફીટ રહેશે. બાળકોને રોજ સવારે કસરત કરવા લઈ જાઓ. એક્ઝામની તૈયારીમાં બાળકો પોતાના પર ધ્યાન રાખી શકતા નથી આ માટે સાંજનો સમય પસંદ કરો અને તેમને નાની ગેમ્સ રમવા માટે પણ પ્રેરિત કરો.

# શિયાળામાં ચાખી લો લાલની સાથે જાંબલી ગાજરનો સ્વાદ, હેલ્થને થશે અનેક ફાયદા

ગાજરને સૌથી વધારે પૌષ્ટિક શાક માનવામાં આવે છે. ઓરેન્જ, લાલ અને જાંબલી ગાજર એમ અનેક પ્રકાર હોય છે. જાંબલી ગાજરને ગાજરમાં સૌથી વધારે પૌષ્ટિક માનવામાં આવે છે. તેમાં વિટામિન વધારે હોય છે અને ખાસ કરીને આંખની તકલીફમાં તે લાભદાયી રહે છે. તેમાંના વિટામિન્સ શરીરને ડિટોક્સ કરવાનું કામ કરે છે. તેમાં વધારે એન્ટીઓક્સીડન્ટ્સ હોય છે જે શરીરને ઈન્ફલામેશન અને દર્દને ઓછું કરવાનું કામ કરે છે. પર્પલ એટલે કે જાંબલી ગાજર લોહીને સાફ કરે છે અને સાથે તેમાં ફાઈબર, પોટેશિયમ, વિટામિન સી, મેગેંનીઝ, વિટામિન એ અને વિટામિન બી સિવાય અનેક તત્વો હોય છે.



### આ રીતે લાભદાયી છે જાંબલી ગાજર

#### શરીરને ડિટોક્સ કરે

જાંબલી ગાજરમાં એન્થોસાયનિન નામનું કમ્પાઉન્ડ હોય છે, જે પોલિફીનોલ એન્ટીઑકિસડન્ટ છે. એન્થોસાયનિન બળતરા વિરોધી એજન્ટ તરીકે કામ કરે છે. તેમાં ઘણા પ્રકારના ઝેરી સંયોજનો હોય છે, જે પ્રો-ઈન્ફ્લેમેટરી સાયટોકાઈન્સ નામના સંયોજનોને દૂર કરે છે. જે શરીરમાંથી ઝેર દૂર કરવાનું કામ કરે છે.

#### હ્રદય માટે ફાયદાકારક

બળતરાયુક્ત સંયોજનો ઘણા રોગો માટે જવાબદાર છે. તે સાંધાનો દુખાવો અને હ્રદયની માંસપેશીઓનો સોજો ઘટાડે છે. પરંતુ જાંબલી ગાજરમાં એન્થોસાયનિન હોય છે, જે પ્રો-ઈન્ફ્લેમેટરી કમ્પાઉન્ડ સાયટોકાઈન્સને દૂર કરે છે. જાંબલી ગાજર હ્રદય માટે ફાયદાકારક છે.

#### પેટના રોગમાં લાભદાયી

જે લોકો પેટના ઘણા રોગોથી પીડિત હોય છે, જેમ કે કોલાઈટિસ તેમણે જાંબલી ગાજર ખાવું જોઈએ. કોલાઇટિસના દર્દીઓ સોજાથી પીડાય છે. તેથી તેમણે જાંબલી ગાજર ખાવા જોઈએ. જાંબલી ગાજરમાં રહેલું સંયોજન રક્તના પ્રવાહને ઘટાડે છે, જે પ્રો-ઈન્ફ્લેમેટરી પ્રોટીનનો સપ્લાય કરે છે. જેમાં કોલાઈટીસ રોગમાં રાહત મળે છે.

#### કેન્સર વિરોધી ગુણધર્મો

જાંબલી રંગના ગાજરમાં કેન્સર વિરોધી ગુણ હોય છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે જાંબલી ગાજર બ્રેસ્ટ, લીવર, સ્કિન, બ્લડ અને કોલોન કેન્સરમાં ખૂબ જ ફાયદાકારક છે.

# ઘરે બનાવેલો આ આયુર્વેદિક કાઢો એક મહિનામાં ઘટાડશે 8 કિલો જેટલું વજન



આજના સમયમાં સ્થૂળતાએ ગંભીર સમસ્યા બની ચૂકી છે. મોટાભાગના લોકો પોતાના વધારે વજનથી પરેશાન હોય છે. વજન વધી જાય તો તે માત્ર દેખાવને ખરાબ કરે છે તેવું નથી વધારે વજનના કારણે શરીરમાં ગંભીર બીમારીઓ પણ વધે છે. વજન વધી જાય પછી લોકો તેને ઘટાડવા માટે કલાકો સુધી જ જીમમાં વર્કઆઉટ કરે છે અને ડાયટિંગ પણ કરે છે. કેટલાક લોકો તો ફેટ બર્નિંગ સપ્લીમેન્ટ પણ લેવા લાગે છે. પરંતુ બેદરકારીના કારણે વધેલું વજન ઘટાડવા માટે આવા પ્રયત્ન કરવા ઘણી વખત હાનિકારક સાબિત થાય છે. જો તમે શરીરને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય અને વજન પણ ઘટે તેવું ઈચ્છતા હોય તો હંમેશા નેચરલ વસ્તુઓની મદદ લઈને વજન ઘટાડવું જોઈએ. જો તમે વજન ઘટાડવાની નેચરલ રીતોને અપનાવશો તો તેનાથી આડઅસર પણ નહીં થાય અને વજન પણ એકવાર ઘટ્યા પછી વધશે નહીં. આવી જ એક વસ્તુ વિશે આજે તમને જણાવીએ જેનાથી તમારું વજન એક મહિનામાં જ ઘટી જશે અને શરીરને કોઈ નુકસાન પણ નહીં થાય. વજન ઘટાડવા માટે તમે એક દેશી આયુર્વેદિક કાઢાનો ઉપયોગ કરી શકો છો. આ કાઢો ઘરેમાં રહેલી વસ્તુથી જ બની જાય છે અને તેનું સેવન કરવાથી વજન ઝડપથી ઓછું થાય છે. ખાસ વાત એ છે કે એક વખત વજન ઓછું થયા પછી તે ફરીથી વધતું પણ નથી. આ કાઢો પીવાથી શરીરને અન્ય કોઈ આડઅસર પણ નહીં થાય. તો ચાલો સૌથી પહેલા જાણી લો કે વજન ઘટાડવા માટેનો આયુર્વેદિક કાઢો કેવી રીતે બનાવવો. સૌથી પહેલા એક પેનમાં એક ગ્લાસ પાણી ઉમેરી તેને ગરમ કરો. પાણી ગરમ થાય એટલે તેમાં આમળા અને હરડેનો પાવડર ઉમેરી દો. પાંચ મિનિટ પછી તેમાં ગોળનો ટુકડો ઉમેરી બે થી ત્રણ મિનિટ ઉકાળો. હવે આ કાઢાને ગાળી અને ચાની જેમ પી લો. નિયમિત રીતે સવારે આ કાઢો પીવાનું રાખશો તો એક મહિનામાં સાતથી આઠ કિલો વજન ચોક્કસથી ઘટી જશે. ગોળ, આમળા અને હરડેનું મિશ્રણ શરીરમાં જામેલી ચરબીને માખણની જેમ ઓગાળી દેશે સાથે જ શરીરમાં જમા થયેલા વિષાક્ત પદાર્થોને પણ શરીરમાંથી બહાર કાઢશે. વજન ઘટાડવા માટે આ આયુર્વેદિક કાઢો રોજ સવારે ખાલી પેટ પીવો. જો તમે રોજ સવારે એક ગ્લાસ આ કાઢો પીવાની શરૂઆત કરશો તો રિઝલ્ટ ઝડપથી જોવા મળશે.

# નૂરી એ કહ્યું કે એના સસરા નું ખૂન કલકતા ના ડોન ભાઈજાને કરાવ્યું



**મર્ડર મિસ્ટ્રી કેસ**
**- રુપાલી દવે**

મુનમુન બેગમ એ બાદશાહ ખાન ની માલ મિલકત પર ધીમે ધીમે કબજો એવો જમાબો દિધો કે નજીક ના સિવાઈ નક્કી ના કરી શકે કે આ જમીન જાયદાદ નો માલિક બાદશાહ ખાન હતો. પાકિસ્તાન ન્યુઝ ચેનલો સતત બાદશાહ ખાન ને બદલે મુનમુન બેગમ ની ચર્ચાઓ માં વ્યસ્ત રહેવા લાગી.જમીન પર મૂકતાં સેવકો સ્લીપર પહેરાવે ત્યારે ચાલતી બાદશાહ ખાન ની ઘમડી બીવી ના હાલ હવાલ એવા બગડ્યા હતા કે સગા પણ એને જોઈને દરવાજો બંધ કરી દેતા હતા. મુનમુન બેગમ એ પરદેશ માં વેપાર ની સાથે રાજકારણ મા પણ પોતાનો કબજો જમાવી દીધો હતો.એને ખૂન કરવું ને કરાવવું બન્ને થી ખાસ સમસ્યા નહતી એનું મન હદય લોખંડ જેવું કઠણ બની ગયું હતું દર્દ નો અહેસાસ લેસ માત્ર નહતો રહીયો..એ દિવસો યાદ આવતા જ બેગમ નું શરીર પ્લાસ્ટિક ના પૂતળાં જેવું બની જાય છે..એ ઘણા દિવસો પોતાને બેડરૂમ માં બંધ કરી ને ગુમસુમ બેસી જાય છે. ઝુબેદા એને કેટલુંય સમજાવે છતાંય એ કોળિયો પણ મો માં નાખતા નથી શું બન્યું એવું? કઠણ હદય ની બેગમ એનું અસ્તિત્વ ખોઈ દેવા તૈયાર થઈ જતી હતી.

..વહેલી સવારે ફોન આવ્યો અમ્મી ઓળખાણ પડી કોણ છું? જલદી ઓળખો એ જાગી જશે તો મને મારશે. અમ્મી..અમ્મી.. અમ્મી પ્લીઝ જલદી બોલો કોણ છું? યુવાન થઈ ગયો છું એટલે અવાજ મર્દ જેવો થઇ ગયો છું..એ દિવસે સતત ઉજાગરાને લીધે સુસ્ત શરીર ને ડાયાબિટીસ નું પ્રમાણ વધી જતાં બેગમ ની આંખ ના પોપચાં અને મગજ ખુલતા નહતા..છેલ્લો શબ્દ "અમ્મી હું તમારો શકીલ.." બોલ્યો એ ભેગા ગોળીબાર નો અવાજ થતાં અમ્મી શબ્દ બાદ બીજું સમભળા યુ નહિ. બસ એ દિવસ થી નિયમિત મુનમુન બેગમ એ નંબર પર દિવસ માં ચારપાંચ વાર ફોન કરે છે પરંતુ રીંગ પૂરી વાગે છે સામે થી જવાબ આવતો નથી. એ એના મનને કેટલુંય સમજાવે છે કે શકીલ જીંદા હે પરંતુ મન એનું માનવા તૈયાર નથી. આ ઘટના બાદ ભય ના માર્યા બેગમ એ લંડન મા વિલા ખરીદી ને ભારત માં રહેતા એની દેરાણી ના બાળકો સહિત ખુદના દીકરાની વહુઓ,પૌત્રો,દીકરી નઝમ ને પતિ સાથે લંડન મા કાયમ માટે શિફ્ટ કરી દીધા.

ઝુબેદા ના કહેવાથી શાહબાઝ ને પણ એની લંડન શિફ્ટ કરી દીધો.જુમનની બેદરકારી માં થયેલ કામ ના લીધે ડ્રગ્સ સાથે મોટા પ્રમાણ માં વર્ષો જૂના માણસો પકડાયા. આખું ડ્રગ્સ રેકેટ અસ્ત વ્યસ્ત થઈ ગયું,ખુદ ભાગી ને ભૂગર્ભ માં છુપાઈ ગયો. નૂરી ની પાછળ પ્રેમ માં પાગલ થઈ ને અસૂલ વિરૂદ્ધ નું કામ કર્યું. નૂરી નું કાસળ ડ્રગ્સ નો જથ્થો સપ્લાય કરતી વખતે કાઢવા નું ફરમાન કર્યું હોવા છતાંય ખુદનું લફરું સાચવવા એવું કાર્ય કર્યું કે એમાં પોલીસ ના હાથે એવા એવા લોકો પકડાયા કે એના દ્વારા ડ્રગ્સ ની સપ્લાય ને ગ્રાહકો ના સરનામા મળી જાય. પોલીસે એ રાતોરાત ગફાર ખાન ના સગા સબંધીઓ પર કડકાઈ થી પૂછ પરછ શરૂ કરી દીધી હતી. પાકિસ્તાન ભારત ની બોર્ડર પર હદ થી વધારે સખતાઈ કરી દીધી એના લીધે મહિનાઓ સુધી માલ નું વેચાણ અને નાણાકીય વ્યવહાર બંધ થઈ ગયા.નાના થી મોટા બધાય વેપારીઓ ને નાણાકીય સમસ્યા વધવા લાગી હતી પરંતુ કશુંય કરવું અશક્ય હતું. મુનમુન બેગમ ની વેપારી જાળ એવી અસ્ત વ્યસ્ત થઈ ગઈ હતી ને કે એની ચિંતા મા એ વિચારતી હતી કે આવું બન્યું કેમ? ક્યાં કારણોસર જૂમન એની અતિશય પ્રિય ચાચી નું ખૂન કર્યું હશે? અંજુમન તો એના પતિ ને અત્યંત ચાહતી હતી,એ એના પતિનું ખૂન કરવા કેમ તત્પર થઈ હશે? એ કમબખ્ત નૂરી કો કિસને ભગાયા હોંગા? કુછ તો હે જો સમજ મે તો આતા હૈ પર દિખતા નહિ હે..પર ક્યાં?

એ દર્દ ભરી કેટલીય ખામોશ રાત ન કરવાનું એટલું બધું કર્યું હતું ને કે સર,એનું વર્ણન સાંભળી ને સ્ત્રી ની આંખો સાથે પુરુષો પણ



રડી પડશે..સી.બી.આઈ ઓફિસર રઘુ અને ઈન્સ્પેક્ટર વીર એ નૂરી પ્રત્યે નરમી દેખાડી ને હમદર્દી બતાવતા કહ્યું કે નૂરી,તે જેટલી પણ બાતમી આપી હતી એના અનુસાર મુનમુન બેગમ નો ભારત ની બિઝનેસ સફાચટ થઈ ગયો છે પરંતુ તારો શિકાર જૂમન એવી જગ્યા એ છુપાઈ ને બેઠો છે ને કે હાથ નથી લાગતો.. નૂરી ની આંખ માં જુમન નું નામ આવતાં જ ચમક આવતા બોલી કે મુનમુન બેગમ નું રહસ્ય માત્ર ને માત્ર જૂમન ના પોકેટ માં છે..એ માણસ તો પકડવો જરૂરી છે.સર, સિક્રેટ મિશન માં ગઈ ત્યારે ખબર નહતી કે નૂરીને ખૂની પણ બનવું પડશે પણ બની ગઈ બે બે કતલ કરીને. કતલ કરવાનું દુઃખ નથી પરંતુ એમાં તદન નિર્દોષ માણસ માર્યો એ વાત નું દુઃખ છે..ફાર્મ હાઉસ ના એક ના એક માલિક આદિલ મિયા પાગલ નહતા એની બીવી અંજુમન એ એને પાગલ સાબિત કરી દીધા હતા.અંજુમન એ શાદી આદિલ મિયા સાથે કરી હતી પરંતુ એને પ્રેમ ફાર્મ હાઉસ ના બાવર્ચી સાથે હતો. એ શાદી બાદ ફાર્મ હાઉસમાં આવી ત્યારે એના સસરા ના કડક બંદોબસ્ત ના લીધે એના પ્રેમી ને મળવા જઈ શકતી નહતી. વીર વચમાં બોલ્યો ઓહ!!મતલબ બાવર્ચી એ સસરા નું ખૂન કરું નાખ્યું..નૂરી એ કહ્યું કે એના સસરા નું ખૂન કલકતા ના ડોન ભાઈજાન એ કરાવ્યું. તમે બીજા માથાભારે ગુનેગારને પકડી શકશો પણ ભાઈજાન ને કલકતા જઈને હાથ અડકવો પણ મુશ્કેલ છે..એ ત્યાંના રાજકારણીઓ માટે પસંદગી નું પાત્ર છે.. સી.બી. આઈ ઓફિસર રઘુ બોલ્યો એય છોકરી આમ કરોળિયા ની જાળ ની જેવું ગુચવ નહિ..સીધે સીધું બોલ બાવાર્ચી યુસુફ ફાર્મ હાઉસમાં પ્રવેશ્યો ક્યારે ને કોનો માણસ છે. નૂરી એ મોહક સ્મિત ફરકાવી ને કહ્યું કે સર એ ભાઈજાન નો માણસ છે,એને ભાઈજાન પોતાના દીકરા કરતાંય વિશેષ પ્રેમ કરે છે..પણ સવાલ એ થાય કે ભાઈજાન શાદી શુદા નથી તો યુસુફ છોકરો છે કોનો?

નૂરી ને કશુંક યાદ આવતા એ બોલી સર!!અંજુમન બાળપણ થી એને પ્રેમ કરે છે ને એની પડોશ માં રહેતી હતી. આ રહસ્ય મને ખુદ અંજુમન એ કીધું હતું એ જ્યારે ચાચી અને એના દીકરા ની કતલ નો પ્લાન બનાવી રહી હતી ત્યારે..વીર એ એકાએક પૂછ્યું કે નૂરી,ખૂન વખતે બાવારચી હતો?? કે સવાર પડતા ગુમ થઈ ગયો? નૂરી ની વાત સાંભળી ને સી. બી.આઈ ઓફિસર રઘુ એ કહ્યું કે યુસુફ સવાર પડતાં ગુમ થયો કે નહિ એ જાણવું જરૂરી નથી.. યુસુફના તાર મુનમુન બેગમ સાથે તો નથી જોડતા ને એ તપાસ જરૂરી છે..કોણ છે આ યુસુફ????

## તમારૂ બાળક બિમાર નહી પડે,અપનાવો આ નુસખા

**હવે ઋતુ બદલાવા લાગી છે. જ્યાં કડકડતી ઠંડીમાંથી રાહત મળતી જોવા મળી રહી છે. સાથે જ આ ઋતુમાં અનેક બીમારીઓનો ખતરો વધી જાય છે. સવાર-સાંજ ઠંડક અને દિવસ દરમિયાન ગરમીના કારણે તબિયત ખરાબ થવાનું જોખમ વધી રહ્યું છે. ખાસ કરીને આ બાળકો સાથે વધુ થાય છે.**

**ખોરાક અને પીણા :** આ સમયે બાળકોના બીમાર પડવાનું સૌથી મોટું કારણ તેમના શરીરમાં જરૂરી પોષક તત્વોની ઉણપ હોઈ શકે છે. તેમજ આ સ્થિતિમાં બાળકોને સ્વસ્થ રાખવા માટે આ સિઝનમાં શું કરવું અને શું ન કરવું તે જાણવું જરૂરી છે. તેથી, બાળકને સ્વસ્થ ઘરે બનાવેલ ખોરાક ખવડાવો.

**પાણી :** બાળકને પીવા માટે ઉકાળેલું પાણી આપો. આ બાળકને બેક્ટેરિયલ ચેપના જોખમથી દૂર રાખશે. ઉપરાંત, બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે, તેમને તાજા ફળો અને શાકભાજી ખવડાવો. ફળો ખવડાવતા પહેલા, તેને સ્વચ્છ પાણીથી સારી રીતે ધોઈ લો.

**પંખો ચલાવશો નહીં :** આ સિઝનમાં સવારે અને સાંજે વાતાવરણ ઠંડું અને દિવસ દરમિયાન થોડું ગરમ હોય છે. આવી સ્થિતિમાં ભૂલથી પણ બાળકના રૂમમાં પંખો કે એસી ન ચલાવો. કારણ કે તે બીમાર પડવાનું કારણ બની શકે છે.

# ભૂલ ભુલૈયા 3માં અક્ષયની ગેરહાજરી અંગે દિગ્દર્શકે મૌન તોડ્યું


## કહ્યું, 'હું તેમની સાથે કામ કરવા ઈચ્છુક છું, પરંતુ હું એવી સ્ક્રિપ્ટ લખી શકતો નથી' થર્ડ પાર્ટમાં માધુરી-સારાની એન્ટ્રી થઈ શકે



મુંબઈ | 2022માં રિલીઝ થયેલી ફિલ્મ 'ભૂલ ભુલૈયા-2'માં કાર્તિક આર્યનને જોઈને ફેન્સ ખૂબ જ ખુશ થયા હતા. કેટલાક ફેન્સનું માનવું હતું કે, ઓરિજિનલ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળતા અક્ષય કુમારે લીડ રોલ નિભાવવો જોઈતો હતો. આ ફિલ્મની રિલીઝ પહેલાં કાર્તિક અને અક્ષય વચ્ચે ઘણી સરખામણી કરવામાં આવી હતી. જોકે, આ ફિલ્મ રિલીઝ થયા બાદ સુપરહિટ બની હતી. હવે તેના ત્રીજા પાર્ટમાં પણ કાર્તિક આર્યન લીડ રોલમાં જોવા મળશે. આવી સ્થિતિમાં, મેકર્સે આ ફ્રેન્ચાઈઝીમાં અક્ષય કુમારને પાછો લાવવો જોઈએ કે કેમ તે અંગે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. હાલમાં ઝૂમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ડિરેક્ટર અનીસ બઝમીએ ફિલ્મની સિક્વલમાં અક્ષય કુમારની ગેરહાજરી વિશે વાત કરી. બઝમીએ કહ્યું, 'અક્ષય કુમાર આ ફિલ્મના ત્રીજા પાર્ટનો પણ ભાગ નથી. હું તેની સાથે કામ કરવા ઈચ્છુક છું પરંતુ કમનસીબે હું એવી સ્ક્રિપ્ટ લઈને આવી શકતો નથી કે જેના પર અમે સાથે કામ કરી શકીએ. કદાચ ભવિષ્યમાં આવો દિવસ આવશે.' આ ઈન્ટરવ્યૂમાં બઝમીએ ફિલ્મના ત્રીજા ભાગમાં વિદ્યા બાલનની વાપસી વિશે પણ વાત કરી હતી. બઝમીએ કહ્યું, 'વિદ્યાએ ફિલ્મમાં માત્ર 3 દિવસ માટે જ રોલ કરવા માટે સંમતિ આપી છે. મને યાદ છે કે જ્યારે મેં તેમને ફોન કર્યો ત્યારે તે સમય બગાડ્યા વિના આ રોલ કરવા સંમત થઈ ગઈ હતી.

આ પહેલાં સોમવારે કાર્તિક આર્યને ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3'નું ટીઝર શેર કર્યું હતું અને ફિલ્મમાં વિદ્યા બાલનની કમબેકની જાહેરાત કરી હતી. આ ફિલ્મના પહેલા પાર્ટમાં વિદ્યા મંજુલિકાના રોલમાં જોવા મળી હતી. હવે તે ત્રીજા પાર્ટમાં ફરી આ રોલમાં જોવા મળશે. આ સિવાય ફિલ્મ વિશે એવી ચર્ચા છે કે, માધુરી દીક્ષિત પણ તેમાં લીડ રોલમાં જોવા મળી શકે છે.

મિડ ડેના અહેવાલ મુજબ, આ વખતે રુહ બાબાનો રોલ કરનાર કાર્તિક ફિલ્મમાં બે ભૂત સામે લડતો જોવા મળશે. એક પાત્ર વિદ્યા બાલન અને બીજું માધુરી દીક્ષિત ભજવશે. આ ફિલ્મ માર્ચથી ફ્લોર પર જશે. આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે, કાર્તિકની એક્સ ગર્લફ્રેન્ડ સારા અલી ખાન ફિલ્મના ત્રીજા ભાગમાં કિઆરા અડવાણીને રિપ્લેસ કરી શકે છે.



## વારંવાર રિ-ટેકને કારણે ગુસ્સાથી લાલચોળ થયા હતા ડિરેક્ટર...



## 'કરીબ'ના સેટ પર વિધુ વિનોદ ચોપરાએ નેહાના હાથ પર બચકું ભર્યું હતું, બોબી દેઓલે કહી વાત...

મુંબઈ |'એનિમલ'થી ફેમસ થયેલો બોબી દેઓલ હાલ તો ફિલ્મની સફળતાનો આનંદ માણી રહ્યો છે. થોડા સમય પહેલાં એક્ટરે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, 'ફિલ્મ 'કરીબ'માં એક સીન શૂટ કરતી વખતે ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરાએ અભિનેત્રી નેહાના હાથ પર બટકું ભર્યું હતું. આ જોઈને નેહા ખૂબ જ નર્વસ થઈ ગઈ અને ધ્રૂજવા લાગી હતી.' ગત વર્ષે રિલીઝ થયેલી ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરાની ફિલ્મ '12th ફેલ' આજે પણ ચર્ચામાં છે. આ સ્થિતિમાં બોબી દેઓલે ડિરેક્ટર વિશે એક કિસ્સો શેર કર્યો. ફિલ્મફેરને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું- 'વિધુ વિનોદ ચોપરાએ નેહાને દિલ્હીમાં જોઈ હતી. તે સમયે તે તે એક્ટિંગમાં ખૂબ જ નવી હતી કારણ કે 'કરીબ' તેની પ્રથમ ફીચર ફિલ્મ હતી. ડિરેક્ટર હંમેશા તેના પર બૂમો પાડતા હતા, જેના કારણે નેહા પરેશાન રહેતી હતી.' 'હા, જ્યાં સુધી મારી વાત છે, 'કરીબ' મારી ત્રીજી ફિલ્મ હતી. આ કારણે ફિલ્મ કરતી વખતે હું થોડો સેટલ ફીલ કરવા લાગ્યો હતો. પણ નેહા સાથે આવું નહોતું. હું માનું છું કે કદાચ મારા પિતા ધર્મેન્દ્રના કારણે જ કોઈએ મારા પર બૂમો પાડી નથી.' બોબીએ વધુમાં જણાવ્યું કે, કેવી રીતે ડિરેક્ટરે એક સીનમાં નેહાના હાથ પર બટકું ભર્યું હતું જેથી તે યાદ રાખી શકે કે, તેણે કયા સીનમાં કયો હાથ ખસેડવાનો હતો. એક સીનમાં નેહાને પહાડ પરથી નીચે આવવું પડ્યું અને મારે મારો ડાબો હાથ તેની તરફ લંબાવવો પડ્યો. પણ નેહા મૂંઝવણમાં હતી. જ્યારે તે વારંવાર પ્રયાસ કરવા છતાં તેને ઠીક કરી શકી ન હતી, ત્યારે ડિરેક્ટરે નેહાને તેમનો જમણો ભૂલી જવા કહ્યું. જોકે નેહાએ આ કર્યું, તેમ છતાં તે પછીના ટેકમાં ભૂલ કરી હતી. 'દિગ્દર્શક વિધુએ 20 ટેક કર્યા બાદ ગુસ્સામાં લાલચોળ થઈ ગયા હતા. તમે જાણો છો કે તેઓએ પછી શું કર્યું? દિગ્દર્શકે નેહાને તેના જમણા હાથ પર બટકું ભર્યું હતું.' મને આ જોઈને એકદમ નવાઈ લાગી. બોબીએ કહ્યું કે, 'જ્યારે આ બધું થયું ત્યારે નેહા આઘાતમાં હતી. તે ડરથી ધ્રૂજવા લાગી હતી'.

### 2006માં મનોજ બાજપેયી સાથે લગ્ન કર્યા હતા

મનોજ બાજપેયીએ નેહાને પહેલીવાર 1998માં બોલિવૂડની પાર્ટીમાં જોઈ હતી. નેહાને જોતાં જ તે તેના પ્રેમમાં પડ્યા હતા. નેહાની સાદગીએ પહેલી નજરમાં જ મનોજ બાજપેયીનું દિલ જીતી લીધું હતું. ત્યારબાદ બંનેએ થોડા વર્ષો સુધી એકબીજાને ડેટ કર્યા બાદ 2006માં લગ્ન કરી લીધા. દંપતીને એક પુત્રી પણ છે. નેહાએ આ ઘટના વિશે ક્યારેય વાત કરી નથી. એક જૂના ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે, કેવી રીતે તેનું નામ બળજબરીથી શબાનાથી બદલીને 'નેહા' રાખવામાં આવ્યું હતું. 2008માં રેડિફ સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું હતું - 'હું ક્યારેય નેહા નહોતી. હું હંમેશા શબાના હતી. મને મારું નામ બદલવાની ફરજ પડી હતી. મારા માતા-પિતાએ ગર્વથી મારું નામ શબાના રાખ્યું હતું.

# નવાઝુદ્દીન સિદ્દીકીની દીકરીએ બેગ ખરીદવાનું કહ્યું,

## એક્ટરને લાગ્યું કે, કિંમત 20-25 હજાર રૂપિયા હશે; પરંતુ કિંમત હતી 2.5 લાખ રૂપિયા



મુંબઈ |'દીકરી વ્હાલનો દરિયો' આ વાત સામાન્ય માણસને જ નહીં પરંતુ સ્ટાર્સને પણ લાગુ પડે છે. એક બાપ માટે દીકરી સર્વસ્વ હોય છે અને તેના માટે તે કોઈ પણ હદ સુધી જવા માટે તૈયાર હોય છે. નવાઝુદ્દીન સિદ્દીકીની પુત્રીએ જીદ કરી હતી કે તેને એક બેગ જોઈએ છે. નવાઝે વિચાર્યું કે બેગ નાની છે તો તેની કિંમત વધુમાં વધુ 20-25 હજાર હશે. જોકે જ્યારે નવાઝે આ બેગનો ભાવ પૂછ્યો તો ભાવ સાંભળીને તે ચોકી ગયો હતો.. તે લુઈસ વિટન બેગની કિંમત 2.5 લાખ રૂપિયા હતી. હવે નવાઝ શું કરી શકે, તેમણે દીકરીની ખુશી માટે તે મોંઘી બેગ ખરીદવી પડી.

નવાઝુદ્દીન સિદ્દીકીએ થોડા દિવસો પહેલાં એક ઈન્ટરવ્યૂ આપ્યું હતું. નવાઝુદ્દીને આ ઈન્ટરવ્યૂમાં એક રસપ્રદ વાત કહી. નવાઝને પૂછવામાં આવ્યું હતું કે તે કોણ છે જેના ખોળામાં તે છેલ્લી વખત સૂતો હતો.


તેના જવાબમાં નવાઝુદ્દીને તેની પુત્રી શોરાનું નામ લીધું હતું. તેમણે કહ્યું- 'હું મારી દીકરી માટે કંઈ પણ કરી શકું છું. થોડા દિવસ પહેલાં જ અમે દુબઈ મોલમાં ગયા હતા. ત્યાં દીકરીને નાની બેગ ગમી ગઈ હોય કહ્યું, પપ્પા, મને તે બેગ જોઈએ છે. મેં કહ્યું ઓકે, લઈ લે.'

ત્યાં સુધી નવાઝુદ્દીનને આ બેગની કિંમત ખબર ન હતી. તેમણે કહ્યું- 'મને લાગ્યું કે બેગની કિંમત લગભગ 20-25 હજાર રૂપિયા હશે, પરંતુ જ્યારે મારી દીકરીએ મને ભાવ કહ્યો તો હું ચોંકી ગયો. તે ખૂબ જ મોંઘી લૂઈસ વીટન બેગ હતી. તેની કિંમત અંદાજે 2.5 લાખ હતી.'

### પત્ની સાથે વિવાદ હોય દીકરીઓની કસ્ટડી માતા પાસે છે

નવાઝુદ્દીનને બે દીકરીઓ છે, શોરા અને યાની. નવાઝુદ્દીનને તેની પૂર્વ પત્ની આલિયા સિદ્દીકી સાથે વિવાદ છે, તેથી પુત્રીઓ તેમની માતા સાથે રહે છે. બંને વચ્ચેનો વિવાદ કોર્ટ સુધી પહોંચ્યો હતો. બાળકોના સારા ભવિષ્ય માટે કોર્ટે બંનેને સમાધાનની ઓફર પણ આપી હતી. આલિયા સિદ્દીકી બિગ બોસ ઓટીટીમાં પણ જોવા મળી છે. ત્યાંથી નીકળ્યા બાદ તેમણે સલમાન ખાન પર પક્ષપાતી હોવાનો આરોપ લગાવ્યો હતો. આલિયાએ કહ્યું કે, સલમાન તેની સાથી સ્પર્ધક પૂજા ભટ્ટને જરૂર કરતાં વધુ સપોર્ટ કરે છે. હકીકતમાં બિગ બોસના ઘરમાં સલમાને આલિયાને ઠપકો આપ્યો હતો.

## માર્ચમાં લગ્ન ગ્રંથીમાં જોડાઈ શકે છે પુલકિત અને ક્રિતી ખરબંદા




મુંબઈ | બોલિવૂડ કપલ ક્રિતી ખરબંદા અને પુલકિત સમ્રાટ માર્ચમાં લગ્ન કરી શકે છે. વેલેન્ટાઈન ડે પર એક પોસ્ટ શેર કરતી વખતે કપલે આ અંગે એક હિંટ આપી છે. બુધવારે સોશિયલ મીડિયા પર પુલકિતે પણ એક ફોટો શેર કર્યો અને લખ્યું, 'હું કરું છું, હું તને પ્રેમ કરું છું...' બંનેના આ ફોટા અને તેમના કેપ્શન પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ કપલ માર્ચમાં લગ્ન કરી શકે છે.

એવી અફવા છે કે આ કપલે જાન્યુઆરીમાં સગાઈ કરી લીધી હતી. ગત જાન્યુઆરીમાં પુલકિતની કઝીન રિયા લુથરાએ સોશિયલ મીડિયા પર કપલની કેટલીક તસવીરો શેર કરી હતી.

આ તસવીરોમાં પુલકિત અને ક્રિતી બંને ટ્રેડિશનલ આઉટફિટમાં એન્ગેજમેન્ટ રિંગ્સ પહેરેલા જોવા મળ્યા હતા. જો કે બંનેએ હજુ સુધી આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી. હવે જો રિપોર્ટ્સનું માનીએ તો બંને માર્ચમાં દિલ્હીમાં લગ્ન કરી શકે છે. પુલકિત અને ક્રિતીની મુલાકાત ફિલ્મ 'પાગલપંતી'ના સેટ પર થઈ હતી. બંનેએ 'વીરે કી વેડિંગ' અને 'તૈશ' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.` પુલકિત 11 મહિના પછી શ્વેતા રોહિરાથી અલગ થઈ ગયો પુલકિત અને ક્રિતી છેલ્લા 5 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. 2019થી રિલેશનશિપમાં રહ્યા બાદ બંને છેલ્લા કેટલાક વર્ષોથી સાથે રહે છે. આ પહેલા પુલકિતે શ્વેતા રોહિરા સાથે લગ્ન કર્યા હતા પરંતુ લગ્નના 11 મહિના બાદ બંને અલગ થઈ ગયા હતા. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો પુલકિત છેલ્લે 'ફુકરે-3'માં જોવા મળ્યો હતો. ક્રિતીની આગામી ફિલ્મ 'રિસ્કી રોમિયો' છે જે મે 2024માં રિલીઝ થશે.

### વેલેન્ટાઈન ડે પર ફોટો શેર કરતી વખતે કપલે આ અંગે એક હિંટ આપી છે...

## પૂષ્પા ટૂમાં આઈટમ સોંગની લૉટરી દિશા પટાણીને લાગી



મુંબઈ |'પુષ્પા ટૂ'નાં આઈટમ સોંગ માટે દિશા પટાણી ફાઈનલ થઈ ગઈ હોવાનું કહેવાય છે. છેલ્લા કેટલાય મહિનાઓથી દિશા સહિતની હિરોઈનો આ સોંગ મેળવવા માટે હોડમાં હતી.

'પુષ્પા'નાં આઈટમ સોંગ 'ઉ અંટવા'થી સામંથા રુથ પ્રભુ રાતોરાત પાન ઈન્ડિયા સ્ટાર બની ગઈ હતી. જોકે, સામંથાએ માયોસાઈટિસ બીમારીને કારણે બ્રેક લેતાં બીજા ભાગમાંથી તેનું નામ નીકળી ગયું હતું. તે પછી અનેક હિરોઈનો આ હોડમાં હોવાનું કહેવાતું હતું. દિશા ઉપરાંત સાઉથની એક્ટ્રેસ શ્રીલીલાનું નામ પણ આ આઈટમ સોંગ માટે ચર્ચાયું હતું. દિશાને સાઉથમાં આ બીજા મોટા પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળી છે. તે પ્રભાસ તથા દીપિકાની ફિલ્મ 'કલ્કિ, ૨૮૯૮ એડી'માં પણ દેખાવાની છે.

'પુષ્પા ટૂ' આગામી ઓગસ્ટમાં રીલીઝ થવાની છે. બોક્સ ઓફિસ પર તેનો મુકાબલો અજય દેવગણની 'સિંઘમ અગેઈન' સાથે થશે.



### વેલેન્ટાઈન ડે પર ઝીનત અમાનની ખાસ પોસ્ટ : તેમણે યુવા યુગલોને ખાસ સલાહ આપી

## 72 વર્ષીય ઝીનત અમાને યુવા પેઢીને પ્રેમ અને સંબંધો અંગે આપી સલાહ, જણાવ્યું કોને કરી રહી છે ડેટ

મુંબઈ | 70 અને 80ના દાયકાની સુંદર અને બોલ્ડ અભિનેત્રી ઝીનત અમાન સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તેમણે એક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યુ કર્યું હતું, ત્યારબાદ તે તેના ચાહકોને સતત અપડેટ્સ આપી રહી છે. ઝીનત અમાન પોતાના જીવનની કેટલીક ખાસ વાતો, જૂની અને નવી તસવીરો ફેન્સ સાથે દરરોજ શેર કરે છે. વેલેન્ટાઈન ડે પર ઝીનત અમાને આજના યુવા કપલ્સને ડેટિંગને લઈને એક ખાસ સલાહ આપી છે, જેની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. તો જાણીએ શું આપી છે સલાહ.

ઝીનતે આ ટિપ્સ એવા પ્રેમીઓને આપી છે જેમના પરિવારને જાતિ, ધર્મ, વર્ગ અને લિંગના કારણે તેમના જીવનસાથીને પસંદ નથી. વેલેન્ટાઈન ડે પર ઝીનત અમાને ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ લખી હતી. આ પોસ્ટ દ્વારા તેણે યુવા પેઢીને રિલેશનશિપ ટિપ્સ આપી હતી. તેણે એ પણ જણાવ્યું કે તે હવે કોને ડેટ કરી રહી છે.

ઝીનત અમાને તેના કેટલાક શાનદાર ફોટો શેર કર્યા છે. આ સાથે તેણે લખ્યું, 'મારા જેવા એકલા પંખીને પ્રેમ વિશે શું ખબર હશે? સાચું કહું તો, હું નક્કી નથી કરી શકતી કે તમે મને આ કેપ્શન કેમ લખવાનું કહ્યું, તે અદ્ભુત વાત છે કે મૂર્ખતા! મારી ગરિમા જાળવીને, હું તેને એક અદ્ભુત વાત માનીશ. મને કહેવું ગમે છે કે નિષ્ફળતા એ સફળતા કરતાં સારો શિક્ષક છે. તેથી હું કદાચ એક-બે સલાહ શેર કરવા માટે સારી સ્થિતિમાં છું. ઝીનતે લખ્યું કે, 'જો તમારો પરિવાર જાતિ, વર્ગ, ધર્મ, લિંગ કે અન્ય કોઈ મુદ્દાને કારણે તમારા સંબંધનો વિરોધ કરે છે, તો તેમને પડકાર આપો. પરંતુ જો તેઓ કોઈ અન્ય કારણોસર તમારા પાર્ટનરને નાપસંદ કરે છે તો તેમને સાંભળો. હું એમ નથી કહેતી કે તે સાચા છે... હું કહું છું કે ઘણીવાર આપણો પરિવાર ભ્રામક દ્દષ્ટિકોણ આપી શકે છે. મારા જીવનમાં પણ ચોક્કસપણે એવા એક કે બે પ્રસંગો આવ્યા છે જ્યારે મેં વિચાર્યું હતું કે કાશ મેં મારી માતાની વાત સાંભળી હોત. નવી વ્યક્તિને ડેટ કરવાની સલાહ આપતાં ઝીનત અમાને લખ્યું કે, 'સંબંધના શરૂઆતના થોડા મુશ્કેલ મહિના તમને તમારી સમજથી દૂર રાખે છે. આ સમય સામાન્ય રીતે મોહ અને વાસના જેવો જ હોય છે, તેને પ્રેમ સમજવાની ભૂલ ન કરવી જોઈએ. તે સમયે અનુકૂળતા પણ જરૂરી છે.

ઝીનત અમાન કહે છે કે હવે તે પોતાને જ ડેટ કરી રહી છે. તેણે લખ્યું, 'આ દિવસોમાં હું મારી જાતને ડેટ કરી રહી છું. હું મારા માટે તે બધી વસ્તુઓ કરું છું જે પ્રેમાળ અને લોંગટર્મ પાર્ટનર કરે છે.

## ચર્ચાસ્પદ લવ, સેક્સ ઔર ધોખાનો બીજો ભાગ એપ્રિલમાં

મુંબઈ | એક્તા કપૂરની 'લવ, સેક્સ ઔર ધોખા'નો બીજો ભાગ આવતા એપ્રિલ મહિનામાં રીલીઝ થશે. મૂળ ફિલ્મ રીલીઝ થયાના ૧૪ વર્ષ બાદ આ ફિલ્મનો બીજો ભાગ આવી રહ્યો હતો. 'લવ,સેક્સ ઓર ધોખા '૨૦૧૦માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મથી રાજકુમાર રાવે બોલીવૂડમાં ડેબ્યુ કર્યું હતું. હવે ૧૪ વરસ પછી આ ફિલ્મનો બીજો ભાગ આવી રહ્યો છે.




પહેલા ભાગમાં એમએમએ સ્કેન્ડલની વાત કહેતી ત્રણ અલગ અલગ પરંતુ એકબીજા સાથે સંકળાયેલી સ્ટોરીઝ હતી. નવી ફિલ્મમાં હવે પ્રેમ પ્રસંગમાં સાયબર ક્રાઈમ આધારિત સ્ટોરી હોવાની શક્યતા છે. ફિલ્મના પોસ્ટર પરથી અનુમાન લગાવાઈ રહ્યું છે કે તેમાં ડિજિટલ યુગમા સોશિયલ મીડિયાના દુરુપયોગ સહિતની વાતો હશે. ફિલ્મના બીજા ભાગનું દિગ્દર્શન પણ પહેલા ભાગના જ દિગ્દર્શક દિબાકર બેનરજીએ કર્યું છે. આ ફિલ્મથી ડેબ્યૂ કર્યા બાદ રાજકુમાર રાવને 'કાઈપો છે' સહિતની ફિલ્મોથી સફળતા હાથ લાગી હતી. જોકે, તેની સહકલાકાર નુસરત ભરુચાને ખાસ ફાયદો થયો ન હતો અને તેની કારકિર્દી હંમેશાં ડગુમગુ જ રહી હતી. બીજા ભાગમાં ટીવી સ્ટાર નિમરત કૌર અહલુવાલિયા મુખ્ય ભૂમિકામાં છે.

# T-20 વર્લ્ડ કપમાં ભારતની કેપ્ટનશિપ કરશે રોહિત શર્મા

## BCCI સેક્રેટરી જય શાહે જાહેરાત કરી, ટૂર્નામેન્ટ જૂનમાં યોજાશે




BCCI (ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ)ના સચિવ જય શાહે જાહેરાત કરી છે કે રોહિત શર્મા જૂનમાં યોજાનાર T20 વર્લ્ડ કપમાં ભારતની કેપ્ટનશિપ કરશે. રાજકોટમાં આયોજિત કાર્યક્રમમાં જય શાહે કહ્યું કે, અમે ભલે 2023 ODI વર્લ્ડ કપની ફાઈનલ હારી ગયા હોય, પરંતુ અમે ત્યાં સતત 10 મેચ જીતીને દિલ જીતી લીધું. મને વિશ્વાસ છે કે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારત બાર્બાડોસમાં 2024નો T20 વર્લ્ડ કપ જીતશે. બુધવારે SCA સ્ટેડિયમનું નામ બદલીને નિરંજન શાહ સ્ટેડિયમ કરવામાં આવ્યું હતું. આ જ ઈવેન્ટમાં શાહે રોહિતની કેપ્ટનશિપની જાહેરાત કરી હતી. રોહિત, મુખ્ય કોચ રાહુલ દ્રવિડ અને મેન્સ નેશનલ ટીમના મુખ્ય પસંદગીકાર અજીત અગરકર પણ કાર્યક્રમમાં હાજર હતા.

**IPLમાંથી કેપ્ટનશિપ છોડ્યા બાદ રોહિતના વર્લ્ડકપ રમવા અંગે શંકા હતી :** મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલમાં રોહિત પાસેથી કેપ્ટનશીપ છીનવીને હાર્દિક પંડ્યાને આપી હતી. ત્યારથી રોહિતના ટી-20 રમવા અને ભારતીય ટીમની કેપ્ટનશિપ અંગે શંકા હતી. MI મેનેજમેન્ટે 2024ની સીઝનની હરાજી પહેલા જ હાર્દિકને 15 કરોડ રૂપિયામાં ગુજરાતમાં સોદો કર્યો હતો. આ માટે MIએ ગુજરાતને 15 કરોડ રૂપિયા આપ્યા હતા અને અલગથી રકમ પણ આપી હતી. હરાજી પહેલા જ મેનેજમેન્ટે હાર્દિકને કેપ્ટન બનાવવાનો નિર્ણય લીધો હતો.

**હાર્દિક ટી-20 વર્લ્ડ કપ 2022થી કેપ્ટનશિપ કરી રહ્યો હતો :** નવેમ્બર 2022માં T20 વર્લ્ડ કપમાંથી ભારતની સેમિફાઈનલમાંથી બહાર થઈ ત્યારથી, હાર્દિક પંડ્યાએ મોટાભાગની T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. જ્યારે રોહિતને જાન્યુઆરીમાં અફઘાનિસ્તાન સામેની ઘરેલુ T20 શ્રેણી માટે બોલાવવામાં આવ્યો હતો, ત્યારે તેની અને વિરાટ કોહલીની 2024 વર્લ્ડ કપમાં રમવાની આશા વધી ગઈ હતી.

**જૂન 2023માં વર્લ્ડ કપ રમાશે :** ICC મેન્સ T20 વર્લ્ડ કપ 1થી 29 જૂન સુધી વેસ્ટઈન્ડિઝ અને અમેરિકાના 9 શહેરોમાં રમાશે. ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે, બંને વચ્ચે ગ્રુપ સ્ટેજની મેચ 9 જૂને ન્યૂયોર્કમાં રમાશે. ફાઈનલ મેચ 29 જૂને વેસ્ટ ઈન્ડિઝના બાર્બાડોસ શહેરમાં રમાશે. T-20 વર્લ્ડ કપમાં પ્રથમ વખત 20 ટીમોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અગાઉની બે આવૃત્તિઓમાં દરેકમાં 16 ટીમો હતી. ઈંગ્લેન્ડ ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, જ્યારે ભારત 2007માં ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી ચૂક્યું હતું.

**વેસ્ટ ઈન્ડિઝમાં 41, અમેરિકામાં 14 મેચ રમાશે :** T-20 વર્લ્ડ કપની યજમાની વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા સંયુક્ત રીતે કરી રહ્યા છે. વેસ્ટ ઈન્ડિઝના 6 શહેરોમાં કુલ 41 મેચો યોજાશે, જ્યાં ત્રણેય નોકઆઉટ મેચો પણ હશે. જ્યારે બાકીની 14 મેચો અમેરિકાના ન્યૂયોર્ક, ફ્લોરિડા અને ડલ્લાસ શહેરમાં યોજાશે. વેસ્ટ ઈન્ડિઝના 6 શહેરો ત્રિનિદાદ, ગુયાના, બાર્બાડોસ, એન્ટિગુઆ, સેન્ટ વિન્સેન્ટ અને સેન્ટ લુસિયા છે.

**અમે ભલે 2023 ODI વર્લ્ડ કપની ફાઈનલ હારી ગયા હોય :** પરંતુ અમે ત્યાં સતત 10 મેચ જીતીને દિલ જીતી લીધું. મને વિશ્વાસ છે કે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારત બાર્બાડોસમાં 2024નો T20 વર્લ્ડ કપ જીતશે. બુધવારે SCA સ્ટેડિયમનું નામ બદલીને નિરંજન શાહ સ્ટેડિયમ કરવામાં આવ્યું હતું. જ્યારે રોહિતને જાન્યુઆરીમાં અફઘાનિસ્તાન સામેની ઘરેલુ T20 શ્રેણી માટે બોલાવવામાં આવ્યો હતો,

# ટ્રેન્ટ બોલ્ટ 15 મહિના પછી T20I રમશે

વેલિંગ્ટન | તા.15



ન્યૂઝીલેન્ડે ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણી માટે ટીમની જાહેરાત કરી છે. લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટ ટીમમાં પરત ફર્યો, જેથી તે T20 વર્લ્ડ કપ માટે ટીમની તૈયારીઓમાં સામેલ થઈ શકે. કેપ્ટન કેન વિલિયમસન તેના ત્રીજા બાળકના જન્મ માટે રજા પર જશે. જ્યારે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ઈજાગ્રસ્ત ડેરીલ મિચેલ ઓસ્ટ્રેલિયા સામે રમી શકશે નહીં. બોલ્ટ પ્રથમ T20 નહીં રમે બોલ્ટ હાલમાં UAEમાં MI અમીરાત ટીમ માટે ILT20 રમી રહ્યો છે. તેની ટીમ પ્લેઓફમાં પહોંચી ગઈ છે. ટુર્નામેન્ટની ફાઈનલ 19 ફેબ્રુઆરીના રોજ યોજાશે, તેથી તે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ T20 રમી શકશે નહીં. તેને બીજી અને ત્રીજી મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ટિમ સાઉથીનું સ્થાન લેશે, જે ફક્ત પ્રથમ T20 માટે જ ટીમનો ભાગ છે.ટ્રેન્ટ બોલ્ટ ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટનો ભાગ નથી, તેથી જ તે હાલમાં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ રમી રહ્યો નથી. તેણે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ODI વર્લ્ડ કપમાં ભારત સામે રમી હતી, જ્યાં ટીમને સેમિફાઈનલમાં ઈન્ડિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.ન્યૂઝીલેન્ડ લિમિટેડ ઓવરની ટીમનો કેપ્ટન કેન વિલિયમસન ઓસ્ટ્રેલિયા સામે T20 સિરીઝ નહીં રમે. તેણે ત્રીજા બાળકના જન્મ માટે પેટરનિટી લીવ માગી હતી, જે મંજૂર કરવામાં આવી છે. બોલ્ટે તેની છેલ્લીT20 આંતરરાષ્ટ્રીય મેચ પણ 15 મહિના પહેલા નવેમ્બર 2022માં રમી હતી. આ મેચ પણ T20 વર્લ્ડ કપનો એક ભાગ હતી, ટીમને અહીં સેમિફાઈનલમાં પાકિસ્તાનથી હારનો સામનો કરવો પડ્યો હતો.દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ઈજાગ્રસ્ત ડેરીલ મિચેલ પણ ઓસ્ટ્રેલિયા સામે રમી શકશે નહીં.

# વરુણ ચક્રવર્તીએ કહ્યું- વર્લ્ડ કપ બાદ મને સાઇડલાઇન કરી દેવાયો

કોલકત્તા | તા.15




કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે IPLમાં પોતાની ઓળખ બનાવનાર વરુણ ચક્રવર્તીએ BCCIની પસંદગીની નીતિની ટીકા કરી છે. વરુણે કહ્યું, 'T20 વર્લ્ડ કપ પછી મને ટીમમાં સામેલ કરવા વિશે પણ પૂછવામાં આવ્યું ન હતું. ટુર્નામેન્ટ પછી, હું 2 અઠવાડિયા સુધી ઈજાગ્રસ્ત હતો, પરંતુ જ્યારે પણ મને પસંદગી વિશે પૂછવામાં આવ્યું, ત્યારે મને મહિનાઓ સુધી ઈજાગ્રસ્ત ગણવામાં આવ્યો. વરુણ 2021માં T20 વર્લ્ડ કપ રમ્યો હતો. આ પછી તે ટીમ ઈન્ડિયામાં પરત ફરી શક્યો નહોતો.' હું હંમેશા સમાચારમાં ઈજાગ્રસ્ત રહ્યો છુંCricecstasyને આપેલા એક ઈન્ટરવ્યૂમાં વરુણ ચક્રવર્તીએ કહ્યું, 'મારા માટે વર્લ્ડ કપ પછી કમબેક કરવું ખૂબ જ મુશ્કેલ હતું. મારી ઈજા બહુ ગંભીર ન હતી, હું 2-3 અઠવાડિયા પછી સ્વસ્થ થયો. પરંતુ રિકવરી પછી મેનેજમેન્ટે મને પૂછવાનું બંધ કરી દીધું.જ્યારે પણ મેં અધિકારીઓને પસંદગી અંગે પૂછ્યું તો તેમને કહેવામાં આવ્યું કે હું ઘાયલ છું. જ્યારે હું સંપૂર્ણપણે ફિટ હતો અને ડોમેસ્ટિક ક્રિકેટ રમી રહ્યો હતો. અફવા ફેલાવવામાં આવી હતી કે હું ઈજાગ્રસ્ત થયો છું જેથી મને રાષ્ટ્રીય ટીમમાંથી બહાર કરી શકાય, પરંતુ જીવન એવું છે, તે મારા માટે ખૂબ મુશ્કેલ રહ્યું છે.

### હવે મને કોઈની પાસેથી કોઈ અપેક્ષા નથી

વરુણે કહ્યું, 'મેં ફરીથી ક્રિકેટમાંથી બ્રેક લીધો, મારી સાથે શું થઈ રહ્યું છે તે જાણવાનો પ્રયાસ કર્યો. હું હવે શાંત છું, હું સમજું છું કે વસ્તુઓ કેવી રીતે કાર્ય કરે છે. શ્રેષ્ઠ ખેલાડીઓ પણ હવે સાઈડલાઈન થઈ રહ્યા છે, તો શું હું મોટો ખેલાડી છું? હવે મારી પાસે કોઈ અપેક્ષા નથી, ભલે ગમે તે આવે, હું મારું શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.' હું દરેકને તે સાબિત કરવા માગતો હતો, તેથી મેં મારી બોલિંગમાં ઘણા ફેરફારો કર્યા. મારી માનસિક શાંતિ છીનવાઈ ગઈ, હું અંદરથી નબળાઈ અનુભવવા લાગ્યો,

**હું વર્લ્ડ કપ બાદ તૂટી ગયો હતો :** વરુણે કહ્યું, 'IPL 2022 મારા માટે સારું નહોતું કારણ કે હું 2021 વર્લ્ડ કપ પછી જે બન્યું તેમાંથી બહાર આવી શક્યો નહીં. હું બરબાદ થઈ ગયો. હું કોઈ રીતે ટીમ ઈન્ડિયામાં કમબેક કરવા ઈચ્છતો હતો.

# મો. નબી ODI ઓલરાઉન્ડર રેન્કિંગમાં ટોચ પર પહોંચ્યો શાકિબ લગભગ 5 વર્ષ પછી પ્રથમ સ્થાનેથી સરકી ગયો

દુબઈ | તા.15

અફઘાનિસ્તાનનો ખેલાડી મોહમ્મદ નબી ODI ઓલરાઉન્ડર રેન્કિંગમાં નંબર વન પર પહોંચી ગયો છે. તેણે એક સ્થાનની છલાંગ લગાવીને બાંગ્લાદેશના શાકિબ અલ હસનને પાછળ છોડી દીધો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બુધવારે નવીનતમ રેન્કિંગ જાહેર કરી છે. શાકિબ છેલ્લા પાંચ વર્ષથી ODI ઓલરાઉન્ડર રેન્કિંગમાં નંબર વન પર હતો. શાકિબ 1739 દિવસ સુધી ODI ઓલરાઉન્ડરની ટોચની રેન્કિંગ પર રહ્યો. તે 7 મે 2019થી 9 ફેબ્રુઆરી 2024 સુધી નંબર-1 પર રહ્યો. રાશિદ ખાનને રિપ્લેસ કરીને શાકિબ ટોપ પર પહોંચ્યો હતો. શાકિબ હજુ પણ T20માં ઓલરાઉન્ડ રેન્કિંગમાં ટોચ પરનબી 314 માર્ક્સ સાથે ટોપ પર પહોંચ્યો હતો. જ્યારે શાકિબ 310 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. જોકે, શાકિબ હજુ પણ T20 ઓલરાઉન્ડર રેન્કિંગમાં 256 પોઈન્ટ સાથે ટોચ પર છે. આમાં નબીએ એક સ્થાન ગુમાવ્યું છે અને તે ત્રીજાથી ચોથા સ્થાને સરકી ગયો છે.




### શ્રીલંકા સામેની વન-ડેમાં મોહમ્મદ નબીનો દેખાવનો ફાયદો મળ્યો

શ્રીલંકા સામે રમાયેલી ત્રણ મેચની વન-ડે શ્રેણીની પ્રથમ મેચમાં નબીને સુધારાનો ફાયદો મળ્યો છે. નબીએ શ્રેણીની મેચમાં 136 રન બનાવ્યા અને 1 વિકેટ લીધી. જો કે આ મેચમાં માત્ર શ્રીલંકાનો જ વિજય થયો હતો. આ સાથે જ નબીને ODI બોલિંગ રેન્કિંગમાં પણ એક સ્થાનનો ફાયદો થયો છે. તે આઠમા સ્થાનેથી સાતમા સ્થાને પહોંચી ગયો છે.

### બુમરાહને ODI બોલિંગ રેન્કિંગમાં એક સ્થાનનો ફાયદો

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહે ODI બોલિંગ રેન્કિંગમાં એક સ્થાનનો ફાયદો ઉઠાવ્યો છે. તે 665 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાનથી પાંચમા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે દક્ષિણ આફ્રિકાના બોલર કેશવ મહારાજ 716 પોઈન્ટ સાથે ટોપ પર યથાવત છે.

### શ્રીલંકાના બેટર ચરિથ અસલંકાને વન-ડે બેટિંગ રેન્કિંગમાં ફાયદો

ODI બેટિંગ રેન્કિંગમાં ટોપ-10માં કોઈ ફેરફાર થયો નથી. જોકે, શ્રીલંકાના બેટર ચરિથ અસલંકાને પાંચ સ્થાન અને પથુમ નિશાંકાને 10 સ્થાનનો ફાયદો થયો છે. અસલંકા 20મા સ્થાનેથી 15મા ક્રમે આવી ગયો છે. અસલંકાને અફઘાનિસ્તાન સામેની બીજી વન-ડેમાં 97 રનની ઈનિંગ રમવાનો ફાયદો મળ્યો. જ્યારે નિશાંકા 28મા સ્થાનેથી 18મા સ્થાને પહોંચી ગયો છે. નિશંકાને અફઘાનિસ્તાન સામે તેની પ્રથમ વન-ડે બેવડી સદીનો ફાયદો મળ્યો છે.

### ટેસ્ટ રેન્કિંગમાં બહુ ફેરફાર નથી

ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર થોડો કે કોઈ ફેરફાર થયો નથી. ન્યૂઝીલેન્ડના બેટર કેન વિલિયમસન બાર્ટની યાદીમાં ટોચ પર છે. ટોપ-10 બેટિંગમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જસપ્રીત બુમરાહ ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં પણ ટોપ પર યથાવત છે. ટોપ-7 રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી. ન્યૂઝીલેન્ડનો બેટર કાઈલ જેમિસન 751 પોઈન્ટ સાથે 6 સ્થાનની છલાંગ લગાવીને આઠમા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે ઓસ્ટ્રેલિયન બોલર નાથન લાયન એક સ્થાન ગુમાવીને નવમા સ્થાને પહોંચી ગયો છે.

# પાકિસ્તાનથી આવ્યા દુઃખદ સમાચાર, પ્રેક્ટિસ બાદ 17 વર્ષની ખેલાડીનું થયું મોત



ઈસ્લામાબાદ | તા.15

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં કંઈક એવું થયું જેણે બધાને ચોંકાવી દીધા છે. પાકિસ્તાનની 17 વર્ષની ટેનિસ ખેલાડી ઝૈનબ અલી નકવીનું અવસાન થયું છે. રિપોર્ટ્સ અનુસાર, આ ખેલાડીને હાર્ટ એટેક આવ્યો હતો અને જ્યારે તેને હોસ્પિટલ લઈ જવામાં આવી ત્યારે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝૈનબ ઈસ્લામાબાદમાં ચાલી રહેલી આઈટીએફ જુનિયર ટૂર્નામેન્ટમાં રમી રહી હતી. તે કરાચીથી ઈસ્લામાબાદ તેની દાદીને ત્યાં ગઈ હતી. મંગળવારે તેની મેચ પછી ઝૈનબ સ્વિમિંગ માટે ગઈ અને પછી તે તેની દાદીના ઘરે આવી. આ પછી ઝૈનબ લાંબા સમય સુધી રૂમમાંથી બહાર ન આવી. પરિવારજનોએ દરવાજો ખખડાવ્યો તો અંદરથી કોઈ હલચલ જણાતી ન હોવાથી દરવાજો તોડવો પડ્યો. અહેવાલો અનુસાર, ઝૈનબ બેભાન અવસ્થામાં પડી હતી અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેનું મોત થઈ ગયું હતું. આ પહેલીવાર નથી જ્યારે પાકિસ્તાની ટેનિસ ખેલાડીનું આટલી નાની ઉંમરમાં મોત થયું હોય. આ પહેલા પાકિસ્તાનના ડેવિડ કપ પ્લેયર રાશિદ મલિકના પુત્રનું પણ નાની ઉંમરમાં અવસાન થયું હતું.


# ભારતમાં જ યોજાશે IPL 2024, અરુણ ધૂમલે આપી મોટી અપડેટ

નવી દિલ્હી | તા.15



વર્ષ 2009 માં સામાન્ય ચૂંટણીઓને કારણે આ ટુર્નામેન્ટ દક્ષિણ આફ્રિકામાં રમાઈ હતી. વર્ષ 2014માં ચૂંટણીના કારણે સિઝનની પ્રથમ મેચ યુએઈમાં રમાઈ હતી. ચૂંટણી હોવા છતાં સમગ્ર આઈપીએલ 2019 સિઝન ભારતમાં રમાઈ હતી. તેમ છતા BCCIને વિશ્વાસ છે કે ચૂંટણી સામે આ વર્ષે ટૂર્નામેન્ટ સંપૂર્ણપણે ભારતમાં જ રમાશે. IPLના અધ્યક્ષ અરુણ ધૂમલે મહત્વની અપડેટ આપી છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું કે, ફરી એકવાર આઈપીએલના આયોજન પહેલા દેશ માટે જરુરી ચૂંટણી સામે આવી છે. તેમ છતા BCCIને વિશ્વાસ છે કે ટૂર્નામેન્ટ સંપૂર્ણપણે ભારતમાં જ રમાશે. તેમણે જણાવ્યું કે , અમે IPLના સ્થળને લઈને ભારત સરકાર અને એજન્સીઓ સાથે વાતચીત કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે , અમે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાતની રાહ જોઈ રહ્યા છીએ અને પછી અમે તે મુજબ આયોજન કરીશું.વર્ષ 2009 માં સામાન્ય ચૂંટણીઓને કારણે આ ટુર્નામેન્ટ દક્ષિણ આફ્રિકામાં રમાઈ હતી. વર્ષ 2014માં ચૂંટણીના કારણે સિઝનની પ્રથમ મેચ યુએઈમાં રમાઈ હતી. ચૂંટણી હોવા છતાં સમગ્ર આઈપીએલ 2019 સિઝન ભારતમાં રમાઈ હતી.વર્ષ 2020માં BCCIને COVID-19ને કારણે લીગને UAEમાં ખસેડવાની ફરજ પડી હતી.વર્ષ 2021માં આઈપીએલનો બીજો હાફ પણ આ જ કારણસર UAEમાં રમાયો હતો.સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, આઈપીએલની 17મી સીઝનની ફાઈનલ મેચ 26 મે સુધી રમાઈ શકે છે. T20 વર્લ્ડ કપ 5 જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે, તેથી BCCI ખેલાડીઓને તૈયારી માટે 8 થી 10 દિવસનો સમય આપી શકે છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.આ પહેલા અટકળો હતી કે લોકસભાની ચૂંટણીને કારણે IPLની 17મી સિઝન ભારતને બદલે વિદેશમાં શિફ્ટ કરવામાં આવશે.

# 44 વર્ષીય ખેલાડીએ મચાવી ધમાલ, આવું કરનાર વિશ્વનો ચોથો બોલર બન્યો




કરાંચી | તા.15

પાકિસ્તાનમાં જન્મ, આફ્રિકા તરફથી રમી બનાવ્યું નામ, હવે બાંગ્લાદેશમાં મેળવી મોટી ઉપલબ્ધિ. અમે વાત કરી રહ્યા છીએ સ્પિનર 44 વર્ષના ઈમરાન તાહિરની. જેણે બાંગ્લાદેશ પ્રીમિયર લીગની એક મેચમાં પાંચ વિકેટ લેવાથી સાથે એક મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. આ ખેલાડીએ પોતાનું બાળપણ અને યુવાની પાકિસ્તાનમાં ક્રિકેટ રમીને વિતાવી, પરંતુ જ્યારે વાત ન બની તો તે 26 વર્ષની ઉંમરે પાકિસ્તાન છોડીને દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયો. હવે આ જ ખેલાડીએ T20 ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો છે. અમે વાત કરી રહ્યા છીએ 44 વર્ષના ઈમરાન તાહિરની, જેણે ફરી એકવાર પોતાની ઉંમરને પછાડ છોડી મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. પાકિસ્તાન-આફ્રિકા તરફથી રમ્યો યુવાવસ્થામાં પાકિસ્તાન અન્ડર-19 અને A-ટીમ માટે ક્રિકેટ રમનાર તાહિરે દક્ષિણ આફ્રિકા માટે 165 આંતરરાષ્ટ્રીય મેચ રમી અને પછી નિવૃત્તિ લીધી. જોકે, તે ક્રિકેટથી દૂર રહ્યો નહોતો. તે હવે વિશ્વભરની T20 લીગમાં રમે છે.

# રાજકોટના ક્રિકેટ સ્ટેડિયમમાં એક પિતાનું સપનું પૂર્ણ થયું, પિતા-પુત્રને ગળે લાગાવી રડ્યા



રાજકોટ | તા.15

રાજકોટ ટેસ્ટમાં સરફરાજ ખાનનું ટેસ્ટ ડેબ્યું કર્યું છે. તે ભારતનો ટેસ્ટ ખેલાડી નંબર 311 બન્યો છે. સરફરાજના ટેસ્ટ ડેબ્યુ બાદ તેના પિતા મેદાન પર જ રડી પડ્યા હતા. તેના આંખોમાં આસું આવ્યા હતા. તેનું સપનું સાકાર થયું જે તેમણે તેના પુત્ર સાથે મળીને જોયું હતુ. અંતે આજે એક પિતાનું રાજકોટમાં સપનું સાકાર થયું છે. સરફરાજ ખાન ઈન્ડિયાની ટેસ્ટ ટીમમાં પ્રવેશ કરી ચૂક્યો છે. રાજકોટ ટેસ્ટમાં ભારતનો ખેલાડી નંબર 311 છે. સરફરાજ ખાને તેના પિતાનું સપનું સાકાર કર્યું છે. તેમણે ભારતીય ક્રિકેટના સૌથી મોટા મેચ વિનર અનિલ કુંબલે પાસેથી ટેસ્ટ કેપ મળી હતી. જે બાદનો નજારો જોવા લાયક હતો. સરફરાજના પિતાની આંખોમાં આસું આવી ગયા હતા સરફરાજ ખાનને ટેસ્ટ કેપ મળવા પર આખી ટીમે શુભકામના પાઠવી છે. અનિલ કુંબલે ટેસ્ટ કેપ લીધા બાદ દોડતા દોડતા બાઉન્ડ્રીની બહાર ઉભેલા પિતાની પાસે પહોંચ્યો હતો. તેમણે પિતાના આશીર્વાદ લીધા હતા.તેમણે કેપ દેખાડી હતી. જે સપનું તેમણે પુત્ર સાથે જોયું હતુ. ત્યારબાદ પિતા-પુત્ર ગળે મળ્યા રાજકોટના મેદાન પર આ નજારો સૌ કોઈની આંખમાં આસું લાવી દે તેવો હતો. સરફરાજ ખાન ઘરેલું ક્રિકેટમાં સતત ફોર્મમાં જોવા મળ્યો હતો. એક બાદ એક શાનદાર ઈનિંગ્સ રમી હતી, માત્ર 45 મેચમાં 3912 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમની સરેરાશ અંદાજે 70 (69.85) રહ્યો હતો.ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સરફરાઝ ખાનની સૌથી મોટી ઈનિંગ્સ અણનમ 301 રન છે.





# જાપાનનું અર્થતંત્ર વિશ્વમાં ચોથા ક્રમે ગબડી જવાની આગાહી



જાપાન, જે એક સમયે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ગુરુવારે આંકડા જાહેર થશે ત્યારે ચોથા ક્રમ ઉપર આવી જશે એવો અંદાજ અર્થશાસ્ત્રીઓ લગાવી રહ્યા છે. વસતીમાં યુવાન કરતા વૃદ્ધ લોકોનું પ્રમાણ વધારે અને છેલ્લા બે વર્ષથી સતત ગબડી રહેલા સ્થાનિક ચલણ યેનના કારણે અર્થતંત્રનું કદ ૪.૩ લાખ કરોડ ડોલર રહે એવી શક્યતા જોવામાં આવી રહી છે. ત્રીજા સ્થાને ૪.૭ લાખ કરોડ ડોલરના જીડીપી સાથે જર્મની રહેશે.જોકે, ૨૦૩૦ સુધીમાં સૌથી ઝડપે વિકસી રહેલા મોટા અર્થતંત્ર સાથે ભારત પાંચમાં સ્થાન ઉપરથી ત્રીજા સ્થાન ઉપર આવી જશે એવી આગાહી વૈશ્વિક નાણા સંસ્થાઓ, ક્રેડીટ રેટિંગ એજન્સીઓ અને કેન્દ્ર સરકારે કરી છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના (આઈએમએફ) આંકડાઓ અનુસાર અત્યારે ૨૭.૯ લાખ કરોડ ડોલર સાથે અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે

## ન્યૂઝ ટ્રેક

### પાકિસ્તાનમાં વડાપ્રધાન કોણ બનશે ? નિશ્ચિત નામ : ગુસ્સામાં ઇમરાન

ઈસ્લામાબાદ | પીએમએલએન દ્વારા પાર્ટીના શહબાઝ શરીફને પાર્ટીએ મંગળવારની રાત્રે વડાપ્રધાન પદ માટે નામાંકિત કર્યા છે. પાકિસ્તાન મુસ્લીમ લીગ નવાઝ (પીએમએલએન)નાં પ્રવક્તા મરિયમ ઔરંગઝેબે X પર જણાવ્યું છે કે ૭૪ વર્ષના પીએમએલ નવાઝના સુપ્રીમો નવાઝ શરીફે પોતાના નાનાભાઈ શહબાઝ શરીફને વડાપ્રધાન પદ માટે તથા તેમનાં દુખ્તર (પુત્રી) ૫૦ વર્ષનાં મરિયમ નવાઝને પંજાબ પ્રાંતનાં મુખ્યમંત્રી પદ માટે નામાંકિત કર્યાં છે. આ પૂર્વે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારી પણ વડાપ્રધાન પદની રેસમાં હતા. પરંતુ તેવો પોતે સ્વંયમેવ જ તે રેસમાંથી ખસી ગયા છે.તેઓ તે રેસમાંથી ખસી ગયા પછી શહબાઝ શરીફનાં નામની જાહેરાત કરાઈ હતી.

### ઓમાને ભારતને ડૂકમ પોર્ટ સોંપતા પાકિસ્તાનને મરચાં લાગ્યા

ઓમાન | મધ્યપૂર્વના આરબ દેશ ઓમાને ભારતને પોતાનું ડૂકમ નામનું મહત્વનું પોર્ટ સોંપતા નવા જ ઐતિહાસિક સંબંધોની શરુઆત થઇ છે. ઓમાનના સુલતાને પાટનગર મસ્કતથી ૫૫૦ કિમી દૂર આવેલું ડૂકમ પોર્ટ ભારતને આપવાનો નિર્ણય કર્યો હતો. લાલ સાગરમાં હૂતી વિદ્રોહીઓ આતંક મચાવી રહયા છે ત્યારે ભારતના વેપારી જહાજોના રક્ષણ માટે ડૂકમ બંદર ખૂબજ મહત્વનું સાબીત થશે એમ માનવામાં આવી રહયું છે. ભારત અને ઓમાન વચ્ચેની સમજૂતીનો અમલ થતા પાકિસ્તાનમાં હતાશા ફરી નેતાઓ સરકાર રચવા માટે વ્યસ્ત છે ત્યારે પાકિસ્તાની લોકો જ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઓમાનના પગલાની ટીકા કરી રહયા છે.

### વેલેન્ટાઇન-ડે પર ઓસ્ટ્રેલિયન PMએ પ્રેમિકાને પ્રપોઝ કરી

સિડની | ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે પોતાની સગાઈની જાહેરાત કરી છે. તેણે તેની ચાર વર્ષની પાર્ટનર જોડી હેડન સાથે સગાઈની જાહેરાત કરી છે. પીએમ અલ્બેનિસે કહ્યું કે તેમણે જોડીને કેનબેરામાં વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન ધ-લોજ ખાતે તેમની ડિઝાઈન કરેલી ખાસ રિંગ સાથે પ્રસ્તાવ મૂક્યો હતો. એન્થોની આલ્બેનીઝ પ્રથમ ઓસ્ટ્રેલિયન પીએમ છે જેમણે ઓફિસમાં રહીને સગાઈ કરી છે. PM Albaneseએ તેમના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર સગાઈના સમાચાર શેર કર્યા. 'તેણીએ હા કહ્યું,' તેણે લખ્યું. 'અમે આ સમાચાર શેર કરવા માટે રોમાંચિત અને ઉત્સાહિત છીએ અને અમારા બાકીના જીવન સાથે વિતાવવા માટે ઉત્સુક છીએ,' નવદંપતીએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. 'અમે એકબીજા સાથે ખૂબ નસીબદાર છીએ.'

## ચીનની કન્સ્ટ્રક્શન કંપનીઓનો આંધળો વિશ્વાસ ભારે પડ્યો

# નેપાળમાં ચીને મહત્ત્વના પ્રોજેક્ટ અટકાવી દીધા, સરકાર પરેશાન



કાઠમંડુ | તા.15

ચીન સાથેની મિત્રતા નિભાવી રહેલા નેપાળને મોટો ફટકો પડ્યો છે. નેપાળમાં ચીનના પ્રોજેક્ટોમાં વિલંબનો મુદ્દો ગરમાયો છે. નેપાળમાં ઈન્ફ્રાસ્ટ્રક્ટર પ્રોજેક્ટમાં સામેલ ચીની કંપનીઓનું કામ ગોકળગતિએ ચાલી રહ્યું છે. આ કંપનીઓ પાસે મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટો જોવા કે એરપોર્ટ, ડેમ, હાઈવે અપગ્રેડેશન, મુગ્લિમ-પોખરા હાઈવે, તરાઈ-મધેશ એક્સપ્રેસ વેની સુરંગો વગેરે છે. આમાંના ઘણા પ્રોજેક્ટ લાંબા સમયથી અટવાયેલા છે. પ્રોજેક્ટોમાં વિલંબને કારણે બાંધકામ ખર્ચ વધી રહ્યો છે. લોકો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ચીનની કંપનીઓના વિલંબને કારણે નારાજ નેપાળના લોકો ઘણા સમયથી દેખાવો કરી રહ્યા છે. રાજકીય પક્ષોએ પણ કંપનીઓની મનમાનીને આડે હાથ લઈ રહ્યા છે.

### હાઈવે, ટનલ, હાઈડ્રો પ્રોજેક્ટ અને એરપોર્ટમાં વિલંબ સામાન્ય બાબત

સૌથી વધુ વિલંબ હાઇવે પ્રોજેક્ટમાં થયો છે. માર્ગ વિભાગના મહાનિર્દેશક સુશીલ બાબુ ધકલે જણાવ્યું હતું કે ચીની કોન્ટ્રાક્ટરો દ્વારા બનાવવામાં આવતા તમામ હાઈવેમાં વિલંબ એ સામાન્ય બાબત છે. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી)ની મદદથી બનેલા પૂર્વ-પશ્ચિમ હાઈવેનો 116 કિમીનો વિસ્તાર 2019માં પૂર્ણ થવાનો હતો, પરંતુ અત્યાર સુધીમાં તેમાંથી અડધાથી પણ ઓછો (43%) પૂર્ણ થયો છે. હવે તેની ડેડલાઈન જુલાઈ 2024 સુધી લંબાવાઈ છે. તેમ છતાં કામ પૂર્ણ થાય તેમ લાગતું નથી. હાઈવેનું નિર્માણ કરી રહેલી ચીની કંપની ચાઈના સ્ટેટ કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ કોર્પોરેશન વિરુદ્ધ કાર્યવાહી કરવાને બદલે નેપાળ સરકાર તેને છાવરી રહી છે. આ કંપનીને નેપાળ આર્મી દ્વારા 2021માં તરાઈ/મધેશ એક્સપ્રેસ વેમાં ટનલ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. હજુ અડધાથી વધુ કામ બાકી છે. નેપાળ સેનાએ એક્સપ્રેસ વે પ્રોજેક્ટ ચીનની કંપની પોલી ચાંગડા એન્જિનિયરિંગ કોર્પોરેશન લિમિટેડને આપ્યો હતો, તેની સમયમર્યાદા બે વખત લંબાવવામાં આવી છે. મેલમ્ચી પાણીનો પ્રોજેક્ટ પણ ચીનની આપવામાં આવ્યો છે.

### નેપાળ જ જવાબદાર : ચીનના રાજદૂત, રાજકીય પક્ષો નારાજ



ચીનની કંપનીઓના પ્રોજેક્ટમાં વિલંબને લઈને નેપાળ અને ચીન સામ-સામે આવ્યા છે. રાજકીય પક્ષો જે ચીનને લઈને મૌન હતા તેઓ પણ મોરચો ખોલી રહ્યા છે. એક કાર્યક્રમ દરમિયાન નેપાળમાં ચીનના રાજદૂત ચેન સોંગે પ્રોજેક્ટમાં વિલંબ માટે નેપાળને જવાબદાર ગણાવ્યું હતું.

### ચીનના ફંડવાળા પ્રોજેક્ટ ઠપ થયા ઘણાં પ્રોજેક્ટ અડધેથી બંધ



નેપાળમાં ગ્લોબલ એજન્સીઓ અને બેન્કોના ફન્ડિંગથી ચાલતા પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં ચીની કંપનીઓ વિલંબ કરી છે. જે પ્રોજેક્ટ્સ ચીનના ભંડોળથી પૂરા થવાના હતા તેમની હાલત વધુ ખરાબ છે. ચીન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલા પ્રોજેક્ટ પણ સંપૂર્ણ રીતે અટકી પડ્યા છે.

# અમેરિકામાં ગોળીબાર, 21 લોકોને ગોળી વાગી: રેલીમાં મોટાભાગના બાળકો હતા

વોશિંગ્ટન | તા.15

આપણે ભારતવાસીઓ તીડના આક્રમણથી વાકેફ છીએ. આ વખતે તીડનું આક્રમણ અમેરિકા પર થવા જઈ રહ્યું છે. સિકેડાસ નામે ઓળખાતા તીડની બે પ્રજાતિ એક સાથે પ્રગટી છે. તેના કારણે અમેરિકાનાં 17 રાજ્યોમાં ભય ફેલાયો છે. તીડની એક પ્રજાતિ દર 13 વર્ષે અને બીજી દર 17 વર્ષે ત્રાટકતી હોય છે પણ આ વખતે બન્ને પ્રજાતિનાં તીડ એક સાથે ત્રાટકશે. છેલ્લે આવી ઘટના 1803માં બની હતી,
જ્યારે થોમસ જેફરસન અમેરિકાના (ત્રીજા) પ્રમુખ હતા. હવે પછી આવી ઘટના 2245માં બનશે. એક જ એકર જેટલા વિસ્તારમાં 15 લાખ તીડ સમાઈ શકતા હોવાથી આક્રમણ વખતે તેની સંખ્યા કેટલી હશે એ કલ્પના કરવી પણ અશક્ય



છે. સામાન્ય રીતે આ તીડ ભૂગર્ભમાં રહેતા હોય છે અને ત્રણ કે પાંચ વર્ષે બહાર નીકળતા હોય છે. ઉનાળો એ તેમની બહાર આવવાની ઋતુ છે. આ વખતે મે મહિનામાં એ ત્રાટકે એવી આગાહી અમેરિકી હવામાન વિભાગ કરી ચૂક્યો છે. અમેરિકી સરકારે 'સિકેડાસ સફારી' નામે એપ પણ બનાવી છે. નાગરિકોએ એ ડાઉનલોડ કરી છે, જેથી જાણી શકે કે પોતાના વિસ્તારમાં તીડ ક્યારે, ક્યાં, કેટલી માત્રામાં ત્રાટકશે. આ તીડ પાકને કે છોડ-વેલાને નુકસાન પહોંચાડે એવી શક્યતા ઓછી છે. અલબત્ત કેટલાંક વૃક્ષો તેમની પસંદનાં છે, તેને એ ખોરાક બનાવે છે. પરંતુ તેનાથી લોકોને કશો ખતરો નથી હોતો. અમેરિકી સરકાર આવી જાણકારી નાગરિકો સુધી પહોંચાડી રહી છે. જોકે તેની બે પાંખો ઘસાય તેનો અવાજ ૭૦ ડેસિબલ જેટલો હોય છે જે સાંભળવો પણ અસહ્ય થઈ પડે. આ સજીવો ખાસ નુકસાનકર્તા નથી.
કરડતા પણ નથી માટે વિજ્ઞાનીઓએ લોકોને અપીલ કરી છે.હુમલાખોરને પકડનાર વ્યક્તિએ કહ્યું- 'રેલી લગભગ 3 કિલોમીટર લાંબી હતી. તેમાં હજારો લોકો જોડાયા હતા. હું હુમલાખોરની બરાબર પાછળ હતો. ફાયરિંગ થતાં જ લોકોમાં અફરાતફરી મચી ગઇ હતી. આ દરમિયાન મેં હુમલાખોરને ભીડ વચ્ચે જોયો. મેં તેને પાછળથી પકડવાનો પ્રયાસ કર્યો, પણ તેની પાસે પહોંચી શક્યો નહીં. થોડીવાર પછી મેં તેને ધક્કો માર્યો. જ્યારે તે પડ્યો ત્યારે મેં તેને પકડવા માટે મારી બધી તાકાત લગાવી દીધી. આ દરમિયાન એક મહિલા આવી અને તેને હુમલાખોરની પાસે પડેલી બંદૂક ઉપાડી લીધી.વીડિયોમાં જોઈ શકાય છે કે ફાયરિંગના કારણે નાસભાગ મચી ગઈ છે. આ દરમિયાન એક પુરુષ અને મહિલા ઝડપથી દોડીને હુમલાખોરને પકડી લે છે. તેઓ તેને ધક્કો મારીને પાડી દે છે અને તેને પકડી લે છે. આ દરમિયાન તેની બંદૂક પડી જાય છે. આ પછી એક મહિલા હુમલાખોરની પાસે પડેલી બંદૂકને ઉપાડી લે છે.

# ગેરકાયદેસર રીતે વેપાર કરવાના આરોપમાં માલદીવ 186 વિદેશીને કાઢી મૂકશે

માલદીવ | તા.15

ગેરકાયદેસર રીતે વેપાર કરવાના આરોપમાં માલદીવ 43 ભારતીયો સહિત 186 વિદેશી નાગરિકોને દેશમાંથી કાઢી મૂકશે. આ 186 વિદેશી નાગરિકોના દેશનિકાલનો આદેશ જારી કરી દેવામાં આવ્યો છે. આ તમામ નાગરિકો પર માલદીવમાં અલગ-અલગ અપરાધોમાં સંકળાયેલા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ખાસ કરીને તમામને ગેરકાયદેસર રીતે વેપાર કરવાના આરોપી ગણાવ્યા છે. માલદીવના ગૃહમંત્રાલયનો દાવો છે કે, આ વિદેશી લોકો સ્થાનિક લોકોના નામ પર વેપાર કરી રહ્યા છે પરંતુ પૈસા પોતાના ખાતામાં જમા કરાવી રહ્યા છે. માલદીવના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી જાહેર માહિતી પ્રમાણે 12 દેશોના કુલ 186 નાગરિકોને દેશમાંથી કાઢી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાંથી સૌથી વધુ 83 બાંગ્લાદેશી નાગરિકો છે.
બીજા ક્રમે 43 ભારતીય છે. ત્યારબાદ ત્રીજા સ્થાને 25 શ્રીલંકન અને ચોથા સ્થાન પર 8 નેપાળી નાગરિકો છે. રસપ્રદ વાત એ છે કે આ યાદીમાં કોઈ ચીની નાગરિક નથી. જો કે, હાલમાં તેમના દેશ છોડવાની છેલ્લી તારીખ વિશે કોઈ માહિતી આપવામાં નથી આવી. માલદીવમાંથી વિદેશીઓના દેશનિકાલ મામલે ઈમિગ્રેશન કંટ્રોલર શમાં વહીદે જણાવ્યું કે, ગેરકાયદેસર વેપાર કરતા વિદેશીઓને શોધવા માટે સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધીમાં ઘણા લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

# ભારતીય અને ચીની કંપનીઓ પર પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં યુરોપીય સંઘ, રશિયાને મદદ કરવાનો આરોપ

લંડન | તા.15

યુરોપીય સંઘ ભારત અને ચીન સહિત અન્ય ઘણા દેશોની કંપનીઓ પર પ્રતિબંધ લાદવાની તૈયારી કરી રહ્યું છે. યુરોપીય સંઘનો આરોપ છે કે આ કંપનીઓ યુક્રેન સામેની લડાઈમાં રશિયાને મદદ કરી રહી છે. યુરોપીય સંઘે આ કંપનીઓ પર પ્રતિબંધનો પ્રસ્તાવ મૂક્યો છે અને જો આ પ્રસ્તાવને તમામ સભ્ય દેશો દ્વારા પસાર કરવામાં આવશે તો એવું પહેલીવાર બનશે જ્યારે યુરોપીય સંઘ કોઈ ચીની કંપની પર સીધો પ્રતિબંધ લાદશે.



મીડિયા અહેવાલ પ્રમાણે યુરોપીય સંઘ જે કંપનીઓ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે તેમાં હોંગ-કોંગ, સર્બિયા, ભારત, તુર્કી અને ચીનની કંપનીઓ સામેલ છે. જોકે, કાનૂની કારણોસર કંપનીઓના નામનો ખુલાસો કરવામાં નથી આવ્યો. કંપનીઓ પર પ્રતિબંધનો અર્થ એ થશે કે જે કંપનીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે ભવિષ્યમાં યુરોપિયની કંપનીઓ સાથે બિઝનેસ નહીં કરી શકશે. યુરોપીય સંઘનો આરોપ છે કે રશિયા આ જ થર્ડ પાર્ટી કંપનીઓની મદદથી પ્રતિબંધિત સામાનની ખરીદી કરી રહ્યું છે, જે પ્રતિબંધોને કારણે તેને સીધો નથી મળતો. ચીની કંપનીઓ પર પ્રતિબંધ લાદવાથી ખચકાય રહ્યું યુરોપીય સંઘ

યુરોપીય સંઘે યુક્રેન વિરુદ્ધ યુદ્ધમાં રશિયાની મદદ કરવાના આરોપમાં અગાઉ પણ અનેક ચીની કંપનીઓ પર પ્રતિબંધોનો પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ કેટલાક સભ્ય દેશોના વિરોધ બાદ તે પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો હતો. આ સાથે જ ચીને વચન પણ આપ્યું હતું કે તે રશિયાને મદદ નહીં કરશે. ચીન યુરોપના ઘણા દેશોનું મહત્વપૂર્ણ વેપારી ભાગીદાર છે. યુરોપીય સંઘના મુખ્ય દેશ જર્મનીની કાર માટે ચીન સૌથી મોટું બજાર છે. આ જ કારણ છે કે યુરોપીય સંઘના ઘણા દેશો ચીનની કંપનીઓ પર નિયંત્રણો લાદવામાં ખચકાય રહ્યા છે.

# ભારતીય મૂળના પરિવારનું અમેરિકામાં રહસ્યમય મોત પતિ-પત્ની અને બે બાળકની ડેડબોડી ઘરમાંથી મળી

કેલિફોર્નિયા | તા.15

કેરળના એક ભારતીય મૂળનો પરિવાર અમેરિકાના કેલિફોર્નિયામાં પોતાના ઘરે મૃત અવસ્થામાં મળ્યો છે. આ હત્યા અથવા આત્મહત્યાનો મામલો ગણાવવામાં આવી રહ્યો છે. પરિવારની ઓળખ 42 વર્ષીય આનંદ સુજિત હેનરી, તેમની 40 વર્ષીય પત્ની એલિસ પ્રિયંકા અને તેમનાં 4 વર્ષનાં જોડિયાં બાળકો નોહ અને નેથનના રૂપમાં થઈ છે. પોલીસને પરિવારના મૃતદેહો એ વખતે મળ્યા, જ્યારે પરિવારના એક સંબંધીએ તેમના ઘરે જઈને તપાસ્યું, કારણ કે ઘરેથી કોઈનો ફોન રિસીવ થતો નહોતો. ભારતીય-અમેરિકી જોડી- આનંદ અને એલિસ બાથરૂમમાં બંધૂકની ગોળીનાં નિશાન સાથે મૃત હાલતમાં મળ્યાં. તો બીજી બાજુ, જોડિયાં બાળકોના મૃતદેહ બેડરૂમમાંથી મળ્યા. ત્યારે પોલીસ હવે તેમના મોતનું કારણ જાણવા તપાસ કરી રહી છે. પોલીસ અધિકારી ઘરમાં પ્રવેશ્યા, તો ચાર મૃતદેહ મળ્યા પોલીસનું કહેવું છે કે ' અમને ઘટનાસ્થળે



પહોંચ્યા પછી કોઈ જવાબ મળ્યો નહોતો અને તેથી અધિકારીએ ઘરની આસપાસ શોધખોળ કરી હતી, પરંતુ ઘરમાં બળજબરીથી પ્રવેશવાના કોઈ પ્રયાસના કોઈ પુરાવા મળ્યા ન હતા. આ પછી ખુલ્લી બારી જોતાં અધિકારી ઘરમાં પ્રવેશ્યા અને ચાર લોકોના મૃતદેહ મળ્યા, જેમાં એક પુખ્ત પુરુષ, એક પુખ્ત મહિલા અને બે બાળકોનો સમાવેશ થાય છે.' પોલીસને બાથરૂમમાંથી 9 એમએમની પિસ્તોલ પણ મળી આવી છે. રેકોર્ડ્સ પ્રમાણે, કપલે આ ઘર 2020માં $2.1 મિલિયનમાં ખરીદ્યું હતું. પોલીસનું માનવું છે કે આ સંભવિત હત્યા-આત્મહત્યાનું છે, જોકે તેમણે અન્ય સંભાવનાઓને પણ નકારી નથી. સેન મેટો પોલીસ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'આ સમયે અમારી પાસે જે માહિતી છે એના આધારે આ એક અલગ ઘટના હોવાનું જણાય છે, જે લોકો માટે કોઈ ખતરો નથી, કારણ કે અમને વિશ્વાસ છે કે જવાબદાર વ્યક્તિ ઘરે હતી.' ટેક ઉદ્યોગો તરફથી લોજિટ્સ ખૂબ ધ્યાન ખેંચ્યું છે. આ કંપની એન્ટરપ્રાઇઝને તેમની મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક જરૂરિયાતો માટે વ્યક્તિગત AI મોડલ અને સેવાઓ પ્રદાન કરે છે. હાલમાં કંપનીની વેબસાઈટ બંધ છે. જોકે આનંદે મેટામાંથી નોકરી છોડીને લોજિટ્સ શરૂ કરવાનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. કપલનો લગ્નજીવનનો ઈતિહાસ સામે આવ્યો છે.

# પુતિન જો યુક્રેન સામેના યુદ્ધમાંથી પીછેહઠ કરે તો તેમની હત્યા થઈ જાય

ન્યૂયોર્ક | દુનિયાના સૌથી વધુ અમીર ગણાતા ઈલોન મસ્કે દાવો કર્યો છે કે જો રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિન યુક્રેન યુદ્ધમાંથી પાછા હટશે તો તેઓની હત્યા પણ થઈ શકે. આ સાથે તેઓએ રશિયાની સ્થિતિ અંગે પણ મહત્વની વાતો કરી હતી અને જણાવ્યું હતું કે, રશિયાની વિરુદ્ધ જે કૈં આર્થિક અને લશ્કરી સહાય યુક્રેનને અપાઈ રહી છે, તે એળે જવા સંભવ છે. વાસ્તવમાં યુક્રેનને અમેરિકા સહિત પશ્ચિમના દેશો દ્વારા અપાતી આર્થિક અને લશ્કરી સહાય અંગે જ આ પરિસંવાદ યોજાયો હતો. જેમાં તે સહાયની યોગ્યા યોગ્યતા વિષે ચર્ચા થઇ હતી. આ પરિસંવાદમાં જે સાંસદોએ ભાગ લીધો, તેમાં વિસ્કોન્સીસના રૉન જ્હોનસન, ઑહાયોના જે.ડી. વાન્સ, યુટારન માઇક લી, ઉપરાંત વિવેક રામસ્વામી અને ક્રાફટ વેન્ચર્સના સહ સંસ્થાપક ડેવીડ ઍક્સે પણ ભાગ લીધો હતો. પરિસંવાદમાં બોલતા શેન જ્હોન્સને કહ્યું હતું કે, જે કોઈ રશિયા ઉપર યુક્રેનના વિજયની આશા રાખે છે તેઓ વાસ્તવમાં સ્વપ્નોની દુનિયામાં જ જીવી રહ્યા છે. જ્હોન્સનના આ કથનને મસ્કે પણ પુષ્ટિ આપી હતી.
આ સાથે ઈલોન મસ્કે તે પણ સ્પષ્ટતા કરી કે તેઓ કૈં પુતિનના સમર્થક નથી. પરંતુ નક્કર વાસ્તવિકતા તે છે કે પુતિન ઉપર પહેલેથી જ યુદ્ધ ચાલુ રાખવા માટે દબાણ થઈ રહ્યું છે. તે સંયોગોમાં તેઓ પાછા હટે તો તેઓની હત્યા જ થઈ જાય તેમ છે. મસ્કે તેમ પણ કહ્યું કે, રશિયાને પાછું પાડવામાં તેમની કંપનીએ જેટલી મહત્વની ભૂમિકા ભજવી છે. તેટલી મહત્વની ભૂમિકા ભાગ્યે જ બીજી કોઈ કંપનીએ ભજવી હશે. સાથે તેમણે યુક્રેનને અપાયેલી સ્ટાર લિંક ઈન્ટરનેટ સેવાનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું હતું.

# બ્રિટનમાં આવક ઘટી:1.10 કરોડ વર્કિંગ લોકો પાસે 1 હજાર પાઉન્ડથી પણ ઓછી બચત



લંડન | તા.15

વિકસિત દેશોમાં સામાન્ય રીતે આપત્તિ કે અન્ય સંકટકાળમાં ખર્ચને પહોંચી વળવા લોકો પાસે પૂરતી બચત હોય છે. પરંતુ બ્રિટન જેવા દેશમાં કેટલાંક વર્ષોથી લોકોની બચત સતત ઘટી રહી છે. જ્યારે બ્રિટનમાં દરેક ઘરમાં ઓછામાં ઓછા ત્રણ મહિનાના ખર્ચ માટે બચત કરવાની પરંપરા રહી છે અને લોકોનું એવું માનવું છે કે સંકટસમય માટે બચત રાખવી જરૂરી છે.

બચત યોજનાઓમાં લોકોને સામેલ કરવા માટે અભિયાન ચલાવનારી સંસ્થા રિઝોલ્યુશન ફાઉન્ડેશનનું કહેવું છે કે દેશમાં લાખો લોકો પાસે સંકટ સમયે અથવા અચાનક આવનારા ખર્ચ માટે પૈસા નથી. એક રિપોર્ટ અનુસાર 1.10 કરોડથી વધુ વર્કિંગ લોકો પાસે બચતમાં એક હજાર પાઉન્ડ (1 લાખ રૂ. થી થોડા વધુ) કરતાં પણ ઓછા પૈસા છે જે વર્કિંગ વય ધરાવતા ત્રણ ઘરોમાંથી લગભગ એક છે.ટ્રિપલ ચેલેન્જ: સંકટ સમયે ખર્ચવા માટે પૈસા નથી

બ્રિટનમાં લોકો ટ્રિપલ ચેલેન્જનો સામનો કરી રહ્યા છે- પહેલું- સંકટ સમયે ખર્ચ માટે બચત નથી. બીજું- આજીવિકાનું સંકટ અને ત્રીજું-નોકરીથી રિટાયર્ડ થયા બાદ જરૂરી ખર્ચને પહોંચી વળવાની ક્ષમતા ઘટી રહી છે. એબીઆરડીએન ફાઈનાન્શિયલ ફેરનેસ ટ્રસ્ટના એક રિપોર્ટમાં અંદાજ લગાવાયો છે કે બ્રિટનમાં કટોકટી અને નિવૃત્તિ માટે બચાવેલા ધનમાં 74 અબજ પાઉન્ડ ( 7.78 લાખ કરોડ રૂ. )ની ઘટ છે. 50% કામકાજી લોકો બેરોજગાર થયા પછીના પડકારો માટે તૈયાર નહોતા.

# એલનના 6 વર્ગખંડના વિદ્યાર્થીઓએ 100 પર્સેન્ટાઈલ મેળવ્યા, દ્વિજ ઓલ ઈન્ડિયા ગર્લ ટોપર

નવી દિલ્હી | તા.15

ક્વોટા જેઈઈ-મેઈન 2024ના જાન્યુઆરી સત્રના પરિણામોમાં, એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ પ્રાઈવેટ લિમિટેડના વિદ્યાર્થીઓએ તેમની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

સંસ્થાના ડાયરેક્ટર ડો.બ્રિજેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે એલનના 2822 વિદ્યાર્થીઓએ 99 થી વધુ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. જેમાં ક્લાસરૂમના 6 વિદ્યાર્થીઓએ ઓવરઓલ 100 પર્સેન્ટાઈલ મેળવ્યા છે જેમાંથી ચાર વિદ્યાર્થીઓ હિમાંશુ, આદિત્ય કુમાર, નીલ ક્રિષ્ના અને દક્ષેશ મિશ્રાએ 300માંથી 300 પરફેક્ટ સ્કોર કર્યા છે અને ઈશાન ગુપ્તા અને મીત વિક્રમ ભાઈએ પણ 100 પર્સેન્ટાઈલ મેળવ્યા છે. આ સાથે વિદ્યાર્થીની દ્વિજા ધર્મેશકુમાર પટેલે ગર્લ કેટેગરીમાં ઓલ ઈન્ડિયામાં ટોપ કર્યું છે. 56 વિદ્યાર્થીઓ એવા છે જેમણે 99.99 પર્સન્ટાઈલ અથવા તેથી વધુ ગુણ મેળવ્યા છે. 376 વિદ્યાર્થીઓ એવા છે જેમણે 99.9 પર્સેન્ટાઈલથી વધુ ગુણ મેળવ્યા છે. વ્યક્તિગત વિષય મુજબ 100 પર્સેન્ટાઈલ વિશે વાત કરીએ તો, ભૌતિકશાસ્ત્રમાં 100 પર્સન્ટાઈલ મેળવનારા 191 વિદ્યાર્થીઓ, રસાયણશાસ્ત્રમાં 100 પર્સન્ટાઈલ મેળવનારા 68 વિદ્યાર્થીઓ અને ગણિતમાં 100 પર્સન્ટાઈલ મેળવનારા 69 વિદ્યાર્થીઓ છે. એ જ રીતે, ALLEN ઓનલાઈન ક્લાસરૂમ પ્રોગ્રામના ગર્વ ચૌધરીએ 99.9965869 પર્સેન્ટાઈલ મેળવ્યા છે, જ્યારે પુનીત ચૌધરીએ 300માંથી 295 માર્ક્સ મેળવ્યા છે.



**સખત મહેનતથી જ સફળતા મળે છે: દ્વિજ ધર્મેશકુમાર પટેલ**

JEE-મુખ્ય સ્કોર: 99.9991763 (ઓલ ઈન્ડિયા ગર્લ ટોપર)

ALLEN Career Institute ની રેગ્યુલર ક્લાસરૂમ સ્ટુડન્ટ દ્વિજા ધર્મેશ કુમાર પટેલ ઓલ ઈન્ડિયા ગર્લ ટોપર રહી છે. દ્વિજએ 99.9991763 પર્સેન્ટાઈલ મેળવ્યા છે. છેલ્લા બે વર્ષથી એલન સ્ટુડન્ટ દ્વિજાએ જણાવ્યું હતું કે અહીંની ફેકલ્ટી ખૂબ જ અનુભવી છે અને વાતાવરણ પણ ખૂબ જ સકારાત્મક છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું મન થાય છે. ,

**હું નાના ધ્યેયો નક્કી કરું છું અને સખત મહેનત કરું છું: હિમાંશુ**

JEE મુખ્ય: 100 પર્સેન્ટાઈલ અને પરફેક્ટ સ્કોર 300/300

હિમાંશુ, છેલ્લા પાંચ વર્ષથી ALLEN ના નિયમિત વર્ગખંડના વિદ્યાર્થીએ JEE મુખ્ય પરીક્ષામાં 100 પર્સન્ટાઈલ અને 300 માંથી 300 પરફેક્ટ સ્કોર મેળવ્યો છે. હિમાંશુએ અગાઉ 87 ટકા માર્ક્સ સાથે 10મું ધોરણ પાસ કર્યું હતું. હિમાંશુએ કહ્યું કે હું રોજ 7 થી 8 કલાક સેલ્ફ સ્ટડી કરું છું. આ સિવાય ટેસ્ટમાં ઓછા માર્ક્સ આવવાથી નિરાશ થતા નથી.

**NCERT અભ્યાસક્રમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું: દક્ષેશ મિશ્રા**

JEE મુખ્ય: 100 પર્સેન્ટાઈલ અને પરફેક્ટ સ્કોર-300/300

છેલ્લા ત્રણ વર્ષથી એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ પ્રાઈવેટ લિમિટેડના નિયમિત વર્ગના વિદ્યાર્થી દક્ષેશ મિશ્રાએ JEE મુખ્ય પરીક્ષામાં 100 પર્સન્ટાઈલ સ્કોર અને 300 માંથી 300 પરફેક્ટ સ્કોર મેળવ્યો છે.

**સ્પષ્ટ ખ્યાલો હોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે: નીલ કૃષ્ણ**

JEE મુખ્ય સ્કોર: 100 પર્સેન્ટાઈલ અને પરફેક્ટ સ્કોર-300/300

એલનના નિયમિત વર્ગખંડના વિદ્યાર્થી કૃષ્ણાએ JEE-Main માં 100 પર્સન્ટાઈલ સ્કોર અને 300 માંથી 300 પરફેક્ટ સ્કોર મેળવ્યો છે. નીલ ક્રિષ્નાએ અગાઉ 97 ટકા માર્ક્સ સાથે 10મું ધોરણ પાસ કર્યું છે. તેણે કહ્યું કે હું દરરોજ 10 થી 12 કલાક સ્વ-અભ્યાસ કરું છું. હાલમાં 12માની બોર્ડની પરીક્ષા અને JEE એડવાન્સ પર ફોકસ છે. ટેસ્ટ આપ્યા પછી, હું પેપરનું વિશ્લેષણ કરું છું. નબળા વિષયો પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

JEE જેવી પરીક્ષા પાસ કરવા માટે, સ્પષ્ટ ખ્યાલો હોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સિવાય હું એક કરતા વધુ વખત રિવિઝન અને પ્રશ્નોની પ્રેક્ટિસ કરું છું. મારું સપનું IIT મુંબઈની CS બ્રાન્ચમાંથી B.Tech કરવાનું છે.

## ન્યૂઝ કોર્નર

### 77% ભારતીયોના મતે AI દૂર કરશે ગરીબી, 82%ના મતે જીવન બદલાઈ જશે

નવી દિલ્હી | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ગરીબી ઘટાડવામાં મદદરૂપ સાબિત થશે. 77 ટકા ભારતીય આ અંગે આશાવાદી છે. એટલુ જ નહીં 82 ટકા ભારતીયોનું માનવુ છે કે આગામી પાંચ વર્ષમાં નોકરીઓ અને ઉદ્યોગોમાં એઆઈ આધારિત પરિવર્તન તેમનું જીવન બદલી દેશે. ગૂગલ માટે ઈપ્સોસ દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વે અનુસાર સમગ્ર દુનિયામાં એઆઈને લઈને સૌથી વધુ ઉત્સાહ ભારતીયોમાં છે. અભ્યાસમાં 17 દેશોના 1,700 લોકોને સામેલ કરવામાં આવ્યા. તમામ ઓનલાઈન માધ્યમથી તેમાં સામેલ થયા હતા. જેમાંથી 82 ટકા ભારતીય એ આશા કરે છે કે એઆઈથી તેમને આરોગ્ય, રોજગાર અને જટિલ વિષયોને સમજવામાં લાભ થશે જ્યારે વૈશ્વિક સ્તરે આવુ માનનારા 54 ટકાથી વધુ છે.મોટાભાગના ભારતીયોને આશા છે કે એઆઈ આગામી 5 વર્ષમાં પાયાના વિકાસને લઈને જે પડકારો છે તેમનું સમાધાન કરશે.

### ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ મામલે ભારત વિશ્વના ટોચના દેશોમાં સામેલ થયું

નવી દિલ્હી | જીવિત દાતા પાસેથી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની બાબતમાં ભારતે અમેરિકા સહિત અનેક દેશોને પછાડીને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરનારા દુનિયાના ટોચના દસ દેશોમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. એટલુ જ નહીં 75 વર્ષોમાં પહેલી વખત મૃત દાતાઓ પાસેથી અંગ લઈને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં એક હજારનો આંકડો પાર કરી લીધો છે. જોકે, સરકાર ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના આ આંકડાઓથી સંતુષ્ટ નથી નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (નોટ્ટો)ના ડાયરેક્ટર ડો. અનિલ કુમારે જણાવ્યુ કે 2023માં ભારતીય હોસ્પિટલોએ પહેલી વખત એક વર્ષમાં 16,941 ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે. જેમાં 12,343 કિડની, 4,160 લિવર, 215 હૃદય, 189 ફેફસા, 20 પેંક્રિયાજ અને 14 નાના આંતરડાના ટ્રાન્સપ્લાન્ટ સામેલ છે પરંતુ મરણોપરાંતમાં 16,941 મૃત્યુ બાદ પ્રાપ્ત અંગોથી કરવામાં આવ્યા. ડો. કુમારે કહ્યુ હજુ મરણોપરાંત દાતાથી અંગ લેવામાં ભારત ખૂબ પાછળ છે. આ માટે લોકોએ દેહદાન માટે આગળ આવવુ જોઈએ.

## 2022-23માં ભાજપને 720 કરોડ રૂપિયાનું દાન

# BJPને મળેલી રકમ 4 રાષ્ટ્રીય પક્ષોને મળેલા દાન કરતાં 5 ગણી વધારે

નવી દિલ્હી | તા.15

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ બુધવારે (14 ફેબ્રુઆરી) રાજકીય પક્ષો દ્વારા પ્રાપ્ત દાનનો અહેવાલ જાહેર કર્યો. આ મુજબ ભાજપને નાણાકીય વર્ષ 2022-23માં અંદાજે 720 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે.

ભાજપને મળેલી રકમ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી (AAP), કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ) (CPI-M) અને નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)ને મળેલા દાન કરતાં પાંચ ગણી વધારે છે. એક નાણાકીય વર્ષમાં 20,000 રૂપિયાથી વધુનું દાન મેળવ્યું હોય તો તે રજિસ્ટર્ડ રાજકીય પક્ષોએ જાહેર કરવું પડે છે. રાષ્ટ્રીય પક્ષોને 2022-23માં કુલ 850.43 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. ADR અનુસાર, કુલ 12 હજાર 167 દાનમાંથી ભાજપને અને કોંગ્રેસને 894 દાન મળ્યા છે. ભાજપને 7945 દાનમાંથી સૌથી વધુ 719.85 કરોડ રૂપિયા મળ્યા છે. બસપાએ માત્ર 20 હજાર રૂપિયાનું દાન લેવાની જાહેરાત કરી હતી દેશની છઠ્ઠી રાષ્ટ્રીય પાર્ટી, બહુજન સમાજ પાર્ટી (BSP) એ જાહેરાત કરી છે કે તેને 2022-23 દરમિયાન 20 હજાર રૂપિયાથી વધુનું દાન મળ્યું નથી. બસપા છેલ્લા 17 વર્ષથી આ જાહેરાત કરી રહી છે. ADRએ કહ્યું છે કે રાષ્ટ્રીય પક્ષોને દિલ્હીથી કુલ રૂ. 276.20 કરોડનું દાન મળ્યું છે. આ પછી ગુજરાતમાંથી રૂ. 160.50 કરોડ અને મહારાષ્ટ્રમાંથી રૂ. 96.273 કરોડનું દાન મળ્યું હતું.2021-22ની સરખામણીમાં 2022-23માં કોંગ્રેસને મળેલા દાનમાં 16.27 ટકાનો ઘટાડો થયો છે. ADRએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન રાષ્ટ્રીય પક્ષોના કુલ દાનમાં રૂ. 91.701 કરોડનો વધારો થયો છે, જે અગાઉના વર્ષ 2021-22 કરતાં 12.09 ટકા વધુ છે. ભાજપનું દાન 2021-22 દરમિયાન 614.62 કરોડ રૂપિયાથી 17.12 ટકા વધીને 2022-23માં રૂપિયા 719.85 કરોડ થયું છે. જો કે, 2019-20ની સરખામણીમાં 2020-21 દરમિયાન પાર્ટીના દાનમાં 41.49 ટકાનો ઘટાડો થયો છે. કોંગ્રેસનું દાન 2021-22 દરમિયાન રૂ. 95.45 કરોડથી ઘટીને નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન રૂ. 79.92 કરોડ થયું છે, જે 16.27 ટકા ઓછું છે. ADR અનુસાર, 2020-21 અને 2021-22 વચ્ચે તેના દાનમાં 28.09 ટકાનો વધારો થયો છે. AAP, CPI(M)ના દાનમાં ઘટાડો થયો ADRએ જણાવ્યું હતું કે CPI(M) એ 3.9 કરોડ રૂપિયાનું દાન પ્રાપ્ત કર્યું છે, જે ગયા નાણાકીય વર્ષ કરતાં 39.56 ટકા ઓછું છે. AAPએ જણાવ્યું હતું કે 1.14 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે, જે ગયા નાણાકીય વર્ષ કરતાં 2.99 ટકા ઓછું છે. ભારતીય જનતા પાર્ટીને ચૂંટણી બોન્ડ દ્વારા 2022-23માં કુલ રૂ. 1300 કરોડનું ભંડોળ મળ્યું છે. જ્યારે કોંગ્રેસને આ બોન્ડ દ્વારા માત્ર 171 કરોડ રૂપિયાનું ફંડ મળ્યું છે. ચૂંટણી પંચ દ્વારા આ માહિતી શેર કરવામાં આવી છે.

## નીતિશ કહ્યું- 4 વર્ષથી દીકરીઓને મળ્યો નથી, સ્મિતાએ તેમનું અપહરણ કર્યું

# મહાભારત સિરિયલના કૃષ્ણની આઈ.એ.એસ પત્ની સામે ફરિયાદ

ભોપાલ | તા.15



ટીવી સીરિયલ મહાભારતમાં ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવનાર નીતિશ ભારદ્વાજ અને તેની IAS પત્ની સ્મિતા ઘાટે ભારદ્વાજ વચ્ચે ચાલી રહેલો વિવાદ ભોપાલ પોલીસ કમિશનર સુધી પહોંચ્યો છે. બુધવારે, 14 ફેબ્રુઆરીએ નીતિશ ભારદ્વાજે પોલીસ કમિશનર હરિનારાયણચારી મિશ્રાને મળ્યા અને લેખિત ફરિયાદ કરી. આમાં તેણે કહ્યું છે કે તેની પત્ની સ્મિતાએ તેની પુત્રીઓનું 'અપહરણ' કર્યું છે. કોર્ટના આદેશ બાદ પણ પત્ની તેને દીકરીઓને મળવાથી રોકી રહી છે. તેઓ જાણતા નથી કે તેમની બંને પુત્રીઓ ક્યાં અને કેવી હાલતમાં છે. વારંવાર પૂછવા છતાં પત્ની કોઈ જવાબ આપતી નથી. નીતિશે લખ્યું, 'મારી પત્ની મારી દીકરીઓને મારા વિરુદ્ધ ભડકાવે છે. દોઢ વર્ષમાં સ્મિતાએ તેમની દીકરીઓને ભોપાલથી ઉટીની બોર્ડિંગ સ્કૂલમાં એડમિશન અપાવ્યું અને પછી ત્યાંથી તેમના નામ કાઢી નાખ્યા. હવે તે નથી કહેતી કે તેની દીકરીઓ ક્યાં છે? નીતિશે પોલીસને વિનંતી પણ કરી છે કે તેમને તેમની દીકરીઓને મળવાની મંજૂરી આપવામાં આવે. કમિશનરે આ કેસની તપાસ એસીપી શાલિની દીક્ષિતને સોંપી છે. પોલીસ કમિશનર મિશ્રાએ ભાસ્કરને કહ્યું, 'ફરિયાદ મળી છે.

### મથુરાથી લઈ વૃંદાવન સુધી ઉત્સવનો ગુલાલ,વ્રજમાં 40 દિવસ સુધી ફાગણ મહોત્સવ

આ ઉત્સવ 40 દિવસ સુધી ચાલશે. દર વર્ષે વસંત પંચમીના દિવસે બાંકે બિહારી મંદિરમાં ભક્તો ઠાકુરજી પર રંગબેરંગી અબીર-ગુલાલ ઉડાડે છે. વસંત પંચમીનો દિવસ વ્રજ માટે ખૂબ જ ખાસ હોય છે. આ દિવસે માતા સરસ્વતીની પૂજા ઉપરાંત રાધા-કૃષ્ણની પણ પૂજા કરવામાં આવે છે. આ સાથે જ બાંકે બિહારી મંદિરમાં 40 દિવસનો હોળીનો તહેવાર પણ શરૂ થાય છે. આ પછી 20મી માર્ચે એકાદશીથી 24મી માર્ચ ફાલ્ગુન પૂર્ણિમા સુધી ભવ્ય ફાગણ મહોત્સવ ઉજવાય છે. 25મી માર્ચે ધુળેટીના દિવસે ડોલોત્સવ થશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો રંગની દેશભરમાં બુધવારે વસંતનાં વધામણાં સાથે વસંત પંચમીની ઉજવણી કરાઈ હતી. બીજી તરફ ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરામાં વસંત પંચમીના દિવસથી હોળીનો તહેવાર શરૂ થયો છે.

### MSPની ગેરેન્ટીનાં વચનો આપતી કોંગ્રેસે 2010માં સ્વામીનાથન રીપોર્ટનો સ્વીકાર કર્યો ન હતો

નવી દિલ્હી | પોતાના પાકની સરકાર દ્વારા કરાતી ખરીદીની એમ.એસ.પી. માટે કાનૂની ગેરેન્ટી માગનારા પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતોએ દિલ્હીને ઘેરી લીધું છે. પોલીસ અને આંદોલનકારી ખેડૂતો વચ્ચે ભારે ઝપાઝપી થઈ હોવાના સમાચારો પણ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મિડીયા પર હેડલાઈન ન્યૂઝ તરીકે ચમકી રહ્યા છે. શંભુ બોર્ડર ઉપર તો ખેડૂતો અને પોલીસ વચ્ચે ઝપાઝપી પણ થઈ રહી છે, પરિસ્થિતિ અત્યંત તંગદિલીભરી બની રહી ત્યારે રાહુલ ગાંધીએ છત્તીસગઢમાંથી જણાવ્યું હતું કે કોંગ્રેસ ખેડૂતોને વચન આપ્યું છે કે જો આ પ્રશ્ન સંસદમાં ૧૬ એપ્રિલ ૨૦૧૦માં ઊઠાવવામાં આવ્યો હતો તે અંગે સરકારે સવિસ્તાર મહિતી આપતાં તે રીપોર્ટ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

## જ્ઞાનવાપી મામલે હાઈકોર્ટનો નિર્ણય અનામત

# 'વ્યાસજી ભોંયરામાં પૂજા કરવા પર પ્રતિબંધ નહીં'

નવી દિલ્હી | તા.15



વારાણસીના જ્ઞાનવાપી પરિસરમાં સ્થિત વ્યાસજીના ભોંયરામાં પૂજા પાઠ કરવા મામલે અલ્હાબાદ હાઈકોર્ટના આજે સુનાવણી કરવામાં આવી હતી. જો કે, કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. હિન્દુ પક્ષ તરફથી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ સીએસ વૈદ્યનાથને દલીલ કરી હતી. તેમણે કહ્યું કે, 'જ્ઞાનવાપીની જમણી બાજુએ ભોંયરું આવેલું છે જ્યાં વર્ષ 1993 સુધી હિન્દુઓ પૂજા કરતા હતા. ઓર્ડર 40 નિયમ 1 સીપીસી હેઠળ, વારાણસી કોર્ટે ડીએમને રીસીવર તરીકે નિયુક્ત કર્યા. આ નિર્ણય મુસ્લિમોના અધિકારોને કોઈપણ રીતે અસર કરતું નથી કારણ કે મુસ્લિમોએ ક્યારેય ભોંયરામાં નમાઝ અદા કરી નથી.' મુસ્લિમ પક્ષે આ દલીલ રજૂ કરી અલ્હાબાદ હાઈકોર્ટમાં મુસ્લિમ પક્ષ તરફથી વરિષ્ઠ વકીલ સૈયદ ફરમાન અહેમદ નકવીએ કહ્યું કે, 'હિન્દુ પક્ષ રીતે રજૂ કરવામાં આવ્યા નથી. ડીએમને રીસીવર તરીકે નિયુક્ત કરવાથી વાસ્તવમાં હિતોનો વિરોધાભાસ ઊભો કર્યો છે. જિલ્લા ન્યાયાધીશના આદેશમાં મોટી ખામી છે. તેમણે પોતાની વિવેકબુદ્ધિ વાપરવી જોઈતી હતી. વ્યાસ પરિવારે તેમના પૂજાના અધિકારો કાશી વિશ્વનાથ ટ્રસ્ટને ટ્રાન્સફર કર્યા હતા, તેથી તેમની પાસે અરજી દાખલ કરવાનો કોઈ અધિકાર નહોતો.' ઉલ્લેખનીય છે કે, અગાઉ આ કેસની સુનાવણી 15મી ફેબ્રુઆરી સુધી સ્થગિત કરવામાં આવી હતી.

31મી જાન્યુઆરીએ જિલ્લા ન્યાયાધીશ વારાણસીએ જ્ઞાનવાપી સ્થિત વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપી છે. અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટીએ આ નિર્ણય વિરુદ્ધ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# બેંગલુરુમાં કસ્ટમે રૂા. 17 લાખના સોનાના ટુકડા પકડ્યા

બેંગલુરુ | તા.15

બેંગલુરુ એરપોર્ટ પર કસ્ટમ્સના અધિકારીઓએ ગુરુવારે એક મુસાફરને અટકાવ્યા બાદ રૂ. 17 લાખની કિંમતના 279. 5 ગ્રામ વજનના સોનાના ટુકડા જપ્ત કર્યા હતા. મુસાફરે સોનાના કટ-આઉટ ટુકડાઓને સુશોભિત ધૂપ બર્નર કન્ટેનરની અંદર છુપાયેલા હતાં, કસ્ટમ વિભાગે તપાસ કરતાં મુસાફર પાસેથી દાણચોરીનું સોનું મળી આવતા વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર, બેંગલુરુ એરપોર્ટ કસ્ટમ વિભાગે સુશોભિત ધૂપ બર્નર કન્ટેનરની અંદર છુપાયેલા સોનાના ટુકડાઓની દાણચોરી કરવાનો પ્રયાસ કરતાં એક મુસાફરને અટકાવ્યો હતો અને જપ્ત કરાયેલા સોનાના ટુકડાઓનું વજન કરતાં તેનું વજન 279.5 ગ્રામ થયું હતું, આ સોનાની બજાર કિંમત રૂ. 17,23,117 લાખ આંકવામાં આવી છે.

બેંગલુરુ કસ્ટમ વિભાગે મુસાફરને ઝડપી પાડીને વધુ તપાસ હાથધરી છે. કસ્ટમ વિભાગ અને પોલીસ દ્વારા આરોપીની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે અને આ સિવાય તે આ સોનું ક્યાંથી લાવ્યો અને કોને આપવાનું હતું તે અંગે પણ પોલીસ અને કસ્ટમ વિભાગ તપાસ કરી રહ્યું છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર ની ઑફિસ, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ – 382345 પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝન, ઈમેલ: tendercellearning.adi@gmail.com; અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ ની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI -44-23 | પ્રમોશનલ કિઓસ્ક | વિવિધ-સ્ટેટિક-સર્વિસીસ | તમામ લોટ માટે ઈ-હરાજી 28/02/2024 ના રોજ 12:00 કલાકે શરૂ થશે |
| | વેગન સફાઈ | વિવિધ-સ્ટેટિક-સર્વિસીસ | |

નોંધ: (1) પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની વિઝીટ કરવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. (2) ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. (3) પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ માં જોઈ શકાશે. (4) નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in પર જાઓ અથવા +91-9724093968. પર અમારો સંપર્ક કરો. 275

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**વિન્ની ઓવરસીઝ લિમિટેડ**

Regd.ઓફિસ: B/H ઈન્ટરનેશનલ હોટેલ, નારોલ-ઈસનપુર રોડ નારોલ, અમદાવાદ - 382405 ગુજરાત. વેબસાઈટ: www.vinnyoverseas.in CIN: L51909GJ1992PLC017742

**31 ડિસેમ્બર, 2023 ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટર અને નવ મહિનાના સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂપિયા લાખમાં EPS સિવાય)

| પર્ટીક્યુલર્સ | ક્વાર્ટર એન્ડેડ | | | પીરિયડ એન્ડેડ | | યર એન્ડેડ |
|---|---|---|---|---|---|---|
| | 31 ડિસેમ્બર 2023 | 30 સપ્ટેમ્બર 2023 | 31 ડિસેમ્બર 2022 | 31 ડિસેમ્બર 2023 | 31 ડિસેમ્બર 2022 | 31 માર્ચ 2023 |
| | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | ઓડિટેડ |
| કામગીરીમાંથી આવક | 2635.49 | 3300.94 | 2009.30 | 8717.10 | 7200.46 | 10641.51 |
| અન્ય આવક | 7.54 | 7.34 | 9.06 | 17.31 | 13.35 | 20.17 |
| કુલ આવક | 2643.03 | 3308.28 | 2018.36 | 8734.41 | 7213.81 | 10662.22 |
| કુલ ખર્ચ | 2565.66 | 3101.72 | 2038.02 | 8401.33 | 7046.08 | 10321.97 |
| નફો / (નુકસાન) પહેલા અપવાદરૂપ વસ્તુઓ અને ટેક્સ. | 77.36 | 206.57 | (19.66) | 333.07 | 167.74 | 340.25 |
| અપવાદરૂપ વસ્તુઓ | - | - | - | - | - | - |
| ચાલુ કામગીરીના સમયગાળા માટે નફો નુકસાન | 109.83 | 174.69 | (27.37) | 318.21 | 133.89 | 240.73 |
| બંધ કરેલ કામગીરીમાંથી નફો / (નુકસાન) | - | - | - | - | - | - |
| બંધ કરેલ નફો / (નુકસાન) કામગીરી (કર પછી) | - | - | - | - | - | - |
| બંધ કરેલ કામગીરીમાંથી નફો / (નુકસાન) (કર બાદ) | - | - | - | - | - | - |
| સમયગાળા માટે નફો/(નુકસાન) | 109.83 | 174.69 | (27.37) | 318.21 | 133.89 | 240.73 |
| અન્ય વ્યાપક આવક | (1.50) | (1.51) | 1.73 | (4.51) | 5.20 | (5.47) |
| આઈટમ્સ કે જેને પુનઃ વર્ગીકૃત કરવામાં આવી નથી નફો કે નુકસાન (ચોખ્ખો કર) | (1.50) | (1.51) | 1.73 | (4.51) | 5.20 | (5.47) |
| આઈટમ્સ કે જેને પુનઃ વર્ગીકૃત કરવામાં આવશે નફો કે નુકસાન (ચોખ્ખો કર) | - | - | - | - | - | - |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક | 108.33 | 173.18 | (25.64) | 313.70 | 139.09 | 235.26 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરનું ફેસ વેલ્યુ રૂા. 10/-પ્રતિ) | 2326.23 | 2326.23 | 2326.23 | 2326.23 | 2326.23 | 2326.23 |
| ઈક્વિટી શેર દીઠ કમાણી (ચાલુ રાખવા માટે અને બંધ કામગીરી માટે): | | | | | | |
| પાયાની | 0.05 | 0.08 | 0.27 | 0.14 | 1.32 | 0.10 |
| ડિઈલ્યુટેડ | 0.05 | 0.08 | 0.27 | 0.14 | 1.32 | 0.10 |

1. ઉપરોક્ત 31 ડિસેમ્બર, 2023 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે, જે સેબી લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતોના નિયમન 2015 ના 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવ્યો છે. સંપૂર્ણ 31 ડિસેમ્બરે પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિનાના ત્રિમાસિક ગાળા માટેના એકલ નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ. 2023 સુધી સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (www.bseindia.com અને www.nseindia.com) અને કંપનીની વેબસાઈટ (www.vinnyoverseas.in) પર ઉપલબ્ધ છે.

બોર્ડ માટે અને વતી
વિન્ની ઓવરસીઝ લિમિટેડ
એસડી/-
હીરાલાલ જગદીશચંદ્ર પારેખ
મેનેજિંગ ડાયરેકટર

સ્થળ: અમદાવાદ. ભારત
તારીખ: ફેબ્રુઆરી 15, 2024

## આ સિસ્ટમની કોમ્યુનિકેશન સ્પીડ રેડિયો ફ્રીક્વન્સી અને એકોસ્ટિક તરંગો કરતા વધુ છે

# અંડરવોટર વાયરલેસ ઓપ્ટિકલ કોમ્યુનિકેશન તૈયાર, જાણો તે કેવી રીતે મદદ કરશે નેવીને

નવી દિલ્હી | તા.15

આઈઆઈટી જમ્મુએ અન્ડરવોટર વાયરલેસ ઓપ્ટિકલ કોમ્યુનિકેશન સિસ્ટમ તૈયાર કરી છે. જેના દ્વારા નેવી દરિયાકાંઠાના સંરક્ષણને મજબૂત કરી શકશે. આ સિસ્ટમ દ્વારા નેવી માહિતીને એક કિનારાથી બીજા કિનારા સુધી વધુ સુરક્ષિત, ઝડપી અને વધુ ડેટા સાથે ટ્રાન્સમિટ કરી શકશે. આ સિસ્ટમની કોમ્યુનિકેશન સ્પીડ રેડિયો ફ્રીક્વન્સી અને એકોસ્ટિક તરંગો કરતા વધુ છે. આ સિસ્ટમ ભારતીય નેવી માટે તટીય ક્ષેત્રના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે. કરી રીતે કામ કરે છે આ સિસ્ટમ આ સિસ્ટમ 100 થી 300 મીટર સુધી ડેટા પહોંચાડી શકે છે. તેમજ ઓછા સમયમાં પાણીની અંદર વાયરલેસ ઓપ્ટિકલ ટ્રાન્સમિશન પાણીના ગુણધર્મોને ધ્યાનમાં રાખીને ઓછા સમયમાં કાર્ય કરશે. આ સિસ્ટમને સેન્સર અને લેસર દ્વારા પાણીની અંદર સ્થાપિત કરી શકાય છે. સિસ્ટમ માટે મુખ્યત્વે ટ્રાન્સમિટર અને રીસીવરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટ્રાન્સમિટર ઓપ્ટિકલ સિગ્નલ મોકલે છે અને રીસીવર દ્વારા, જહાજ વગેરે પર સ્થાપિત એન્ટેનામાંથી સિગ્નલ પ્રાપ્ત કરી શકાય છે. આ સિગ્નલનો ઉપયોગ ડ્રોનમાં પણ થઈ શકે છે. અંડરવોટર ઓપ્ટિકલ કોમ્યુનિકેશન તેની ઉચ્ચ બેન્ડવિડ્થ, રિસ્પોન્સ સ્પીડ અને સુરક્ષાને કારણે ટેલિકોમ્યુનિકેશન જગતમાં મહત્વપૂર્ણ બની ગયું છે. એકોસ્ટિક તરંગો, રેડિયો ફ્રીક્વન્સી અને ઓપ્ટિકલ તરંગો દ્વારા પાણીની અંદર વાયરલેસ સંચાર શક્ય છે. ઓપ્ટિકલની બેન્ડવિડ્થ એકોસ્ટિક તરંગો અને રેડિયો ફ્રિકવન્સી કરતાં વધુ છે, તેથી ઓછા સમયમાં વધુ માહિતી મોકલી શકાય છે.



## પાણીની પાઇપલાઇન નાંખવા જતા ડ્રેનેજની લાઇન તોડી નંખાઇ

ગાંધીનગર | સ્માર્ટ સિટી હેઠળ ગાંધીનગરમાં ચાલી રહેલા પાણી અને ગટરલાઈનના કામોને કારણે વસાહતીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આનંદનગર મકાન નં. 81 ખાતે રહેતા નવીનભાઈએ જણાવ્યું છે કે થોડા સમય અગાઉ આ વિસ્તારમાં ડ્રેનેજની લાઈન નાંખવામાં આવી હતી. આ એજન્સીઓ વચ્ચે સંકલનના અભાવે સામાન્ય નાગરિકોને તકલીફ વેઠવી પડે છે. સેક્ટર-27 આનંદનગરમાં પાણીની પાઈપલાઈન નાંખવા જતા એક ઘરની ડ્રેનેજ લાઈન તૂટી જતાં હવે વસાહતીને પોતાના ખર્ચે કામગીરી કરાવવા પર મજબૂર કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ ઉઠી છે.

સિટી એક્સપ્રેસ
FRIDAY 16 FEBRUARY-2024
AHMEDABAD

## સરગાસણમાં માલિકીનું કન્ટેનર પડોશીએ બારોબાર ભાડે ચઢાવ્યું

ગાંધીનગર | સરગાસણમાં માલિકીની જમીનમાં મુકવામાં આવેલુ કન્ટેનર પડોશી વ્યક્તિએ માલિકની જાણ બહાર અન્ય વ્યક્તિને ભાડે આપી દીધુ હતુ. જ્યારે માલિક તેનુ કન્ટેનર જોવા જતા પડોશીને કન્ટેનર કેમ હટાવ્યુ કહેતા ઉશ્કેરાઇ ગયા હતા અને માલિક અને તેની પત્ની તથા તેના દિકરાને ગાળો બોલી તેની ઉપર હુમલો કર્યો હતો. જેને લઈને હુમલો કરનાર માતા અને પુત્ર સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ મગનભાલ પોપટભાઈ પરમાર મૂળ સરગાસણના વતની છે અને હાલ ચાંદખેડામાં રહે છે અને ખાનગી કામગીરી કરે છે.



### રાજ્યસભાના ભાજપના 4 ઉમેદવારોએ ફોર્મ ભર્યા

# જે. પી. નડ્ડા, ગોવિંદ ધોળકિયા, મયંક નાયક અને જસવંતસિંહે ઉમેદવારી નોંધાવી, કાર્યકરોનો મેળાવડો

અમદાવાદ | તા.15

આગામી 27 ફેબ્રુઆરીએ રાજ્યસભાની ચૂંટણી યોજાનાર છે. ત્યારે ભાજપે પોતાના ચાર ઉમેદવારો જાહેર કરી દીધા છે. જેમાં જે.પી. નડ્ડા, ગોવિંદ ધોળકિયા, મયંક નાયક અને જસવંતસિંહ પરમારે ઉમેદવારી નોંધાવી દીધી છે. જોકે, ઉમેદવારી પત્ર ભરે એ પહેલા વિધાનસભા ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોનો જમાવડો જામ્યો હતો. ઢોલ-નગારાના તાલે ચારેય ઉમેદવારો ઉમેદવારી નોંધાવી હતા. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યસભાના ચાર ઉમેદવારમાંથી ત્રણ ઉમેદવાર ગુજરાતી છે, જ્યારે એક આયાતી એવા જે.પી.નડ્ડા છે. રાજ્યમાંથી ઝોનવાઇઝ પ્રતિનિધિત્વની વાત કરીએ તો ગોવિંદ ધોળકિયા મૂળ સૌરાષ્ટ્રના છે અને હાલ સુરતમાં રહેતા હોવાથી તેઓ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરશે તેમજ જશવંતસિંહ પરમાર મધ્ય ગુજરાતનું અને મયંક નાયક ઉત્તર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

**કોણ છે જે.પી. નડ્ડા? :** ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા, જેમને જે.પી.નડ્ડાના નામથી પણ ઓળખવામાં



આવે છે. જે.પી.નડ્ડાનો જન્મ બિહારના પટનામાં વર્ષ 1960માં થયો હતો. તેમનો કોલેજ સુધીનો અભ્યાસ BA અને LLB સુધી પટનામાંથી જ થયો છે, સાથે તેઓ શરૂઆતથી જ ABVPના કાર્યકર રહ્યા હતા. તેઓ સૌ પ્રથમવાર 1993માં હિમાચલ પ્રદેશથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. એ બાદ તેઓ રાજ્ય અને કેન્દ્રમાં પણ મંત્રી તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યા છે. વર્ષ 1994થી 1998 સુધી તેઓ વિધાનસભામાં પાર્ટીના નેતા પણ રહી ચૂક્યા છે. તો મોદી સરકારના પહેલા કાર્યકાળમાં જેપી નડ્ડાને આરોગ્યમંત્રી પણ બનાવવામાં આવ્યા હતા.

**જસવંતસિંહ પરમાર ડોક્ટર, હોસ્પિટલ ચલાવે છે :** ગોધરાના વતની એવા ડો.જશવંતસિંહ પરમારનો જન્મ 15 જૂન, 1975ના રોજ થયો હતો. તેમના પિતા સલામસિંહ પરમાર પ્રિન્સિપાલ હતા. તેમણે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી MBBS અને NHL મેડિકલ કોલેજમાંથી MS(માસ્ટર ઓફ સર્જરી) કર્યું છે. હાલ તેઓ ગોધરામાં ભાગ્યોદય હોસ્પિટલ ચલાવી રહ્યા છે તેમજ તેઓ વાઘજીપુરમાં એક પેટ્રોલપંપ પણ ધરાવે છે.

**મયંક નાયક રિક્ષા ચલાવતા હતા :** મયંક નાયકે પોતાની યુવાનીમાં ડબલ એન્જિનિયરિંગ કર્યું છે. ઓછા પગારમાં નોકરી મળતા તેઓએ નોકરી કરવાને બદલે રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવ્યું સાથે ભાજપમાં પાયાના કાર્યકર તરીકે જોડાઈ તાલુકા પંચાયત સીટ પર જીત મેળવી હતી. મયંક નાયકના ભાઈ ડો. અનિલ નાયકે દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, મયંકભાઈએ અમદાવાદથી ડબલ એન્જિનિયરિંગ કર્યું છે. મિકેનિકલ અને ઓટો મોબાઈલ ડિપ્લોમા અને કોલેજમાં જી.એસ.પણ બનેલા અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઘરે આવ્યા બાદ જોઈએ એવી નોકરી ના મળી. નોકરીવાળાએ સમયે 250 રૂપિયા પગાર આપતા જેથી મયંકભાઈએ નોકરી ના કરી અને 1989ની સાલમાં તેઓએ રિક્ષા લાવી લાખવડથી મહેસાણા રિક્ષા ચલાવી મહિને 1000 કમાણી કરતા હતા.

### 11 જિલ્લાઓમાંથી 14.54 લાખ કિલો અનાજ સગેવગે

# રાજ્યમાં સૌથી વધુ 4.99 લાખ કિલો સરકારી અનાજ સુરતમાં સગેવગે થયું

સુરત | તા.15

રાજ્ય સરકારી અનાજની દુકાનો પર ચાલતાં કૌભાંડના આંકડા વિધાનસભા સત્રમાં સરકાર દ્વારા રજુ કરવામાં આવ્યા છે. જેના અનુસાર આંકડાઓ મુજબ 11 જિલ્લાઓમાંથી 14 લાખ 54 હજાર કિલો અનાજનો સગેવગે થયો હોવાનું સામે આવ્યું છે. આ વચ્ચે સુરતમાં સૌથી વધુ 4.99 લાખ કિલો સરકારી અનાજ સગેવગે કરવામાં આવ્યું છે.

વિધાનસભા ગૃહમાં જ્યારે કોંગ્રેસ ધારાસભ્યોએ રાજ્યમાં સરકારી અનાજ સગેવગે થવા અંગે પ્રશ્ન પૂછ્યા હતા ત્યારે સરકારી અનાજ સગેવગે થયાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. માં રાજ્યના 11 જિલ્લામાંથી સરકારી અનાજ સગેવગે થયાના આંકડા સામે આવ્યા છે. જે મુજબ 11 જિલ્લાઓમાંથી 14 લાખ 54 હજાર કિલો અનાજનો સગેવગે થયો છે.

**કરોડોનું અનાજ સગેવગે કરવામાં આવ્યું**



એટલું જ નહીં કુલ 11 જિલ્લામાં રૂ.2 કરોડ 57 લાખની કિંમતનો જથ્થો સગેવગે થયો હોવાનું ગૃહમાં જણાવાયું છે. કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્ન પર સરકારે આ જવાબ આપ્યો હતો. મહત્વનું છે કે, સુરતમાં સૌથી વધુ 4.99 લાખ કિલો અનાજનો જથ્થો સગેવગે થયો તો સાબરકાંઠા જિલ્લામાં 4.77 લાખ કિલો સરકારી અનાજનો જથ્થો સગેવગે કરવામાં આવ્યું છે.

**અન્ન આયોગનો રિપોર્ટ રજુ**

જ્યારે બીજી તરફ વિધાનસભા ગૃહમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વર્ષ 2022-23નો અહેવાલ રજૂ કરાયો છે, અહેવાલ અનુસાર, અન્ન આયોગને તા. 1-4-2022થી 31-03-2023 સુધીમાં વાજબી ભાવની દુકાનેથી અનાજનો પૂરતો જથ્થો નહિ મળવા, અનાજ ગુણવત્તાસભર ન હોવાના સહિતની અલગ અલગ કુલ 934 ફરિયાદો મળી છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે, જે અરજી કે ફરિયાદો મળી હતી તેવા કિસ્સામાં હકારાત્મક નિકાલ કરાયો છે.

## ખાદી જગતના દિગ્ગજ દેવેન્દ્રભાઇ દેસાઇનું 89 વર્ષની વયે નિધન

અમદાવાદ | સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અને K.V.I.C ના પૂર્વ ચેરમેન દેવેન્દ્રભાઇ દેસાઈનું અમદાવાદ ખાતે નિધન થયેલ છે. તેમની અંતિમ યાત્રા બપોરે 2 કલાકે ગુજરાત ખાદીગ્રામોદ્યોગ વસ્ત્રાગાર અમદાવાદથી નીકળશે. તેઓ દેશના ખાદી બોર્ડના ચેરમેન પણ રહી ચૂક્યા છે. આશરે 89 વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે અંતિમ શ્વાસ લીધા છે. છેલ્લા ઘણા સમયથી બીમાર હતા અને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા. દેવેન્દ્રભાઈ દેસાઈ ખાદીગ્રામ, ઉદ્યોગ તથા ગામડાના વિકાસ અને સહકારી ક્ષેત્રમાં છેલ્લા 50 વર્ષથી સક્રિય હતા.

### પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે ખૂબ સરળ પ્રકારની ઘડવામાં આવી

# ધો. 10, 12 બોર્ડનું પરિણામ એક મહિના વહેલું જાહેર થશે

■ **ઉચ્ચ અભ્યાસની પ્રવેશ પ્રક્રિયામાં પણ ખૂબ ઝડપ આવશે**

અમદાવાદ | તા.15

ધો. 10, 12 બોર્ડનું પરિણામ 1 મહિના વહેલું જાહેર થશે. જેમાં એપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહમાં પરિણામ જાહેર થશે. મૂલ્યાંકનમાં અનેક ફેરફારના લીધે પરિણામ વહેલા આવશે. વહેલા પરિણામથી એડમિશન પ્રક્રિયા ઝડપી થશે. માર્ચ 2024ની પરીક્ષાનું પરિણામ અપ્રિલના બીજા કે ત્રીજા વિકમાં આપવાની બોર્ડની તૈયારી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાના સમગ્ર માળખામા ફેરફાર કરવાની સાથેસાથે મૂલ્યાંકન કામગીરીમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. શિક્ષણ બોર્ડના અત્યારના આયોજન મુજબ ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાનું પરિણામ દર વર્ષની સરખામણીએ સવાથી દોઢ મહિનો વહેલું એટલે કે, તા. 15થી 20 એપ્રિલ-2024ની વચ્ચે જાહેર કરી દેવામાં આવશે. બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલુ જાહેર થવાના લીધે ઉચ્ચ અભ્યાસની પ્રવેશ પ્રક્રિયામાં પણ ખૂબ ઝડપ આવશે. ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે ખૂબ સરળ પ્રકારની ઘડવામાં આવી છે, જેના કારણે પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો આવશે તેવો શિક્ષણ વિભાગ દ્વારા દાવો કરાયો છે. બીજી તરફ હવે પરિણામમા જે વિલંબ થતો હતો તેમાં મોટો ઘટાડો કરવાનું આયોજન કરાયું છે. આ વખતે ધોરણ.10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ આગામી તા.11 માર્ચ-2024થી શરૂ થશે. જેમાં ધોરણ.10 અને 12 સાયન્સની પરીક્ષા તા.22 માર્ચના રોજ અને ધોરણ.12 સામાન્ય પ્રવાહની પરીક્ષા તા.26મી માર્ચના રોજ પૂર્ણ થશે. એ પછી તા.15થી તા.20 એપ્રિલની વચ્ચે જાહેર કરવાનું આયોજન કરાયું છે.

# આખરે દુષ્કર્મ કેસ મામલે કેડિલાના CMD રાજીવ મોદી પોલીસ સ્ટેશનમાં હાજર થયા

અમદાવાદ | તા.15

અમદાવાદના કેડીલાનાં રાજીવ મોદી સામે નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદ મામલે મહત્વના સમાચાર સામે આવ્યા છે. દુષ્કર્મની ફરિયાદ બાદ છેલ્લા ઘણા સમયથી પોલીસની પકડથી દૂર રહેલા કેડિલાના MD રાજીવ મોદી હવે અચાનક જ પોલીસ સમક્ષ હાજર થયા છે. રાજીવ મોદી અચાનક જ સોલા પોલીસ સમક્ષ હાજર થયા છે. જે બાદ સોલા પોલીસ દ્વારા રાજીવ મોદીનું નિવેદન નોંધવામાં આવ્યું છે. આ કેસમાં ફરિયાદી બલ્ગેરિયન યુવતીને પણ પોલીસ નિવેદન માટે બોલાવી હતી,



પરંતુ ફરિયાદી યુવતી નિવેદન આપવા નહિં આવતા હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. રાજીવ મોદી સામે બલ્ગેરિયન યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યા બાદ આ કેસમાં અનેક વળાંકો આવ્યા હતા. હાઈ પ્રોફાઈલ ગણાતા આ કેસમાં રાજીવ મોદી ઘણા સમયથી બહાર હતા અને તેઓ આ કેસમાં કેટલા જવાબદાર છે અથવા ફરિયાદ પ્રમાણે આરોપી છે, તો તે અંગેની વિગતો મેળવવા માટે સોલા પોલીસ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ પહેલા દુષ્કર્મનો કેસ દાખલ કરનાર બલ્ગેરિયન યુવતી અચાનક ગાયબ થઈ જતાં અનેક ચર્ચાઓ વહેતી થઈ હતી. જો કે બલ્ગેરિયન યુવતી તેમના વતન પરત જતી રહી હોવાનો ખુલાસો થયો હતો.

યુવતીએ રાજીવ મોદી સામે ફરિયાદ નોંધાવવા માટે છેક હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જે બાદ હાઈકોર્ટે ફરિયાદ કરવાનો હુકમ કરતાં અંતે સોલા પોલીસ સ્ટેશનમાં રાજીવ મોદી અને કેડિલાના HR મેનેજર જોન્સન મેથ્યુ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

## ઓનલાઇન પ્લેટફોર્મ પર ડ્રોન વેચતી કંપનીઓની પોલીસે તપાસ શરૂ કરી

અમદાવાદ |અમદાવાદ એરપોર્ટના રન- વે પરથી મળેલા ડ્રોનને લઈને સુરક્ષાના લીરેલીરા ઉડ્યા છે. 6 ફેબ્રુઆરીના રોજ બનેલી ઘટનાને 9 દિવસ થઈ ગયા છતાં હજુ સુધી આ ડ્રોન કોણે ઉડાડ્યું હતું અને કયા ડાયરેક્શનથી રન-વે તરફ આવ્યું તેને લઈને પોલીને સુધી કોઈ કડી મળી નથી. ઓનલાઈન પ્લેટફોર્મ પર ડ્રોનનું વેચાણ કરતી જુદી જુદી ઈ - કોમર્સ કંપનીની પણ તપાસ હાથ ધરી છે. આ ઘટનાના મામલે સીઆઈએસએફની બેદરકારી બહાર આવી છે. એરિયા તેમના અંડરમાં આવતો હોવાથી સીઆઈએસએફ હેડક્વાર્ટસે રિપોર્ટ મંગાવ્યો છે.

# આગામી નાણાવર્ષમાં દરેક ગુજરાતીએ સરેરાશ 20,580 રૂપિયા ટેક્સ ભરવો પડશે

અમદાવાદ | તા.15

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં નાણાવર્ષ 2024-25નું 3.32 લાખ કરોડનું બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. પાથેય બજેટ સેન્ટર દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં જણાવાયું છે કે 2024-25માં રાજ્યની કરવેરાની કુલ આવક 1.91 લાખ કરોડ રૂપિયા હશે. જે પૈકી 78% એટલે કે 1.49 લાખ કરોડ રૂપિયાની આવક રાજ્યના કરવેરા થકી થશે. પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટ મુજબ 2024માં ગુજરાતની અનુમાનિત વસતિ 7.24 કરોડ છે. 2024-25 દરમિયાન રાજ્યનો દરેક નાગરિક સરેરાશ 20,580 રૂપિયા વિવિધ કરવેરા હેઠળ ટેક્સ ભરશે. જીએસટી, જમીન મહેસૂલ, સ્ટેમ્પ, નોંધણી, વીજ શુલ્ક, મનોરંજન કર, વ્હીકલ ટેક્સ વગેરેનો સમાવેશ થાય છે. નાગરિકો પર માથાદીઠ ખર્ચ દરેક વર્ષે વધી રહ્યો છે. 2022-23માં માથાદીઠ ખર્ચ 33,492 હતો. પાથેય બજેટ સેન્ટરના વિશ્લેષણમાં જણાવાયું છે કે દર વર્ષે નાગરિક પર થતા માથાદીઠ ખર્ચમાં પણ વધારો થયો છે. 2022-23માં માથાદીઠ ખર્ચ 33,492 હતો, જે 2023-24ના સુધારેલા અંદાજ પ્રમાણે 40,508 રૂપિયા થયો છે અને આગામી 2024-25માં 45,921 રૂપિયા હશે. નાગરિકો પર કરવામાં આવતા આ ખર્ચમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સેનિટેશન, સામાજિક સુરક્ષા, સંકલિત વિકાસ, સિંચાઇ, ઉદ્યોગો, ઊર્જા ,રોડ-રસ્તા વગેરેનો સમાવેશ થાય છે.

# સરદારનગરમાં દારૂના કટિંગ વખતે જ દરોડો 8 બુટલેગર નાસી ગયા,1260 બોટલ જપ્ત

અમદાવાદ | તા.15

સરદારનગરના બુટલેગરોએ રાજસ્થાનથી દારૂ ભરેલી ગાડી મગાવી હોવાની બાતમીના આધારે પીસીબીની ટીમે દરોડો પાડયો હતો. જો કે પોલીસને જોઈને 6 થી 8 બુટલેગરો ટુ વ્હીલર ત્યાં જ મૂકીને કાર લઈને ભાગી ગયા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 1260 બોટલ તેમજ 4 ટુ વ્હીલર મળીને કુલ રૂ.5.05 લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સરદારનગરના બુટલેગર હર્ષદ ઉર્ફે મુંગડો જેલિયાભાઈ તમંચે રાજસ્થાનથી દારૂ-બીયરનો જથ્થો ભરેલી ગાડી મગાવી હતી અને તે ગાડીમાંથી દારૂની બોટલો ટુ વ્હીલરમાં ભરીને નાના બુટલેગરો



લઈ જવાના હતા. આ બાતમીના આધારે પીસીબી પીઆઈ એમ.સી. ચૌધરી એ ટીમ સાથે સરદારનગર કુબેરનગર કચ્છીપાડાની ખુલ્લી જગ્યામાં દરોડો પાડયો હતો. જો કે પોલીસ પહોંચી ત્યારે એક ગાડીમાંથી દારૂ-બીયરની પેટીઓ ખુલ્લી જગ્યામાં ઉતારવામાં આવી રહી હતી અને કેટલાક બુટલેગરો ટુ વ્હીલરો લઈને દારૂ લેવા આવ્યા હતા. જો કે પોલીસને જોઈને 2 બુટલેગર ગાડીમાં જ્યારે અન્ય 5 થી 6 બુટલેગર ટુ વ્હીલર ત્યાં જ મૂકીને ભાગ્યા હતા. પોલીસે દારૂની 1260 બોટલ અને 4 ટુ વ્હીલર મળીને કુલ રૂ.5.05 લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે વાહનના આધારે હર્ષદ ઉર્ફે મુંગડો, રોનક ઉર્ફે ગભરુ તમાયચે, અનિલ તેલગુના સામે ગુના નોંધી તપાસ શરૂ કરી છે. દારૂના 7 કેસ પણ પોલીસ હજુ પકડી શકતી નથી હર્ષદ ઉર્ફે મુંગડો સરદારનગર વિસ્તારમાં વર્ષોથી દારૂ- જુગારનો ધંધો કરે છે. છેલ્લા 2 મહિનામાં વિવિધ એજન્સીઓએ મુંગડા ઉપર દારૂના 7 કેસ કર્યા છે, પરંતુ હજુ સુધી તે એક પણ કેસમાં પકડાયો નથી અને હજુ પણ બેરોકટોક દારૂ - જુગારના ધંધા ચલાવી રહ્યો છે.

### વિદ્યાર્થીદીઠ 10 હજારનો દંડ કેમ ન કરવો જોઈએ?

# ઉદગમ સ્કૂલે RTEના 143 વિદ્યાર્થીનું પરિણામ અટકાવતાં ડીઈઓની નોટિસ

અમદાવાદ | તા.15

થલેતજની ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન્સમાં પ્રાથમિક વિભાગમાં વિવિધ ધોરણોમાં આરટીઈ હેઠળ પ્રવેશ લેનારા 143 વિદ્યાર્થીનાં પ્રથમ પરીક્ષાનું પરિણામ સ્કૂલ મેનેજમેન્ટે રોકી રાખ્યું હોવાની શહેર ડીઈઓને રજૂઆત કરાઈ હતી. આ બાબતની નોંધ લઈને શહેર ડીઈઓએ સ્કૂલને નોટિસ ફટકારી છે. ઉપરાંત સરકાર તરફથી અપાયેલી સૂચનાનું પાલન નહિ કરાય તો વિદ્યાર્થી દીઠ 10 હજારનો દંડ કેમ ન કરવો તે બાબતે ખુલાસો કરવાનો આદેશ આપ્યો છે. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન્સમાં પ્રાથમિક વિભાગનાં ધોરણોમાં આરટીઈ હેઠળ 143 વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે. આ પ્રવેશ લેતી વખતે વિદ્યાર્થીઓના વાલીઓએ આવકની વિગતો દર્શાવવામાં ફ્રોડ કર્યું હોવાની સ્કૂલ મેનેજમેન્ટે શહેર ડીઈઓ કચેરીએ લેખિતમાં રજૂઆત કરી હતી, જેના પગલે આ પ્રવેશ બાબતે શહેર ડીઈઓ કચેરીએ હીયરિંગ હાથ ધર્યું છે. હજી આ બાબતે નક્કર નિર્ણય લેવાનો બાકી છે. આવી પરિસ્થિતિમાં ઉદગમ સ્કૂલના મેનેજમેન્ટે આરટીઈ હેઠળ પ્રવેશ લેનારા 143 વિદ્યાર્થીની પરીક્ષાનાં પરિણામ રોકી દેતા વાલીઓ અને એનએસયુઆઈએ શહેર ડીઈઓને રજૂઆત કરી હતી.

### સ્થાનિક લોકો દ્વારા મકાનો તોડવા મામલે વિરોધ કરવામાં આવ્યો હતો

# અમદાવાદમાં મેગા ડિમોલેશન | સુભાષબ્રિજ નજીક 150થી વધુ ગેરકાયદેસર મકાનો અને ઝુંપડાઓ તોડી નાખ્યાં

અમદાવાદ | તા.15

અમદાવાદના સુભાષ બ્રિજ નજીક આવેલી જનકપુર સોસાયટી પાસે 150થી વધુ ગેરકાયદેસર મકાનો અને ઝુંપડાઓના મેગા ડિમોલેશનની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન દ્વારા કરવામાં આવી છે. સૌથી વધુ પોલીસ કર્મચારીઓના પોલીસ બંદોબસ્ત સાથે આજે સવારે 10:30 વાગ્યે એસ્ટેટ વિભાગની ટીમો દ્વારા મકાનો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી.સ્થાનિક લોકો દ્વારા મકાનો તોડવા મામલે વિરોધ કરવામાં આવ્યો હતો. સ્થાનિક મહિલાઓ દ્વારા વિરોધ કરવામાં આવતા પોલીસ અને સ્થાનિક લોકો



સાથે ઝપાઝપી થઈ હતી ત્યારબાદ પોલીસે ટોળાને કાબુમાં લઈ ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરના સુભાષબ્રિજ નજીક આવેલી જનકપુર સોસાયટી પાસે ખાડીયાની ચાલીમાં 150થી વધુ ઝુપડા અને મકાન આવેલા છે ચીમનભાઈ બ્રિજ નવો બનાવવાનો હોવાથી ત્યાં નવી એક પાર્ક રોડ ઉપર ઉતરે છે જેના કારણે આ તમામ ગેરકાયદેસર મકાનોને તોડવા માટે આજે પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારી મહેશ તાવિયાડ અને તેમની ટીમો દ્વારા મેગા ડિમોલેશન શરૂ કરવામાં આવ્યું હતું. એલ ડિવિઝન એસીપી ડી. વી રાણા અને એ ડિવિઝનના એસીપી જયેશ બ્રહ્મભટ્ટ સહિત દસથી વધુ PI , PSI અને 100થી વધુ પોલીસ કર્મીઓ સાથે મકાનો તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તમામ લોકોના સામાન બહાર કાઢી લેવા સમજાવટ છતાં ન માનતા એસ્ટેટ વિભાગની ટીમની મદદથી સામાન બહાર કાઢવામાં આવ્યો હતો. સવારે 9 વાગ્યે પોલીસ અને એસ્ટેટ વિભાગની ટીમ પહોંચતા સ્થાનિક લોકો દ્વારા વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો. મહિલાઓ ધારણા ઉપર ઉતરી ગઈ હતી. એક કલાકની સમજાવટ છતાં પણ સ્થાનિકો માન્યા નહોતા. ત્યારબાદ પોલીસની મદદથી એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા મકાનો તોડવાની શરૂઆત કરવામાં આવતા સ્થાનિક મહિલાઓ વિરોધ પર ઉતરી આવી હતી. જેને લઈ મહિલા પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી જોકે તમામને પોલીસે કાબુમાં લઈ તોડવાની કામગીરી હાથ ધરી હતી. દબાણો દૂર કરવાની કાર્યવાહી દરમિયાન પણ મહિલાઓએ વિરોધ શરૂ કર્યો હતો.

# મણિનગરમાં ભેખડ ધસી પડવાની ઘટના મામલે ડેવલોપરની સાઈટની રજા ચિઠ્ઠી રદ કરી દેવામાં આવી

### આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક દોડી ગયા હતા

અમદાવાદ | તા.15

અમદાવાદમાં મણિનગર વિસ્તારમાં સ્વામિનારાયણ કોલોનીમાં નવી બનતી શ્રીજી એલીગન્સ નામની કન્સ્ટ્રક્શન સાઈટ પર ભેખડ ધસી પડતા ચાર લોકો દટાયા હતા. જેમાં એક લેબર કોન્ટ્રાકટર ચિરાગભાઈનું મૃત્યુ થયું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આ મામલે શ્રીજી એલીગન્સના ડેવલપર શ્રીજી ઈન્ફ્રાની રજાચિઠ્ઠી સસ્પેન્ડ કરી દઈ અને કામ બંધ કરાવ્યું છે. કન્સ્ટ્રક્શન સાઈટના એન્જિનિયર સ્ટ્રક્ચર એન્જિનિયર અને ક્લાસ ઓફ વર્કસનું પણ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યું છે. ભેખડ ધસી પડવાની ઘટના બની તે દરમિયાન બાંધકામ સાઈટ ડેવલોપર સહિતના કોઈ જવાબદાર લોકો ત્યાં હાજર નહોતા. ઘટના મામલે કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરોની સેફટીના નિયમોનું પાલન કરી કામગીરી કરવામાં આવી હતી કે કેમ તે વગેરે અંગે તપાસ કરવામાં આવશે. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ મણિનગર સ્વામિનારાયણ કોલોનીમાં શ્રીજી એલીગન્સ નામની કન્સ્ટ્રક્શન સાઈટ પર શ્રીજી ઈન્ફ્રા દ્વારા સ્કીમનું બાંધકામ ચાલતું હતું. બુધવારે બપોરે 12 વાગ્યાની આસપાસ મજૂરો કામ કરતા હતા ત્યારે ભેખડ ધસી પડી હતી. જેમાં કુલ ચાર લોકો દટાયા હતા. આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક દોડી ગયા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેમાં એક વ્યક્તિને સ્થાનિક લોકોએ તાત્કાલિક બહાર કાઢી લીધો હતો. જ્યારે શાંતિબેન, પાયલબેન અને ચિરાગભાઈ નામના ત્રણ લોકોને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બહાર કાઢી સારવાર માટે એલજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં લેબર કોન્ટ્રાક્ટર ચિરાગભાઈનું મૃત્યુ થયું હતું. અમદાવાદ ફાયર બ્રિગેડના ડેપ્યુટી ફાયર ઓફિસર ઓમ જાડેજાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 11:30 વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ ફોન મળ્યો હતો. જેમાં ચાર લોકો દટાયા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...